વિના (કબરોમાંથી) ઉઠાવવામાં આવશે. ત્યાર પછી તેઓને જન્નતમાં એક વૃક્ષ પાસે લઈ જવામાં આવશે, જ્યાં તેઓ લિબાસ પહેરશે. પછી ન તો તેમના કપડાં જુના થશે ન તો તેમની ઉમરમાં કોઈફરક પડશે.

નોટ : શરીર ઉપર વાળ ન હોવાનો અર્થ એ છે કે ફક્ત મરદો અને ઔરતોના માથાના વાળ હશે. બીજી કોઈ જગ્યાએ વાળ નહીં હોય. માટે કરીને શરીરના વાળ નાપાકીની હાલતમાં અલગ કરવા જોઈએ નહીં. કેમ કે કબરમાંથી ઉઠતી વેળાએ ઈન્સાનના માથાના વાળનો હિસ્સો બતાવી દેવામાં આવશે. જો વાળ નાપાકીની હાલતમાં જુદા કરવામાં આવશે તો તે એ જ હાલતમાં ઈન્સાનના શરીર પર પાછા ફરશે.

નાના-મોટા દરેકની એક જ ઉમર હશે

હદીસ : હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.) ફરમાવે છે કે જનાબ સય્યદે દો આલમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

''મન્ માત મન્ અહ્લિલ્ જન્નતિ મિન્ સગીરી અવ્ કબીરી ચર્દૂન બની સલાસીન સુન્નત ફિલ્ જન્નતિ લા ચઝીદૂન અલચ્હા અબ્દી અવ્ કઝ્લક અહ્લુન્નાર.''

તરજુમો : જન્નતીઓમાંથી નાની કે મોટી ઉમરનો કોઈ ગુજરી જાય છે તો તેમને ૩૦ વરસની ઉમરમાં જન્નતમાં દાખલ કરવામાં આવશે. તેમની ઉમર આનાથી ક્યારેય વધશે નહીં. દોઝખીઓની ઉમર પણ એવી જ હશે.

ફાયદો : આ હદીસમાં પણ કસરને છોડી દેવામાં આવી છે. સંપૂર્ણ ઉમર ૩૩ વરસ હશે, જેમ કે એ હદીસોથી માલુમ પડે છે, જેમાં કસરનો પણ ઉલ્લેખ છે.

ચહેરાઓમાં નેઅમતોની સુંદરતા

અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે :

إِنَّ الْأَبْرَارَ لَفِي نَعِيمٍ ﴿٢٢﴾ عَلَى الْأَرَائِكِ يَنظُرُونَ ﴿٢٣﴾
تَعْرِفُ فِي وُجُوهِهِمْ نَضْرَةَ النَّعِيمِ ﴿٢٤﴾ (المطففين ٨٣:٢٢-٢٤)

તરજુમો : નેક લોકો ભારે આસાઈશમાં હશે. પોતાના આસનો પર (બેસી બેહિશ્તની અજાયબીઓ) જોતા હશે. (અય સંબોધક !) તુ તેમના ચહેરાઓમાં આસાઈશની સુંદરતા જોઈશ.

તફસીર : નદરતન્નઈમની તફસીરમાં અલ્લામા માવરદી ફરમાવે છે કે તેની ચાર તફસીરો છે : (૧) તેનો અર્થ જન્નતીઓના ચહેરાઓની તરોતાજગી અને ખુશહાલી છે. (૨) તેનો અર્થ જન્નતીઓના ચહેરાઓની ચમક–દમક પણ થાય છે. (૩) જન્નતમાં એક ઝરણું છે, જયારે જન્નતી હઝરાત તેનાથી વુઝૂ કરશે કે સ્નાન કરશે તો તેમના ચહેરાઓ ઉપર નેઅમતોની તાજગી જોવા મળશે. (૪) શાશ્વત–હંમેશ રહેનારી નેમઅતના કારણે ચહેરા ઉપર ખુશી છવાએલી રહેશે.

હંસતા-મુશ્કુરાતા ચહેરાઓ

અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે :

તરજુમો : જે લોકોએ નેકી કરી છે તેમના માટે ખૂબી (અર્થાત જન્નત) છે અને તેમના ચહેરાઓ ઉપર ન તો કદૂરત (ગમગીની છવાશે અને ન તો ઝિલ્લત. આ લોકો જન્નતમાં રહેનાર છે તો એ તેમાં હંમેશા રહેશે. અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે :

તરજુમો : સંખ્યાબંધ ચહેરાઓ તે દિવસે (ઈમાનના કારણે) રોશન (અને આનંદથી) ખુશખુશાલ હશે. એ દિવસે ઘણાં બધા રોનકદાર અને પોતાના નેક કાર્યોને લઈને ખુશ હશે અને બેહિશ્તે બરીંમાં હશે.

લિબાસ અને પોશાક

તરજુમો : બેશક, જે લોકો ઈમાન લાવ્યા અને તેમણે નેક અમલ કર્યા તો અમે તેવાઓનો બદલો નિરર્થક નહી જવા દઈશું. જેમણે સારી રીતે નેક કામ કર્યા (જેથી કરીને) આવા લોકો માટે હંમેશા રહેવા માટે બાગ છે. તેમની (મસાકિન) નીચે નહેરો વહેતી હશે. ત્યાં તેમને સોનાના કંગન પહેરાવવામાં આવશે અને લીલા રંગના બારીક અને મોટા રેશમના કપડાં પહેરવા મળશે અને ત્યાં તેઓ ગાદી–તકિયા લગાવી બેસેલા હશે. કેટલો સુંદર બદલો છે અને જન્નત (બેહિશ્ત) કેવી સુંદર જગ્યા છે.

લિબાસની તૈયારી

હદીસ : હઝરત ઈબ્ને અમ્ર (રદિ.) ફરમાવે છે કે એક શખ્સે અરજ ગુઝારી યા રસૂલલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ! આપ અમોને જન્નતવાળાઓના કપડાં વિશે ફરમાવો. શું તેમને નવી રીતે પેદા કરવામાં આવશે કે પછી તેમને બનાવવામાં આવશે ? આ સાંભળી કેટલાક હાજરજનો હંસી પડયા તો જનાબે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો : "તમો આ નાવાકિફના સંબંધમાં જે જાણનારથી સવાલ કરી રહયો છે કેમ હંસો છો ? પછી આપે ઈરશાદ ફરમાવ્યો. જન્નતનું ફળ લિબાસને જાહેર કરશે. આપે આ વાત બે વાર ઈરશાદ ફરમાવી.

હઝરત મુર્સદ બિન અબ્દુલ્લાહ ફરમાવે છે કે જન્નતમાં એક વૃક્ષ છે, જેનાથી સુન્દુસ (બારીક રેશમ) ઉગશે. જન્નતવાળાઓનો એ જ લિબાસ છે.

હઝરત અબૂ હુરૈરહ (રદિ.) ફરમાવે છે કે મુઅમિનનો મહેલ ખૌલદાર મોતીનો હશે, જેમાં ૪૦ ઓરડાઓ હશે. વચ્ચે એક ઝાડ હશે, જે પોશાકોને લગાવશે. તો મુઅમિન જઈને પોતાની આંગળીઓથી લુઅ્લુઉ અને જબર્જદ અને મરજાનના કામ કરેલા ૭૦ જોડાઓ ઉઠાવી લાવશે (અને તેનો ઉપયોગ કરશે.)

જન્નતના રેશમથી દુનિયાના રેશમનો શો મુકાબલો ?

હદીસ : હઝરત અનસ (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને બારીક રેશમનો એક ઝભ્ભો હદિયા રૂપે પેશ કરવામાં આવ્યો, જ્યારે કે આં હઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ રેશમની મનાઈ ફરમાવતા હતા, પરંતુ સહાબા હઝરાત તેની મુલાયમતાને જોઈ હેરાન થઈ ગયા. તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

''વલ્લઝી નફ્સ મુહમ્મદ બય્દા અન્ મન્દિલ સઅદ બિન મઆઝ ફિલ્ જન્નત અહ્સન મન્ હાઝા.''

મને એ ઝાતે કિબ્રિયાના સોગંદ જેના કબજામાં મારી જાન છે. જન્નતમાં હઝરત સઅદ બિન મઆઝ (રદિ.)નો રૂમાલ તેનાથી કંઈ અધિક સુંદર છે.

ગિલાફમાં છુપાએલા નફીસ અને રંગબેરંગી લિબાસ

હદીસ : હઝરત અબૂ ઉમામા (રદિ.)થી રિવાયત છે કે

જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો : તમારામાંથી દરેક પણ જ્યારે જન્નતમાં દાખલ થશે તો તેને (વૃક્ષ) તૂબા તરફ લઈ જવામાં આવશે અને એ માટે એ વૃક્ષના ગિલાફ ખોલવામાં આવશે અને તેમાંથી પોતે ચાહે તેવો (લિબાસ) લઈ લેશે. ચાહે સફેદ, ચાહે લાલ, ચાહે પીળો, ચાહે કાળો. એ લિબાસ નફીસ અને બારીક હશે.

લિબાસની રઅ્નાઈયાં

હઝરત કઅબ (રદિ.) ફરમાવે છે કે જો જન્નતના લિબાસોમાંથી જો કોઈ એ લિબાસ આજની દુનિયામાં પહેરી લે તો જે કોઈ તેને જોઈ લે (હુસ્નની રઅ્નાઈયોના કારણે તેનું મૃત્યુ થઈ જાય અને તેની આંખો તેના દશ્યને સહી ન શકે).

એક પળમાં ૭૦ રંગોમાં તબદીલ થનાર લિબાસ

હઝરત અકરમા (રદિ.) કહે છે કે જન્નતવાળાઓમાંથી જ્યારે કોઈ પોશાક પહેરશે તો એક જ પળમાં એ ૭૦ રંગોમાં વહેંચાઈ જશે.

કપડાઓ જુના નહી થાય

હદીસ : હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલે ખુદા સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

''મંય્યદ્ખુલિલ્ જન્નત યન્હુમ્ ફીહા લા યબાસ વલા તબ્લી સિયાબહુ વલા યફ્ની શબાબહ.''

તરજુમો : જે શખ્સ જન્નતમાં દાખલ થઈ ગયો એ તેમાં

ખૂબ નાઝ અને નેઅમતમાં રહેશે. એને કોઈ વાતની આવશ્યકતા નહી રહે. તેના ન તો કપડાં મેલાં–જૂના થશે કે ન તેનું યૌવન ખરાબ થશે.

હૂરોનો લિબાસ

હદીસ : હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે કે :

હૂરોનો જે પહેલો સમૂહ જન્નતમાં દાખલ થશે તેમના ચહેરાઓ ચૌદવીંના ચાંદની જેમ ચમકતા હશે. હૂરોની બીજી જમાઅત આકાશમાં ખૂબ ચમકનાર તારાની જેમ ઘણી ચમકનાર તેમાંથી દરેકને માટે હૂરોની બે–બે બીવીઓ દરેક બીવી પાસે ૭૦ પોશાકો હશે. તેમ છતાં તેમની પિંડલીઓનો ગુદા તેના ગોશ્ત (ની અંદર અને પોશાકોની અંદરથી એ પ્રમાણે દેખાતો હશે જાણે કે લાલ શરાબ શીશીમાં નજરે પડે છે.

જન્નતની ઔરતનો દુપટ્ટો

હદીસ : હઝરત અબૂ હુરૈરહ (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

તમારા એક કોળાની મિક્દાર જન્નતનો હિસ્સો દુનિયા અને દુનિયા જેવી બીજી દુનિયાથી ખૂબ ઉચ્ચ અને શ્રેષ્ઠ છે અને તમારી એક કમાન જેટલો જન્નતનો ભાગ દુનિયા અને તેના જેવી બીજી દુનિયાથી અધિક મૂલ્યવાન છેઅને જન્નતની ખાતૂનનો દુપટ્ટો દુનિયા અને તેના જેવી બીજી દુનિયાથી અધિક કિમતી છે.

તૂબાના વૃક્ષમાંના ફળોમાં છૂપાયેલ લિબાસ

ખાલિદુજ્જમીલ (રહ.) બયાન કરે છે કે મેં હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી સવાલ કર્યો કે (જન્નતીઓ માટે જન્નતનો લિબાસ ક્યાંથી આવશે ?) આપે ફરમાવ્યું : "જન્નતમાં એક વૃક્ષ છે, જેના ફળ દાડમના દાણા જેવા હોય છે. અલ્લાહનો દોસ્ત અને લિબાસ પહેરવા ચાહનાર લિબાસ પહેરવા ચાહશે તો એ (ફળ) ઝાડની ડાળ ઉપરથી તૂટીને નીચે પડી જશે અને ખૂલી જઈને રંગબેરંગ ૭૦ જોડ પેદા કરી દેશે. ત્યાર પછી એ પહેલાંની જેમ જ ડાળથી જોડાઈ જશે."

હદીસ : હઝરત અબૂ સઈદ (રદિ.)થી રિવાયત છે કે એક શખ્સે અરજ કરી કે યા રસૂલલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ! "તૂબા" શું છે ? તો આપે ઈરશાદ ફરમાવ્યો : "જન્નતમાં એક વૃક્ષ છે, જેની લંબાઈ ૧૦૦ વરસની છે. જન્નતીઓનો લિબાસ તેના ખોશાઓમાંથી નીકળશે.

હઝરત મુજાહિદ (રહ.) ફરમાવે છે કે (તૂબા) જન્નતમાં એક વૃક્ષ છે, જેના ફળ સ્ત્રીઓની છાતીઓ જેવા છે. તેમાં જન્નતીઓના લિબાસ હશે.

જન્નતી ઉપર લિબાસનું ગૌરવ

અમુક ઉલમા ફરમાવે છે કે મને એ વાત પહોંચી છે કે અલ્લાહ તઆલાનો દોસ્ત (મુઅમિન) જન્નતમાં એક પોશાક બે મ્હોંવાળો પહેરશે, જેઓ એક બીજાને સુંદર અવાજમાં જવાબ આપશે, જે મ્હોં જન્નતીના શરીરથી જોડાયેલું હશે એ કહેશે કે હું અલ્લાહ તઆલાના દોસ્તની નજીક અધિક મરતબો ધરાવું છું કેમકે હું તેના શરીરને સ્પર્શ કરું છું. તમો તેવું કરતા

નથી. અને એ મ્હોં જે જન્નતીની સામે હશે તો એ કહેશે કે હું તેનો ચહેરો જોઉં છું, જેને તમે નથી જોઈ શકતા.



લિબાસને મુસ્તહિક બનાવનાર કેટલાક આમાલ

મય્યિતને કફન આપનારનો લિબાસ

હદીસ : હઝરત અબૂ રાફિઅ (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

''મન્ કફન મય્તા કસાહલ્લાહુ તઆલા મન્ સુન્દુસ વ ઈસ્તબ્રરક્ ફિલ્ જન્નહત.''

તરજુમા : જે શખ્સ કોઈ મય્યિતને કફન આપશે અલ્લાહ તઆલા તેને બારીક અને મોટા રેશમનો લિબાસ જન્નતમાં પહેરાવશે.

ઉમદા લિબાસો ન પહેનારાઓનો લિબાસ

હદીસ : હઝરત મઆઝ બિન અનસ (રદિ.)થી રિવાયત

છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું :

જેણે ઉમદા લિબાસને દેખાડવાના તૌર પર અલ્લાહ તઆલાની ખુશ્નૂદી માટે છોડી દીધો, જયારે કે એ ઉમદા લિબાસ પહેરવાની શક્તિ ધરાવતો હતો તેને અલ્લાહ તઆલા કયામતના દિવસે તમામ મખલૂકની સામે બોલાવશે અને ઈમાન લાવવાના (જુદા જુદા લિબાસોમાંથી) જે લિબાસ પહેરવો હોય તેની છૂટ આપશે.

મુસીબતમાં ફસાયેલની તાઝિયત કરનારનો લિબાસ

હદીસ : હઝરત જાબિર (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

''મન્ અઝા મસાબા કસાહલ્લાહુ તઆલા હલ્તીન મન્ હલલલ્ જન્નત લા તક્વીમ લહુમા.''

તરજુમા : જે મુસલમાન કોઈ મુશ્કેલીમાં આવી પડેલની તાઝિયત કરશે (અને તેને તસલ્લી આપશે) અલ્લાહ તઆલા તેને જન્નતના લિબાસોમાંથી બે લિબાસ પહેરાવશે, જેની કોઈ કિંમત નથી લગાવી શકાતી નથી.

હઝીરતુલ કુદ્દુસનો સોના-ચાંદીનો લિબાસ

હઝરાત સહાબાએ કિરામ (રદિ.) ફરમાવે છે કે જેણે શક્તિ હોવા છતાં સોનાને પહેરી ઉપયોગમાં લાવવો છોડી દીધો અલ્લાહ તઆલા તેને હઝીરતુલ કુદ્દુસમાં એ સોનું પહેરાવશે અને જેણે તાકાત હોવા છતાં ચાંદીનું પહેરવું અને વાપરવું છોડી

દીધું અલ્લાહ તઆલા તેને ચાંદી હઝીરતુલ કુદુસમાં પહેરાવશે અને જેણે પોતે ખરીદી શકે એવી સ્થિતિમાં હોવા છતાં શરાબ છોડી દીધી તેને અલ્લાહ પાક હઝીરતુલ કુદુસમાં શરાબ પીવડાવશે.

ફાયદો : હઝીરતુલ કુદુસ આલમે બાલામાં એક પવિત્ર સ્થાન છે, જેમાં અલ્લાહ તઆલાના પ્રિય ફરિશ્તાઓ રહે છે અને અવલિયાએ કિરામના દરજ્જાઓમાં એક દરજ્જો છે જ્યાંથી અલ્લાહ તઆલાના ફૈઝથી એ હઝરાતને નવાઝવામાં આવે છે.

રેશમના લિબાસથી વંચિત રહેનારા જન્નતીઓ

હદીસ : હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

''મન્ લબીસલ્ હરીર ફીદ્ દુન્યા લમ્ યલ્ બસુહૂ ફીલ્ આખિરતિ વ અન્ દખલલ્ જન્નત લમ્ યલ્ બસુહૂ.''

જે શખ્સ દુનિયામાં રેશમ પહેરશે એ તેને આખિરતમાં નહીં પહેરી શકશે અને જો જન્નતમાં દાખલ થઈ જશે તો પણ નહીં પહેરી શકે.

ફાયદો : જન્નતમાં કોઈ પ્રકારની સજા નહી હશે, જેના કારણે એને વંચિત રાખવામાં આવશે. કેટલાક હઝરાત તો ફરમાવે છે કે એ દોઝખમાં સજા મેળવ્યા પછી રેશમથી વંચિત રહેશે. અમુક ફરમાવે છે કે એ જન્નતમાં દાખલ થશે, પરંતુ તેને રેશમ પહેરવાની ઈચ્છા જ નહીં થાય એટલે તેને ન તો તેમાં કોઈ સજાનો અનુભવ થશે અને ન તો નામહરૂમી અને

મજકૂર હદીસનો આજ મતલબ છે.

અગર કોઈ માણસે દુનિયામાં રેશમ પહેર્યું પછી તૌબા કરી લીધી તો એ જન્નતના રેશમથી વંચિત નહીં રહે.

સોનાની કાંસકીઓ અને અગરની લાકડીઓની સગડીઓ

હદીસ : હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

''અમ્સાત અહ્લુલ્ જન્નતિલ્ ઝહબ વ મઝામિર્હુમ્ અલા લૂત.''

તરજુમા : જન્નતવાળાઓની કાંસકી સોનાની હશે અને તેમની સગડીઓ અગરની લાકડીઓની હશે.

હદીસ : હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

તરજુમા : જન્નતીઓનો પરસેવો મુશ્કનો હશે. તેમની કાંસકીઓ સોનાની હશે. તેમના વાસણો ચાંદીના હશે અને તેમની ઉદે હિન્દી સળગાવ્યા વિના જ ખુશ્બૂ મહેકાવશે.

સોના-ચાંદી અને મોતીઓના ઘરેણાં

અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે :

إِنَّ اللَّهَ يُدْخِلُ الَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ جَنَّاتٍ
تَجْرِي مِنْ تَحْتِهَا الْأَنْهَارُ يُحَلَّوْنَ فِيهَا مِنْ أَسَاوِرَ مِنْ
ذَهَبٍ وَلُؤْلُؤًا ۖ وَلِبَاسُهُمْ فِيهَا حَرِيرٌ ﴿٢٣﴾ (الحج ٢٢:٢٣)

તરજુમો : અલ્લાહ તઆલા એ લોકોને જે ઈમાન લાવ્યા અને તેમણે નેક કામો કર્યા (બેહિશ્તના) એવા બાગોમાં દાખલ કરશે, જેની નીચે નહેરો વહેતી હશે (અને) તેમને સોનાના કંગન અને મોતી પહેરાવવામાં આવશે અને ત્યાં તેમની પોશાક રેશમ હશે.

અલ્લાહ તઆલા વધુમાં ઈરશાદ ફરમાવે છે :

وَّحُلُّوْٓا اَسَاوِرَ مِنْ فِضَّةٍ (الدهر ٧٦:٢١)

તરજુમો : અને તેમને ચાંદીના કંગન પહેરાવવામાં આવશે.

અલ્લામા કુર્તુબી (રહ.) ફરમાવે છે કે તફસીર લખનાર હઝરાતે આ આયતની તફસીલ એમ બયાન કરી છે કે દરેક જન્નતીના હાથમાં ત્રણ કંગન હશે. એક કંગન સોનાનો, એક ચાંદીનો અને એક લુઉલુઅ મોતીનો. આ એટલા માટે કે બાદશાહો દુનિયામાં કંગન અને તાજ પહેરતા હતા. એ કારણે અલ્લાહ તઆલાએ જન્નતવાળાઓ માટે તૈયાર ફરમાવ્યા. કેમ કે એ લોકો જન્નતમાં બાદશાહ હશે.

પૂર્વથી પશ્ચિમ સુધીની લંબાઈ જેટલી ચમકદમક

હદીસ : હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ **''વ જન્નાતિ અદન''** તિલાવત કરીને ઈરશાદ ફરમાવ્યો :

''અન્ અલય્હિમુલ્ તન્ઝાન : અન્ અદ્ની લૂઅ્લૂઅ્ત મિન્હા લતદા મા બય્નલ્ મશ્રિકી વલ્ મગ્રિબ.''

તરજુમો : એ જન્નતીઓ પર તાજ હશે (તેમાં જડવામાં આવેલ મોતીઓ)માંથી સામાન્ય મોતી પૂર્વ અને પશ્ચિમ જેટલી મસાફત (અંતર) જેટલો ચમકતો હશે.

જન્નતના ઘરેણાંઓનો દુનિયાના બીજા ઘરેણાંઓ સાથે શો મુકાબલો ?

હદીસ : હઝરત અબૂ હુરયરહ (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઇરશાદ ફરમાવ્યો :

''લવ્ અન્ અદ્‌ની અહ્‌લુલ્ જન્નત હિલ્યત અદલત્ હલ્તહ બહિલ્યત અહ્‌લુદ્ દુન્યા જમીઆ લ કાન મા યહ્‌લિયલ્લાહુ બિહી ફિલ્ આખિરતિ અફ્‌દલ મિન્ હિલ્યત અહ્‌લુદ્ દુન્યા જમીઆ.''

તરજુમો : જો સામાન્ય દરજ્જાના ઘરેણાંવાળા જન્નતીના ઘરેણાંની તમામ દુનિયાવાળાઓના ઘરેણાં સાથે મુકાબલો કરવામાં આવે તો જે ઘરેણાં અલ્લાહ તઆલા જન્નતીઓને આખિરતમાં પહેરાવશે એ ઘરેણાં દુનિયાવાળાઓના ઘરેણાંઓથી અફઝલ અને શ્રેષ્ઠ હશે.

જન્નતીઓ માટે ઘરેણાં બનાવનાર ફરિશ્તો

હઝરત કઅબ અહબાર (રહ.) ફરમાવે છે કે અલ્લાહ તબારક વ તઆલાનો એક ફરિશ્તો એ છે, જે જન્નતવાળાઓ માટે પેદા થયો છે ત્યારથી કયામત સુધી ઘરેણા બનાવશે. જો એ જન્નતવાળાઓના ઘરેણાઓમાં કોઈ એક ઘરેણું (દુનિયામાં) જાહેર કરી દે તો સૂર્યની રોશની ઝંખવાઈ જાય.

જન્નતીનું કંગન સૂરજથી પણ વધારે રોશન

હદીસ : હઝરત સઅદ બિન અબી વક્કાસ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ

સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

''લવ્ અન્ રજુલા મિન્ અહ્લિલ્ જન્નતિ અત્લુઅ્ ફબદા સવારહુ લત્મિસ્ દૂઅલ્ સમ્સ કમા નત્મિસુલ્ સમ્સ દૂઅલ્ નુજૂમ.''

તરજુમો : અગર જન્નતીઓમાંથી કોઈ આદમી (દુનિયામાં) ઝાંકી લે અને તેનો કંગન જાહેર થઈ જાય તો એ સૂરજની રોશનીને બેનૂર કરી દે, જે રીતે સૂરજ તારાઓના પ્રકાશને બેનૂર કરી દે છે.

ઔરતોથી વધારે મરદોને ઝેવર ખૂબસૂરત લાગશે

હઝરત બસરી (રહ.) ફરમાવે છે કે જન્નતના ઘરેણાં ઔરતો કરતાં મરદોને અધિક સુંદર લાગશે.

ખૌલદાર મોતીનો મહેલ

હદીસ : હઝરત અબ્દુલ્લાહ બિન કૈસ અશ્અરી (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

''અલ્ ખિમત દર્રત મજૂફત તૂલહા ફિસ્સમાઅ્ સુતૂન મિલા ફી કુલ્લિ ઝાવિયહ્ મિન્હા લમુઅ્મિન અહ્લા લા યરાહુમ્ અલ્ આખિરુન.''

તરજુમો : જન્નતી માટે એક તંબૂ ખૌલદાર મોતીનો હશે, જેની લંબાઈ ૬૦ માઈલની હશે. તેના દરેક ખૂણામાં મુઅમિનની કોઈ ન કોઈ બીવી હશે, જેને બીજી બીવીઓ (અને ખિદમતગાર છોકરાઓ અને નોકરાણીઓ જોતી નહી હોય).

ફાયદો : એ એક મોતીથી બનેલો ખૌલદાર મહેલ હશે, જેમાં જન્નતી માટે ઐશ–આરામનો સામાન મયસ્સર હશે.

જન્નતી વીંટીઓ

હદીસ : જનાબ નબીએ અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

અલ્લાહ તઆલા જન્નતવાળાઓને સોનાની વીંટીઓ એનાયત ફરમાવશે, જેને જન્નતીઓ પહેરશે. પછી અલ્લાહ તઆલા તેમને મોતી, યાકૂત અને લુઅ્લુઅ્ની વીંટીઓ અતા કરશે, જયારે તેઓ પોતાના પરવરદિગારની એ જન્નત દારુસ્સલામમાં ઝિયારત કરશે.

ઘણાં ખરા નગીના અકીકના હશે

હદીસ : હઝરત આઈશા (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

''અક્ષર ખુરુજ અહ્લિલ્ જન્નતિલ્ અકીક.''

તરજુમો : જન્નતવાસીના ઘણા ખરા નગીના અકીકના હશે.

જન્નતના ઘરેણાંઓમાં વધારો કરનાર નેક આમાલ

કાંડાઓમાં કંગન કયાં સુધી પહોંચશે ?

હદીસ : હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ

ફરમાવ્યો :

''તબ્લિગલ્ હિલ્યત મિનલ્ મુઅ્મિન્ હય્સુ યબ્લિગલ્ વુજૂઅ.''

તરજુમો : મુઅમિનના (કાંડાઓમાં) ઘરેણા (કંગન) ત્યાં સુધી પહોંચશે, જ્યાં સુધી વુઝૂનું પાણી વુઝૂ કરતી વેળાએ પહોંચશે.

હદીસ : હઝરત ઉકબા બિન આમિર (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતાના ઘરવાળાઓને ઘરેણા અને રેશમ પહેરવાથી મનાઈ ફરમાવતા હતા અને ફરમાવતા હતા :

''ઈન્ કુન્તુમ્ તુહિબ્બુન હિલ્યતલ્ જન્નતિ વ હરીરહા ફલા તલ્બિસુહુમા ફિદ્ દુન્યા.''

તરજુમો : જો તમો જન્નતના ઘરેણા અને તેના રેશમને ચાહો તો તેનો દુનિયામાં ઉપયોગ ન કરો.

ફાયદો : રેશમ અને સોનુ–ચાંદી જો કે ઔરતો માટે પહેરવું જાઈઝ છે, પરંતુ જન્નતમાં તેમની કમીનું બાઈસ છે. એટલા માટે ઔરતોએ તેમનું છોડી દેવું મુસ્તહબ છે અને જન્નતમાં ઘણા બધા રેશમ અને સોના–ચાંદીના અતાયાના ઝરિયા છે.

જન્નતમાં ઊંઘ નહી હોય

હદીસ : હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ (રદિ.) ફરમાવે છે કે આં હઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી સવાલ કરવામાં આવ્યો કે શું જન્નતી લોકો ઊંઘશે ખરા ? તો આપે ઈરશાદ ફરમાવ્યો :

''અલ્ નવ્મુ ઈખ્વલ્ મવ્ત વ અહ્લિલ્ જન્નતિ લા યામૂન.''

તરજુમો : ઊંઘ મોતનો ભાઈ છે એટલે જન્નતવાળાઓ ઊંઘશે નહીં.

જો કોઈનું દિલ જન્નતમાં ઊંઘવા ચાહે તો

હદીસ : હઝરત અબ્દુલ્લાહ બિન અબી ઔફ (રદિ.) ફરમાવે છે કે એક શખ્સે અરજ કરી કે યા રસૂલલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ! ઊંઘ એક એવી નેઅમત છે, જેનાથી દુનિયામાં અમારી આંખો ઠંડી થાય છે. તો શું જન્નતમાં ઊંઘ પણ હશે ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

''લા, લાનલ્ નવ્મ શરીકલ્ મવ્ત વ લયસ ફિલ્ જન્નતિ મવ્ત લા યમસ્ના ફિહા નસબ વલા યમસ્ના ફિહા લગૂબ.''

તરજુમો : ના (ઊંઘ નહી આવે) કારણ કે ઊંઘ મૌતની શરીક છે અને જન્નતમાં મૌત નહી હોય (બલકે) આપણને જન્નતમાં ન તો કોઈ તકલીફ પહોંચશે અને ન તો તેમાં કોઈ ખસ્તગી પહોંચશે.

નેઅમત પ્રાપ્તિનો કલિમહ

ફરમાને બારીએ તઆલા છે :

دَعْوٰىهُمْ فِيْهَا سُبْحٰنَكَ اللّٰهُمَّ وَتَحِيَّتُهُمْ فِيْهَا سَلٰمٌ ۚ وَاٰخِرُ دَعْوٰىهُمْ اَنِ الْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ۝١٠ (يونس ١٠:١٠)

જન્નતીઓની ઈચ્છા(ની તલબનો જુમલો) જન્નતમાં **સુબ્હાનકલ્લાહુમ્મ** હશે અને તેની પ્રાપ્તિમાં કહેશે, **અલહમ્દુ લિલ્લાહિ રબ્બિલ આલમીન.** તમામ ખૂબીઓ અલ્લાહ તઆલા

માટે છે, જે તમામ જહાનોનો પરવરદિગાર છે.

હઝરત સુફયાન બિન ઉયયના (રહ.) આ આયતની તફસીરમાં ફરમાવે છે કે જ્યારે તેમને કોઈ ચીજની તલબ હશે તો એ કહેશે, **સુબ્હાનકલ્લાહુમ્મ** (અય અલ્લાહ ! આપ પાક છો) તો તેમની પાસે તેમની ઈચ્છા અનુસાર જન્નતની નેઅમતો પહોંચી જશે.

ઈચ્છા કરવાથી વૃક્ષો અને નહેરો પણ પોતાની જગ્યાએથી ફરી જશે

હઝરત અતા બિન મૈસરા (રહ.) ફરમાવે છે કે જન્નતી હઝરાતમાંથી જે જન્નતી પોતાના મહેલથી નીકળશે અને કોઈ વૃક્ષ કે નહેરને જોઈ ચાહશે કે તેણે તે સ્થળે ન હોવું જોઈએ. તેણે હજી આ વાત પોતાની જીભ દ્વારા પ્રગટ નહીં કરી હોય બલકે એ તેના દિલમાં જ હશે, પરંતુ અલ્લાહ તઆલા એ (વૃક્ષ કે નહેર વિગેરેને ત્યાં ફેરવી દેશે, જેને એ પસંદ કરતો હશે.

●●●

جَزَى اللّٰهُ عَنَّا مُحَمَّدًا مَّا هُوَ اَهْلُهٗ ط

●●●

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط

દરેક જન્નતીની દરેક ઈચ્છા પૂરી થશે

હદીસ : હઝરત બુરૈદા સુલ્મી (રહ.) ફરમાવે છે કે એક

સહાબી જનાબ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ખિદમતમાં હાજર થયા અને અરજ કરી કે યા રસૂલલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હું ઘોડાને પસંદ કરું છું. શું જન્નતમાં ઘોડા હશે ? આપે ઈરશાદ ફરમાવ્યો :

''યદ્ ખલકલ્લાહુ જન્નત ફલા તસાઅ્ અન્ તર્કબ ફરસામિન્ યા કુવ્વતિહી હમ્રાઅ્ તતીર બિક ફી અયલ્ જન્નત સિઅત અલા રકીબત્.''

જ્યારે તમોને અલ્લાહ તઆલા જન્નતમાં દાખલ કરી દેશે તો જો તું યાકૂત અહેમરના ઘોડા ઉપર સવાર થવા ચાહીશ તો તુ (તેના ઉપર) સવાર થઈ શકીશ. જન્નતમાં જ્યાં જ્યાં ચાહીશ એ તને લઈને ઉડતો ફરશે. પછી આપની પાસે બીજા એક સહાબી હાજર થયા અને અરજ કરી યા રસૂલલ્લાહ ! શું જન્નતમાં ઊંટ હશે ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

''અન્નલ્લાહ અંચ્ચદ્ ખલકલ્લાહુલ્ જન્નત કાન લક ફીહા મસ્તહિત્ નફ્સિક વલઝત્ અયનિક.''

તરજુમો : જો અલ્લાહ તઆલાએ તમોને જન્નતમાં દાખલ ફરમાવ્યા તો આપ માટે સર્વ કાંઈ હશે. તમો જે ચાહશો એ અને તમારી આંખો જે લિજ્જત ઉઠાવવા ચાહશે એ.

વૃક્ષોની સુરાવલી સહિત તસ્બીહ અને તક્દીસ

હદીસ : હઝરત અબૂ હુરયરહ (રદિ.) ફરમાવે છે કે એક શખ્સે અરજ ગુઝારી યા રસૂલલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ! શું જન્નતમાં ગીત હશે ? કારણ કે મને ગીતો પસંદ છે. જવાબમાં આપે ઈરશાદ ફરમાવ્યો :

કસમ છે મને એ ઝાતની જેના કબજામાં મારી જાન છે. અલ્લાહ તઆલા જન્નતના વૃક્ષો તરફ સંદેશ મોકલશે કે મારા એ બંદાઓને જેમણે વાજા અને ગીતોને બદલે (દુનિયામાં) મારા ઝિકમાં વ્યસ્ત રહયા તો તેમને એવા અવાજોમાં અને એવી સુરાવલીમાં તસ્બીહ અને તકદીસ સંભળાવો કે મખલૂકાતે ક્યારેય પણ સાંભળી ન હોય.

વૃક્ષોમાંથી સુંદર અવાજ કઈ રીતે પેદા થશે ?

હદીસ : હઝરત અબૂ હુરયરહ (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જન્નતમાં એક વૃક્ષ જેનું થડ સોનાનું હશે અને ડાળીઓ ઝબર્જદ અને લુઅલુઉની હશે. તેના ઉપર હવા ચાલશે તો એ ડાળીઓ હરકતમાં આવશે (તેમને) સાંભળનારને તેનાથી અધિક સુરીલો અવાજ ક્યારેય સાંભળવા નહી મળે.

કયામતના દિવસે ફરિશ્તાઓથી ગીત સાંભળનાર જંન્નતીઓ

હઝરત મુહમ્મદ બિન મુન્કદિર (રહ.) ફરમાવે છે કે જ્યારે કયામતનો દિવસ હશે તો એક સાદ પાડનાર કહેશે કે એ હઝરાત ક્યાં છે જે પોતાને ખેલ અને શૈતાનના વાજિંત્રોથી બચાવતા હતા. તેમને કસ્તૂરીની વાડીઓમાં બેસાડો. પછી અલ્લાહ તઆલા ફરિશ્તાઓને હુકમ ફરમાવશે કે તમો આ હઝરાતને મારી હમ્દ–સના અને સ્તુતિ સંભળાવો અને તેમને જણાવી દો કે તેમના ઉપર કોઈ પ્રકારનો ભય–ખોફ કે ડર નથી અને તેમને કોઈ જાતનો રંજ નથી.

દુનિયામાં ગીત-વાજા સાંભળનાર જન્નતમાં ફરિશ્તાઓથી કુર્આન સાંભળી શકશે નહી

હદીસ : હઝરત અબૂ મૂસા અશ્અરી (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

''મન્ અસ્તમઅલ્લી સૂત ગિનાઅ્ લમ્ યઝીઝન્ લહુ અન્ યસ્તમીઅલ્ રુહાનયયૂનિ ફિલ્ જન્નતિ કાલૂ વમલ્ લરવુ હાનિયુન યા રસૂલલ્લાહ ? કાલ કરાઅ અહ્લિલ્ જન્નતિ.''

તરજુમો : જે શખ્સ ગીતોનો અવાજ સાંભળશે તેને રૂહાનિયૂનની સુંદર સુરાવલી સાંભળવાની ઈજાઝત આપવામાં નહી આવે. સહાબાએ કિરામ (રદિ.)એ અર્ઝ કરી યા રસૂલલ્લાહ રૂહાનિયૂન કોણ છે ? આપે ઈરશાદ ફરમાવ્યો કે રૂહાનિયૂન (એ) જન્નતવાળાઓ(ની સામે) કુર્આન પઢનાર (ફરિશ્તાઓ) છે.

ગીતો ગાનાર ફરિશ્તાઓના તરન્નુમથી વંચિત

તાબિઈ મુફસ્સિર મુહદ્દિસ હઝરત મુજાહિદ (રહ.) ફરમાવે છે કે કયામતના દિવસે એક મુનાદી સાદ પાડશે કે હે લોકો ! ક્યા છે જે પોતાની અવાજો અને પોતાના કાનોને ફુઝુલિય્યત અને શૈતાનના વાજિંત્રોથી સુરક્ષિત રાખતા હતા ?

ફરમાવ્યું કે પછી અલ્લાહ તઆલાએ હઝરાતને કસ્તૂરીના બગીચાઓમાં રૂખસત કરી દેશે અને ફરિશ્તાઓથી ફરમાવશે

કે તમો મારા આ બંદાઓ સમક્ષ મારી હમ્દ અને બુઝુર્ગી બયાન કરો અને તેમને એ ખુશખબરી સંભળાવી દો કે તેમના ઉપર ખોફની કોઈ વાત નથી અને ન તો ગમની કોઈ વાત છે.

તમામ પ્રકારના ગીતોની સુંદર સુરાવલી

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે જન્નતમાં એક વૃક્ષ છે, જે ઝડપી સવાર ૧૦૦ વરસ ચાલે તેટલું વ્યાપક અને મોટું છે. જન્નતવાળાઓ અને ઝરૂખે બેસનારાઓ પોતાના સ્થાનેથી આવીને તેની નીચે બેસશે અને વાતો તેમજ આનંદપ્રમોદ કરશે. તેઓમાંથી જો કોઈ જન્નતી દુનિયાના ગાયન–વાદનને યાદ કરશે તો અલ્લાહ તઆલા જન્નતથી એક હવાને રવાના કરશે, જે આ વૃક્ષથી દુનિયાની દરેક જાતની સુરીલી અવાજો અને ગીત–સંગીત પેદા કરશે.

હઝરત ઈસરાફીલ અલૈહિસ્સલામની મનમોહક અવાજો

ઈમામ ઔઝાઈ (રહ.) ફરમાવે છે કે મને જાણવા મળ્યું છે કે ખુદાની સૃષ્ટિમાં હઝરત ઈસરાફીલ (અલૈ.)થી વધારે સુરીલી અને મન ડોલાવી દે તેવી અવાજનો માલિક કોઈ ફરિશ્તો નથી. અલ્લાહ તબારક વ તઆલા તેમને હુકમ ફરમાવે છે અને એ અત્યંત મધુર કંઠે ગાવાનું શરૂ કરી દે છે કે આકાશોમાં નમાઝ પઢતા ફરિશ્તાઓ નમાઝને ટૂંકાવી દે છે. એ જ્યાં સુધી અલ્લાહ ચાહે ત્યાં સુધી મધુર કંઠે સુરાવલી વહાવતા રહે છે અને પછી અલ્લાહ તઆલા ફરમાવે છે કે મારા ગલબાના સોગંદ ! જો (ગૈરોની) ઈબાદત કરનારાઓ મારી અઝમત, કદ્ર અને મંઝિલત કાયમ રાખત તો એ મારા ગૈરની ઈબાદત ક્યારેય ન કરત.

ફરિશ્તાઓની હમ્દો-સનામાં ગીત-ગુંજન

હઝરત શહર બિન હૌશબ (રહ.) ફરમાવે છે કે અલ્લાહ તઆલા જલ્લે શાનુહૂ (કયામતના દિવસે અને જન્નતમાં) પોતાના ફરિશ્તાઓથી ફરમાવશે કે મારા નેક બંદાઓ દુનિયામાં સુંદર અવાજને પસંદ કરતા હતા, પરંતુ મારી ખાતર તેમણે સુંદર અવાજોને સાંભળવું છોડી દીધું હતું. તમો દિલ ડોલાવી દે તેવા અવાજમાં મારા બંદાઓને (હમ્દો-સના) સંભળાવો. ત્યાર બાદ ફરિશ્તાઓ કલિમએ તય્યિબહ, તસ્બીહ અને અલ્લાહની મોટાઈને એવી અવાજમાં રજૂ કરશે જેને તેમણે ક્યારેય સાંભળ્યો નહીં હોય.

એક વૃક્ષનું દિલાકર્ષક તરન્નૂમ

ઈમામ ઔઝાઈ (રહ.) હઝરત અબ્દા બિન અબી લુબાબા (રહ.)થી નકલ કરે છે કે જન્નતમાં એક વૃક્ષ છે, જેના ફળ ઝબર્જદ, યાકૂત અને લુઅલુઉ છે. અલ્લાહ તઆલા હવાઓને ચલાવશે ત્યારે વૃક્ષો હરકતમાં આવશે અને એવી એવી સુંદર અવાજો સાંભળવા મળશે કે તેનાથી વધારે સુંદર બીજી કોઈ અવાજ સાંભળી નહીં હોય.

ફાયદો : ઉપરોકત રિવાયતોમાં હઝરત દાઉદ (અલૈ.)ની અવાજ અને હઝરત ઈસરાફીલ (અલૈ.)ની અવાજ અને વૃક્ષોની અવાજને અને ફરિશ્તાઓની અવાજને સૌથી સુંદર ગણવામાં આવી છે. આમાંથી દરેકની અવાજને પોતપોતાના દરજ્જામાં અત્યંત સુંદરતા પ્રાપ્ત હશે. તદ્ઉપરાંત હૂરો અને દુનિયાની ઔરતો પણ સુંદર અવાજમાં ગીતો ગાશે તેનો ઉલ્લેખ હૂરોના પ્રકરણમાં આવી રહયો છે.

જન્નતમાં ફકત ઝિકની ઈબાદત હશે

હદીસ : હઝરત જાબિર (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જન્નતીઓ જન્નતમાં ખાણું ખાશે અને પીશે પણ, ન તો તેમની નાકથી લીંટ ટપકશે ન તો તેમને કુદરતી હાજતે જવું પડશે અને ન તો પેશાબ કરશે બલકે તેમનું ખાણું ઓડકાર (રૂપે) અને (પીવું) કસ્તૂરીના પરસેવામાં બદલાઈ જશે (અને) તેમને તસ્બીહ અને તમ્હીદ એ પ્રકારે પ્રેરણા પ્રેરિત કરવામાં આવશે, જે પ્રકારે (જાનવરોને) શ્વાસની પ્રેરણા આપવામાં આવે છે.

ફાયદો : અર્થાત આ હઝરાતની તસ્બીહ અને તમ્હીદ શ્વાસ દ્વારા અદા થશે, જે તમો સ્વયં વગર ઈરાદાએ શ્વાસ લઈ રહયા છો.

જન્નતની સુંદરતામાં વધારો થતો રહેશે

હઝરત કઅબ (રહ.) ફરમાવે છે કે અલ્લાહ તઆલા જયારે પણ જન્નતની તરફ નજર ફરમાવશે અને હુકમ આપે છે કે તમો પોતાના રહીશો માટે પવિત્ર અને ઉમદા થઈ જાવ તો એ સુંદરતા અને પવિત્રતામાં અધિક ઉમદા થઈ જાય.

અને જયારે જન્નતીઓ જન્નતમાં દાખલ થઈ જશે ત્યારે પણ તેમાં વધારો થતો રહેશે.

જન્નતીઓ કુર્આન પઢશે

સૂરએ તા-હા અને સૂરએ યાસીનની તિલાવત કરશે

હદીસ : હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

''યર્ફઉલ્ કુર્આન અલા અહ્લિલ્ જન્નતિ કુલ્લુહૂ મા ખલા તત્વિસ.''

તરજુમો : સિવાય સૂરએ તા-હા અને સૂરએ યાસીનના બાકીનું તમામ કુર્આને પાક જન્નતીઓ માટે ઉઠાવી લેવામાં આવશે. (તેઓ ફક્ત સૂરએ તા-હા અને સૂરએ યાસીન તિલાવત કરી શકશે.)

ફાયદો : આ હદીસ સનદના આધારથી અત્યંત કમજોર છે-મનઘડત હોવાની પણ શકયતા છે કેમ કે તેમાં એક શખ્સ બશર બિન ઉબૈદ, અદરાસી નામે રિવાયત કરનાર છે. એમાં મુહદ્દિસીનોએ ભારે વિવાદ ઉભો કર્યો છે. આ કારણે સૂરએ તા-હા અને સૂરએ યાસીનના સિવાય કુર્આન પાક ઉઠાવી લેવામાં આવશે એ સહીહ જણાતું નથી. કેમકે કુર્આને પાક અલ્લાહ તઆલાનું કલામ છે, જે આલિમો અને કારીઓ તેમજ હાફિઝો અને બીજા મુસલમાનોને અલ્લાહ તઆલાએ એક સંપૂર્ણ નેઅમતરૂપે એનાયત ફરમાવ્યું છે. જન્નતમાં નેઅમતોની પરિપૂર્ણતા તો થઈ શકે છે તેમની બાદબાકી નથી થઈ શકતી, જેથી કરીને મુઅમિનો પાસે કુર્આને કરીમની નેઅમત પૂરેપૂરી રીતે મવજૂદ રહેશે, વલ્લાહુ અઅ્લમ્.

એહલે જન્નતને કેવળ એક હસરત હશે

હદીસ : હઝરત મઆઝ બિન જબલ (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

એહલે જન્નતને કોઈ પ્રકારની ઈચ્છા નહીં હોય, પરંતુ તેઓ એ ઘડીની ઈચ્છા કરતા રહેશે, જે તેમને (દુનિયામાં) પ્રાપ્ત થઈ પણ તેમાં તેમણે અલ્લાહને યાદ ન કર્યા.

હદીસ : હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો : જે કોમ કોઈ મજલિસમાં બેસે છે અને તેમાં અલ્લાહ તઆલાનો ઝિક્ર નથી કરતી અને જનાબ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પર દુરૂદ નથી મોકલતી તો એ મજલિસ કયામતના દિવસે તેમના ઉપર હસરતનું કારણ બનશે (કે હાય જો એ મજલિસમાં ઝિક્ર અથવા દુરૂદ શરીફ પઢવામાં આવત તો આજે તેનું પણ ઈનામ પ્રાપ્ત થાત) અને જો તેઓ જન્નતમાં દાખલ થઈ જશે (તો તેનો સવાબ મેળવવાની હસરત કરશે).

હૂરોને પેદા કરીને તેમના ઉપર તંબુઓ ઉભા કરી દેવામાં આવે છે

હઝરત ઈબ્ને અબી અલ્ હવારી (રહ.) ફરમાવે છે કે હૂરોને કેવળ કુદરતે ખુદાવંદીથી કલિમહ "કુન"થી પેદા કરવામાં આવી છે. જ્યારે તેમનું સર્જન પૂરું થઈ જાય છે તો ફરિશ્તાઓ તેમના ઉપર તંબુઓ ઊભા કરી દે છે.

જન્નતના ગુલાબથી પેદા થનારી હૂરો

હઝરત ઝબાહ કૈસી (રહ.) ફરમાવે છે કે મેં હઝરત માલિક બિન દિનાર (રહ.)થી સાંભળ્યું છે કે આપે ઈરશાદ ફરમાવ્યો : "જન્નાતુન્નઈમ" જન્નાતુલ ફિરદૌસ અને જન્નાતે ઈદન વચ્ચે આવેલ છે. તેમાં એવી હૂરો છે જે જન્નતના ગુલાબથી પેદા કરવામાં આવી છે. તેમનાથી પૂછવામાં આવ્યું કે એ (જન્નતુન્નઈમ)માં કોણ દાખલ થશે ? તો ફરમાવ્યું : એ હઝરાત જે (જાણીબુઝીને) ગુનાહનો ઈરાદો નથી કરતા તેઓ જ્યારે મારી મહાનતા યાદ કરે છે તો એ મને તેમની સમક્ષ જુએ છે અને એ લોકો જે મારા ખૌફથી પરવાન ચઢે છે (તેઓ પણ) એ જન્નાતુન્નઈમમાં દાખલ થશે.

હૂરોના ગુલાબથી પેદા થવા પર આ એક શેઅર છે :

નાઝુકી ઉન લબોંકી ક્યા કહિયે,
પંખળી ઈક ગુલાબ કી સી હૈ.

મુશ્ક, અંબર, કાફૂર અને નૂરથી પૈદાઈશ

હદીસ : સરકારે દો આલમ જનાબ રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી આ હૂરો વિષે સવાલ કરવામાં આવ્યો કે તેમને કઈ ચીજોથી પેદા કરવામાં આવી છે તો આપે ઈરશાદ ફરમાવ્યો :

"મન્ સલાસત અસ્યાઅ્ : અસ્ફલહુન્ન મિનલ્ મસ્કિ વ અવ્ સતુહુન્ન મિનલ્ અન્બરિ વ ઈલાહન્ મિનલ્ કાફૂર, વ સઅ્વરહુન્ન વ હવાઝબહિન્ન સવાદુ ખત્ મિન્નૂર."

તરજુમો : ત્રણ ચીજોથી પેદા કરવામાં આવી છે. તેમનો નીચેનો ભાગ મુશ્ક (કસ્તૂરી)નો છે (અને વચ્ચેનો હિસ્સો

અંબરનો છે અને ઉપરનો હિસ્સો કાફૂરનો છે. તેમના વાળ અને ભ્રમરો કાળા છે, તેમનો ચહેરો નૂરથી રચવામાં આવ્યો છે.

હૂરોના સર્જનના તબકકાઓ

હદીસ : જનાબ નબીએ અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી રિવાયત કરવામાં આવેલ છે કે આપે ઇરશાદ ફરમાવ્યો :

મેં જિબ્રઇલ (અલૈ.)થી પૂછયું અને કહયું કે મને જણાવો કે અલ્લાહ તઆલા આ હૂરોનું કઇ રીતે સર્જન કરે છે ?

તેમણે ફરમાવ્યું, અય મુહમ્મદ ! અલ્લાહ તઆલા તેમને અંબર અને ઝાફરાન (કેસર)ની ડાળોથી પેદા કરે છે. સર્વપ્રથમ અલ્લાહ તઆલા તેમની છાતીઓને ખૂશ્બુદાર ગોરા રંગની કસ્તૂરીથી પેદા કરે છે અને તેના ઉપર જ બાકી શરીરનું સર્જન કરે છે.

હૂરના શરીરના જુદા જુદા ભાગો કઇ કઇ ચીજોથી બનાવવામાં આવ્યા છે ?

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે અલ્લાહ તઆલાએ હૂરોને તેમના પગોની આંગળીઓથી ઘૂંટણ સુધી ઝાફરાનથી બનાવી છે અને તેના ઘૂંટણથી છાતી સુધી કસ્તૂરીની ખૂશ્બુથી બનાવ્યા છે અને તેની છાતીથી ગરદન સુધી આગની જવાળાની જેમ ચમકનાર અંબરથી બનાવ્યું છે અને તેની ગરદનથી માથા સુધી સફેદ કાફૂરથી સર્જન કરવામાં આવ્યું છે. તેના પર ગુલે લાલાની ૭૦ હજાર પોશાકો પહેરાવવામાં આવી છે. એ જયારે સામે આવે છે ત્યારે તેનો ચહેરો ભારે નૂરથી એવો ચમકી ઉઠે છે, જેવો દુનિયાવાળાઓ

માટે સૂરજ અને એ જ્યારે સામે આવે છે તો તેણીના પેટનો ભાગ પેટની અંદરનો હિસ્સો લિબાસ અને ચામડીની બારીકાઈના કારણે જોવા મળે છે. તેણીના માથામાં સુગંધિત કસ્તૂરીના વાળની ચોટીઓ છે. પ્રત્યેક ચોટીને ઊંચકવા માટે એક ખિદમતગાર હશે, જે ચોટીના છેડાને ઉંચકનાર હશે. આ હૂર કહે છે કે આ ઈનામ છે. અવલિયાના અને સવાબ છે એ આમાલોનો જે બજાવી લાવવામાં આવતા હતા.

રહમતના ટીપાઓથી પેદા થનાર હૂરો

حُوْرٌ مَّقْصُوْرٰتٌ فِي الْخِيَامِ ﴿٧٢﴾ (الرحمٰن ٥٥:٧٢)

હૂરો તંબુઓમાં રોકાઈ રહેનાર છે. આ આયતની તફસીરમાં હઝરત અબૂ અહવસ (રહ.) ફરમાવે છે કે અમને રિવાયત પહોંચી છે કે એક વાદળીએ અર્શથી વર્ષા ફરમાવી તો તેના રહમતના ટીપાઓથી તેમને પેદા કરવામાં આવી. પછી તેમનામાંની દરેક માટે નહેર પર એક તંબુ ઉભો કરી દેવામાં આવ્યો. એ તંબુની પહોળાઈ ચાલીસ માઈલ જેટલી છે. તેનો કોઈ દરવાજો નથી, જ્યારે અલ્લાહ તઆલાનો દોસ્ત (તેની પાસે) તંબુમાં જવા ચાહશે તો એ તંબુમાં એક રસ્તો થઈ જશે, જેથી કરીને વલીય્યુલ્લાહને એ બાબતની જાણ થઈ જાય કે ફરિશ્તાઓ અને ખિદમતગારોની સૃષ્ટિની નજરોએ હૂરને જોઈ નથી. આ હૂરો એવી છે જે મખ્લૂકની નજરોથી બિલકુલ છૂપી છે.

છોકરીઓ ઉગાડનાર નેહરે બૈદખ

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે જન્નતમાં એક નહેર છે, જેનું નામ બૈદખ છે. તેના ઉપર યાકૂતના કુબ્બાઓ છે, જેની નીચે છોકરીઓ ઉગે છે અને ખૂબસુરત

અંદાજમાં કુર્આન પઢે છે. જન્નતીઓ પરસ્પર કહેશે, આપણી સાથે બૈદખની તરફ જઈએ. આમ તેઓ આવશે છોકરીઓ સાથે મુસાફો કરશે, જયારે કોઈ છોકરી કોઈ મર્દની પસંદગીની આવશે તો એ તેના કાંડાનો સ્પર્શ કરી લેશે તો એ છોકરી તેની પાછળ પાછળ ચાલી નીકળશે અને તેની જગ્યાએ બીજી છોકરી ઉગી નીકળશે.

અઝાનની દુઆમાં હૂરોની દુઆ પણ કરવી જોઈએ

હઝરત યૂસુફ બિન અસ્બાત (રહ.) ફરમાવે છે કે મારા સુધી એ વાત પહોંચી છે કે જયારે અઝાન આપવામાં આવે છે પણ આદમી **''અલ્લાહુમ્મ રબ્બ હાઝિહી દઅ્વતિલ્ મસ્તમ્અતલ્ મુસ્તજાબ લહા સલ્લિ અલા મુહમ્મદ વ અલા આલિ મુહમ્મદ વઝવ્વઝ્ના મિનલ્ હુરિલ્ અય્ન.''** નથી કહેતો તો હૂરો તેમને કહે છે કે તને કઈ ચીજે અમારાથી બિનજરૂરી કરી દીધા છે.

ફાયદો : ઉપરના અરબી લખાણનો અર્થ એ છે કે અય અલ્લાહ ! આ કુબૂલ અને મકબૂલ દાવત (અઝાન)ના રબ હઝરત મુહમ્મદ અને આલિ હઝરત મુહમ્મદ પર રહમત મોકલ અને હૂરોથી અમારી શાદી કરાવી દે.

બીજો ફાયદો : અઝાન પછી એક મશહૂર દુઆ જે આપણે સૌને યાદ છે તેને પઢી લીધા પછી આ દુઆ પણ પઢી લેવી જોઈએ કેમકે તેમાં આપણા માટે એક વધુ નેઅમત અર્થાત જન્નતની હૂરની દુઆ પણ શામિલ છે. જો આ દુઆ યાદ ન હોય તો પેલી પ્રથમ દુઆ પઢી લીધા પછી પોતાની ભાષામાં અલ્લાહ તઆલાથી આ હૂરોની દુઆ કરી લે.

હૂરની નિકાહની દાવત

હદીસ : સરકારે દો આલમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી રિવાયત છે કે જ્યારે આપને મેઅરાજ કરાવવામાં આવી તો આપે હૂરની ખૂબીઓ બયાન કરતાં ઇરશાદ ફરમાવ્યો :

મેં તેની પેશાની (કપાળ)ને પૂર્ણિમાના ચંદ્રની જેમ જોયો છે, તેની લંબાઇ ૧૦૩૦ હાથ બરાબર હતી. તેના માથામાં ૧૦૦ મેઢિયો હતી. દરેક મેઢિ સુધી ૭૦ હજાર ચોટલાઓ હતા અને પ્રત્યેક ચોટલો પૂર્ણિમાના ચંદ્રથી અધિક રોશન હતો. મોતીઓથી બનેલ તાજ માથા ઉપર હતો અને તેમાં જવાહિર સાંકળીઓ તેના કપાળ ઉપર લટકતી હતી. જવાહિર સાથે બે લીટીઓ લખાએલી હતી. પહેલી લીટીમાં **બિસ્મિલ્લાહિર્રહમા નિર્રહીમ** લખ્યું હતું અને બીજી લીટીમાં લખ્યું હતું : જે શખ્સ મારા જેવી હૂરનો તલબગાર છે તેને જોઇએ કે એ મારા પરવરદિગારની ઇતાઅત–તાબેદારી કરે. પછી હઝરત જિબ્રઇલે મને કહયું : આ અને તેના જેવી (હૂરો) આપની ઉમ્મત માટે છે. આપ પણ ખુશ થાવ અને ઉમ્મતને પણ તેની ખુશખબરી સંભળાવી દો અને તેઓને નેક કાર્યોમાં મહેનત અને કોશિશનો હુકમ કરી દો.

જન્નતીઓ માટે હૂરોની દુઆઓ

હદીસ : હઝરત અકરમા (રહ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઇરશાદ ફરમાવ્યો :

હૂરોની સંખ્યા તમારા કરતાં અધિક છે. એ પોતાના ખાવિન્દો માટે આ દુઆ કરે છે : "અય અલ્લાહ ! (મારા) એ

ખાવિન્દની પોતાના દીનના બારામાં (અર્થાત : નેક અમલ કરવામાં) મદદ ફરમાવ અને તેના દિલને આપની ફરમાંબરદારી માટે તત્પર અને ઉત્સુક બનાવ અને અય અરહમર્રાહિમીન ! આપની નિકટતા સહિત તેને અમારા સુધી પહોંચાડી દે.

નિકાહ માટે હૂરોનો સંદેશ

હદીસ : હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જન્નત વરસ શરૂ થવાથી પૂરો થવા સુધી રમઝાન મહીનાને આવકારવા માટે સજતી–સંવરતી હોય છે. પછી જયારે રમઝાનની પ્રથમ રાત્રિ હોય છે તો અર્શની નીચે એક હવા ચાલે છે, જેનું નામ મુસૈરા છે. આ કારણે જન્નતના વૃક્ષોના પાંદડા અને બારણાઓની સાંકળો હાલે છે. તેનાથી એવી મીઠી મધુર અવાજ પેદા થાય છે, જે મનને પ્રફુલ્લિત કરી દે છે.

હૂરની તસ્બીહથી જન્નતના વૃક્ષો પર ફૂલો ઉગી નીકળે છે

હઝરત યહયા બિન અબી કસીર (રહ.) ફરમાવે છે કે જયારે હૂરો તસ્બીહ પઢે છે તો જન્નતના દરેક વૃક્ષ ઉપર ફૂલ ઉગી નીકળે છે.

લઅબા હૂર

હદીસ : હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે :
જન્નતમાં એક હૂર છે, જેનું નામ "લઅબા" છે. જો તેણી

પોતાના મ્હોનું થૂંક (કડવા) સમુદ્રમાં નાખી દે તો તમામ સમુદ્રનું પાણી મીઠું થઈ જાય. તેની છાતી ઉપર લખાએલ છે : "જે શખ્સ એવું પસંદ કરે છે કે તેને મારા જેવી હૂર મળે તો તેને જોઈએ કે તે મારા પરવરદિગારની ઈતાઅતવાળા કર્મો કરે."

ફાયદો : હાફિઝ ઈબ્ને કય્યિમે આ રિવાયતને હઝરત ઈબ્ને મસઊદના ઈરશાદથી નકલ કરી છે અને તેમાં વધુમાં એવો ઉલ્લેખ પણ કર્યો છે કે જન્નતની તમામ હૂરો તેની સુંદરતાથી હેરાન અને આશ્ચર્યચકિત છે અને તેના ખભા પર હાથ મારી કહે છે કે "અય લઅબા ! તને મુબારક થાય. જો તારી ઈચ્છા કરનારાઓનો (તારી સુંદરતા તેમજ જમાલ અને કમાલ)ની જાણ થઈ જાય તો તેનો સદ્કાર્યો અને અમલે સાલિહ કરવાની ખૂબ કોશિશ કરી તારા અધિકારી બની જાય.

એવી સુંદરતા જેને જોતાં જ મોત આવી જાય

હઝરત અતા સુલ્મી (રહ.) હઝરત માલિક બિન દીનાર (રહ.)થી ફરમાવ્યું કે અય અબૂ યહયા ! અમને (નેક કામો કરવાના) અને જન્નતમાં જવાનો શોખ અપાવો. તો તેમણે ફરમાવ્યું : "અય અતા ! જન્નતમાં એક હૂર જેની સુંદરતા પર જન્નતીઓ ફિદા થશે અને અલ્લાહ તઆલા જન્નતવાસીઓ માટે જીવતા રહેવાનો ફેસલો આપતા તો તેઓ તેની સુંદરતા જોઈ મરી જાત. ચુનાન્ચેઃ હઝરત અતા હઝરત માલિકની આ વાત સાંભળી લીધા પછી ૪૦ વરસો સુધી ગમગીન અને ઉદાસ રહયા.

આગે ખુદાકો ઈલ્મ હૈ કયા જાને કયા હુવા,
બસ ઉનકે રૂખસે યાદ હૈ ઉઠના નકાબ કા.

હર્વલ નહેરની કુંવારીઓ

હદીસ : હઝરત અબૂ હુરયરહ (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જન્નતમાં એક નહેર છે, જેનું નામ હર્વલ છે. તેના બન્ને કિનારાઓએ વૃક્ષો ઉગેલા છે. જન્નતીઓ જ્યારે સમાઅની ઈચ્છા કરશે તો કહેશે કે અમારી સાથે હર્વલ તરફ ચાલો, જેથી અમે વૃક્ષોથી (સુંદર અને ચિત્તાકર્ષક અવાજો) સાંભળી શકીએ. ચુનાન્ચેઃ તેઓ એવી ખૂબસુરત અવાજોમાં બોલશે કે અલ્લાહ અઝ્ઝ જલ્લ જન્નતીઓને ન મરવાનો ફેસલો કર્યો હોત તો તેઓ એ સંગીતના આનંદમાં મરી જાત. આમ જ્યારે એ સુંદર સુરાવલીઓથી (વૃક્ષો સાથે રહેતી લડકીઓ સાંભળશે તો તેણીઓ અરબી ભાષામાં અત્યંત સુંદર શૈલીના અવાજમાં) અરબી ઝુબાનમાં (કંઈક) પઢશે તો અલ્લાહ તઆલાના વલી તેમની પાસે આવી જશે અને દરેક પોતપોતાની પસંદગી અનુસાર લડકીને પસંદ કરી લેશે. એ પછી અલ્લાહ તઆલા એ લડકીઓની જગ્યાએ બીજી લડકીઓ (એ વૃક્ષ પર) લગાવી દેશે.

હૂરોના હકદાર બનાવનારા નેક આમાલ

ગુસ્સો પી જવા પર હૂર મળશે

હદીસ : હઝરત મઆઝ બિન અનસ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જે શખ્સે ગુસ્સો પી લીધો એમ છતાં કે એ ગુસ્સો પ્રગટ

કરી શકતો હતો. અલ્લાહ તઆલા તેને કયામતના દિવસે તમામ મખલૂક સમક્ષ બોલાવશે અને તેને અખત્યાર આપશે કે એ તેને જે હૂર પસંદ હોય તેને લઈ લે.

હૂર મેળવવાના ત્રણ કામો

હદીસ : હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

ત્રણ કામો એવા છે, જેમાંનું એક કામ પણ જો કોઈ શખ્સ કરશે તો હૂરો તેની સાથે શાદી કરશે : (૧) એ શખ્સ જેની પાસે જરૂરતની અમાનત છાની રીતે રાખવામાં આવી હોય અને એ તેને અલ્લાહના ડરથી પાછી સોંપી દે. (૨) એ શખ્સ જેણે પોતાના કાતિલને માફ કરી દીધો. (૩) એ શખ્સ જેણે પ્રત્યેક ફર્ઝ નમાઝ બાદ **''કુલહુ વલ્લાહુ અહદ....''**ની પૂરી સૂરત તિલાવત કરી.

ફાયદો : ઉપરોકત આમાલમાંથી કોઈપણ અમલ જેટલી વાર કરશે ઈન્શા અલ્લાહ એટલી હૂરો મળશે.

સારા તરીકાથી દરેક રોઝો રાખનારનું ઈનામ ૧૦૦ હૂરો

હદીસ : હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જન્નત એક વરસથી બીજા વરસ (શરૂ થયાથી) સુધી રમઝાન મહીના માટે શૃંગાર કરે છે અને હૂર પણ એક વરસથી બીજા વરસ સુધી રમઝાનુલ મુબારક માટે શણગાર સજે છે.

જન્નત કહે છે, અય અલ્લાહ ! મારા માટે આપના બંદાઓમાંથી આ મહીનામાં મકીન મુકર્રર ફરમાવી દો અને હૂરોએ દુઆ કરે છે કે અય અલ્લાહ ! આ મહીનામાં આપના નેક બંદાઓમાંથી ખાવિન્દ મુકર્રર ફરમાવી દો, જે કારણે અમારી આંખોને ઠંડક વળે અને અમારાથી તેમની આંખો ઠંડી થાય. જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો : જે શખ્સે પોતે રમઝાનુલ મુબારકમાં રોઝા રાખ્યા કંઈ પણ ખાધું–પીધું નહી અને કોઈ મુઅમિન ઉપર બોહતાન–આક્ષેપ પણ મૂક્યો નહીં અને એ રોઝાની હાલતમાં કોઈ ગુનોહ પણ કર્યો નહીં અલ્લાહ તઆલા (રોઝાની) પ્રત્યેક રાત્રિમાં તેના માટે ૧૦૦ હૂરોથી તેમની શાદી કરશે અને તેના માટે જન્નતમાં લુઅલુઉ, યાકૂત અને ઝબર્જદના મહેલ બનાવશે. જો તમામ દુનિયાને એ મહેલમાં રાખવામાં આવે તો તે દુનિયામાં બકરીઓની જગ્યા જેટલો નજર આવશે.

નેકીનો હુકમ અને બુરાઈથી રોકવાના હુકમ કરનારાઓને ઈનામરૂપે મળનાર ઐના હૂરની શાન

હદીસ : હઝરત અબૂ હુરયરહ (રદિ.) ફરમાવે છે :

જન્નતમાં એક હૂર છે, જેનું નામ ઐના છે. એ જ્યારે ચાલે છે તો તેણીની આસપાસ ૭૦ હજાર ખિદમતગાર લડકીઓ ચાલે છે. તેની ડાબી અને જમણી તરફ પણ એટલી જ લડકીઓ હોય છે. આ હૂર કહે છે ક્યાં છે અમ્ર બિલ મઅ્રૂફ કરનારા ? અને નહય અનિલ્ મુન્કર કરનારા ? (અર્થાત : નેકીઓના હુકમ કરનારા અને બુરાઈથી રોકનારા !) હું તેમનો ઈનામ છું. અર્થાત પ્રત્યેક એવા આદમીને આવી એક એક હૂરે ઐના આપવામાં આવશે અથવા અમ્ર બિલ્ મઅ્રૂફ અને નહ્ય

અનિલ્ મુન્કરના સવાબમાં આ હૂર આપવામાં આવશે. ટૂંકમાં નેકીનો હુકમ અને બુરાઈથી રોકવા પર આ હૂર મળશે. વલ્લાહુ અઅ્લમ્.

જન્નતીઓ માટે હૂરો અને ઔરતોની સંખ્યા

૭૦ બીવીઓ

હદીસ : હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

"જન્નતમાં ઈન્સાનની ૭૦ બીવીઓ સાથે શાદી કરવામાં આવશે." અરજ કરવામાં આવી "યા રસૂલલ્લાહ ! શું મર્દ આ બધા માટે તાકાત ધરાવતો હશે ?" આપે ઈરશાદ ફરમાવ્યો : મરદને ૧૦૦ આદમીઓની તાકાત અતા કરવામાં આવશે.

૭૦ જન્નતની, બે દુનિયાની

હદીસ : હઝરત હાતિબ બિન અબી બલ્તઅ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી સાંભળ્યું છે :

જન્નતમાં મુઅમિનની બોતેર બીવીઓથી શાદી કરવામાં આવશે, જેમાં ૭૦ જન્નતની ઔરતો હશે અને બે દુનિયાની ઔરતો હશે.

સામાન્ય જન્નતીની ૭૨ બીવીઓ

હદીસ : હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ

ફરમાવ્યો :

સામાન્ય દરજ્જાની જન્નતના ૮૦ હજાર ખિદમતગાર હશે, ૭૨ બીવીઓ હશે. દરેક જન્નતી માટે લુઅલુઉ અને ઝબર્જદનો એક કૂબો ઉભો કરવામાં આવશે (જેની લંબાઇ) જાબિયા (મુલ્કે શામનું શહેર)થી સન્આ (યમન દેશનું પાટનગર) જેટલી હશે.

દોઝખીઓના વારસાની બે બીવીઓ પણ જન્નતીઓને મળશે

હદીસ : હઝરત અબૂ ઉમામા બાહિલી (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઇરશાદ ફરમાવ્યો : અલ્લાહ તઆલા જે શખ્સને પણ જન્નતમાં દાખલ કરશે તેની બોતેર હૂરોથી અને દોઝખીઓની વારસાની સ્ત્રીઓથી શાદી કરી દેશે. આ ઔરતોમાંથી દરેકની કુબ્લ ખ્વાહિશ કરતી હશે અને મર્દનો નફ્સ કમજોર નહી થાય.

ફાયદો : આ દોઝખીઓની મીરાસનો અર્થ એ છે કે દરેક દોઝખીની જન્નતમાં મીરાસ હશે, જેનો રબ તઆલા પોતાના ફઝલથી મુઅમિનને વારિસ બનાવી દેશે, જેવું કે હદીસ શરીફમાં આવે છે તેને જે ઔરતો જન્નતમાં આપવામાં આવનાર હતી એ મુસલમાનોને આપવામાં આવશે.

સામાન્ય દરજ્જાના જન્નતીની બીવીઓની સંખ્યા

હદીસ : હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઇરશાદ ફરમાવ્યો :

તરજુમો : સામાન્ય દરજ્જાના જન્નતીની જન્નતના સાત દરજ્જાઓ હશે. એ છઠ્ઠે દરજ્જે રહેતો હશે. તેના ઉપર સાતમો દરજ્જો હશે. તેના ત્રણસો ખિદમત કરનારાઓ હશે. તેની સામે સવાર–સાંજ ખાણાના ૩૦૦ પ્યાલાઓ પેશ કરવામાં આવશે. દરેક પ્યાલામાં એવી જાતની વાનગીઓ હશે, જે બીજા પ્યાલાઓમાં નહીં હોય અને જન્નતીએ ખાણું ખાવામાં શરૂઆતથી અંત સુધી મધુર લહેજા પ્રાપ્ત કરશે. એ જન્નતી કહેતો હશે, હે રબ ! જો આપ મને પરવાનગી આપો તો હું તમામ જન્નતીઓને ખવડાવું અને પીવડાવું અને જે કાંઇ મારી પાસે છે (તેમાં કંઇ ઓછું ન થશે) તેની હૂરો તેના માટે બેહતર બીવીઓ હશે અને તેમની દરેકની સુરીનો એક માઇલ જેટલી હશે.

બાર હજાર પાંચસો (૧૨૫૦૦) બીવીઓ

હદીસ : હઝરત અબ્દુલ્લાહ બિન અબી ઔફી (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઇરશાદ ફરમાવ્યો :

જન્નતી મર્દની ૫૦૦ હૂરો, ૪૦૦૦ કુંવારી છોકરીઓ અને ૮૦૦૦ પરિણિત ઔરતોથી શાદી કરવામાં આવશે. જન્નતી જેમાંની દરેક સાથે પોતાની દુનિયવી ઝિંદગીના પ્રમાણ અનુસાર મુઆનેકા કરશે.

બાર હજાર એકસો (૧૨૧૦૦) હૂરો અને બીવીઓનો તરાનો

હદીસ : હઝરત અબ્દુલ્લાહ બિન અબી ઔફી (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઇરશાદ ફરમાવ્યો :

જન્નતમાંથી દરેક મર્દની ૪૦૦૦ કુંવારી, ૮૦૦૦ વાંઝણી અને ૧૦૦ હૂરો સાથે શાદી કરવામાં આવશે. એ બધી દરેક સાતમા દિવસે ભેગી થશે અને સુંદર કંઠથી તરાનો કહેશે. આ તરાનો એટલો હૃદયસ્પર્શી હશે, જેને સૃષ્ટિના સર્જનોમાંથી કોઈએ પણ સાંભળ્યો નહી હોય. એ કહેશે અમે હમેશા રહેનાર છીએ. અમે કયારેય મરનાર નથી. અમે નેઅમતોમાં મોટી થનારી છીએ. અમે કયારેય જુની પુરાણી નહી થઈએ. અમે રાજી રહેનાર છીએ. અમે કયારેય નારાજ નહી થઈએ. અમે હમેશા જન્નતમાં રહીશું અને અમને અહીંથી કોઈ જન્નત બહાર કરનાર નથી. ખુશખબરી છે તેના માટે જે અમારા માટે છે અને જેના માટે અમે છીએ.

દુનિયાની ઔરતો હૂરોથી અફઝલ હશે

હઝરત હબ્બાન બિન અબી જબલા (રહ.) ફરમાવે છે કે દુનિયાની ઔરતો જયારે જન્નતમાં દાખલ થશે તો દુનિયામાં સારા કામો કરવા બદલ તેમને હૂરો ઉપર ફઝીલત અતા ફરમાવવામાં આવશે. (દરજ્જામાં અને સુંદરતામાં પણ).

દુનિયાની ઔરત હૂરથી સિત્તેર હજાર ઘણી અફઝલ હશે

ફાયદો : અલ્લામા કુર્તબી (રહ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી મરફુઆ રિવાયત કરવામાં આપે ઈરશાદ ફરમાવ્યો :

''અંલ્લા દમ્યાત અફ્દલ મિનલ્ હુરિલ્ અયૂનિ બિસબ્ઈનિ અલ્ફ ઝૂ'ફ.''

દુનિયાની ઔરતો હૂરોથી સિત્તેર હજાર ઘણી અફઝલ–શ્રેષ્ઠ હશે.

દુનિયાની ઔરતની સુંદરતાનું દૃશ્ય

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે અલ્લાહના દોસ્ત એક તખ્ત ઉપર જલવાઅફરોઝ એ તખ્તની ઉંચાઈ પાંચસો વરસની મુસાફરી બરાબર હશે. જેવું કે અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે કે **''વ ફર્શ મરફુઅહ્''** અને તખ્ત હશે બુલંદ ફરમાવ્યું કે આ તખ્ત યાકૂત, અહમરનો હશે. તેના ઝમુર્રદ અખ્ઝરની બે પાંખો હશે. તખ્ત ઉપર સિત્તેર હજાર પાથરણાં હશે, જે તમામનો ઢાંચો નૂરનો હશે અને બહાર હિસ્સો બારીક રેશમનો હશે અને અસ્તર જાડા રેશમનો હશે. જો ઉપરના હિસ્સાને નીચેની તરફ લટકાવવામાં આવે તો ચાલીસ વરસની મિકદાર સુધી પણ ન પહોંચે. આ તખ્ત ઉપર પડદાની વ્યવસ્થા પણ હશે, જે લુઅલુઉ મોતીથી બનેલી હશે. તેના ઉપર નૂરના સિત્તેર પડદા હશે. આના સંબંધમાં અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે :

هُمْ وَأَزْوَاجُهُمْ فِي ظِلَالٍ عَلَى الْأَرَائِكِ مُتَّكِئُونَ ﴿٥٦﴾

(યાસીન ૩૬:૫૬)

(જન્નતી હઝરાત અને તેમની બીવીઓ છાયામાં હુજલાતે ઉરૂસીમાં ટેક લગાવીને બેઠેલા હશે). અહીં છાયાનો અર્થ વૃક્ષોની છાયા નથી. આ જન્નતીઓ આ પ્રકારે જ પોતાની બીવીથી બગલગીર થશે. ન બીવી તેનાથી ઘરાશે ન તો મર્દને સંતોષ થશે. આ બગલગીરીનો અરસો ચાલીસ વરસ સુધી જારી રહેશે. અચાનક એ પોતાનું માથું ઉઠાવીને જોશે તો એક બીજી બીવી તેને ઝાંકી લેશે અને તેને પોકારીને કહેશે, અય ખુદાના દોસ્ત ! શું અમારા માટે તમારી પાસે કોઈ હિસ્સો નથી ? જન્નતી કહેશે : અય મારી મહેબૂબ ! તું કોણ છે ? તેણી કહેશે : હું એ બીવીઓમાંથી છું જેના વિષે અલ્લાહ તઆલાએ ઈરશાદ

ફરમાવ્યો છે. **''વલદયૂના મઝીદ''** અમારી પાસે બીજીઓ પણ છે. ચુનાન્ચેઃ તેનો તખ્ત કે બે પાંખ ધરાવતી કુર્સી ઉડીને એ બીવી પાસે પહોંચી જશે. જ્યારે એ જન્નતી તે બીવીને જોશે તો એ પહેલી બીવીથી લાખો ઘણો સુંદર હશે. એ તેની સાથે પણ ચાલીસ વરસો સુધી આલિંગનમાં રહેશે. એ દરમિયાન ન તો તેણી તેનાથી થાકશે અને તે તેણીથી થાકશે. એ જ્યારે માથું ઉઠાવીને જોશે તો તેના મહેલમાં એક નૂર પ્રકાશમાન થશે. તો એ આશ્ચર્યચકિત થઈ જશે અને કહેશે : સુબ્હાનલ્લાહ ! શું કોઈ શાનવાળા ફરિશ્તાએ ઝાંકીને જોયું છે કે પછી મારા પરવરદિગારે દિદાર કરાવ્યા છે. ફરિશ્તો જવાબ આપશે, જ્યારે કે એ જન્નતી નૂરની એક ખુરસી ઉપર બિરાજમાન હશે. આ ફરિશ્તા અને તેની વચ્ચે સિત્તેર વરસોનો ફાસલો હશે. આ ફરિશ્તો બાકી ચોકીદાર ફરિશ્તાઓની પાસે હશે. ફરિશ્તો જવાબ આપશે. ન તો તારી કોઈ ફરિશ્તાએ ઝિયારત કરી છે ન તો તને તારા પરવરદિગાર અઝ્ઝ વ જલ્લએ ઝાંકીને જોયો છે. જન્નતી કહેશે કે તો પછી એ નૂર કોનું હતું ? ફરિશ્તો કહેશે કે તારી દુનિયાની બીવીનો એ પણ જન્નતમાં તારી સાથે જ છે. તેણીએ જ ઝાંકીને તારી તરફ જોયું છે. અને આપના બગલગીર હોવા ઉપર મુશ્કુરાઈ છે. તેં જે પ્રકાશ જોયો એ તેણીના આગળ ના દાંતોનો નૂર હતો. જન્નતી જ્યારે તેની સામે જોશે ત્યારે તેણી તેને કહેશે કે અય વલિયુલ્લાહ ! શું તમો અમારા નસીબમાં નથી ? તો એ પૂછશે કે અય મારી દોસ્ત ! તું કોણ છે ? તો એ કહેશે કે અય વલિયુલ્લાહ ! હું એ બીવીઓમાંથી છું, જેના વિષે અલ્લાહ અઝ્ઝ વ જલ્લ ઈરશાદ ફરમાવે છે :

فَلَا تَعْلَمُ نَفْسٌ مَّآ أُخْفِيَ لَهُم مِّن قُرَّةِ أَعْيُنٍ ج (السجدة ٣٢:١٧)

તરજુમો : (કોઈ જીવ નથી જાણતો આ જન્નતીઓ) માટે

કેવી કેવી આંખોની રાહત છુપાવીને રાખવામાં આવેલ છે). એ જન્નતીનો તખ્ત ઉડીને પહોંચી જશે. એ જ્યારે તેણી સાથે મુલાકાત કરશે તો એ તેની છેલ્લી બીવીથી લાખો ઘણી સુંદર હશે. કેમ કે એ ઔરતે (દુનિયામાં) રોઝા પણ રાખ્યા હતા, નમાઝો પઢી હતી અને અલ્લાહ અઝ્ઝ વ જલ્લની ઈબાદત પણ કરી હતી. એ જ્યારે જન્નતમાં દાખલ થશે તો જન્નતની તમામ ઔરતોમાં અફઝલ હશે. કેમ કે તેણી પેદા જ થઈ હશે (અને તેણીએ દુનિયામાં ઈબાદત કરી હશે). આ જન્નતી તેણી સાથે ચાળીસ વરસો સુધી બગલગીર રહેશે. એ જ્યારે જન્નતીના સામે ઊભી હશે ત્યારે તેણે યાકૂતના ઘુંઘરૂ પહેર્યા હશે, જ્યારે તેનાથી નિકટતા પ્રાપ્ત થશે તો તેના પગોના પાઝેબમાંથી જન્નતના દરેક પક્ષીની સુંદર સુરાવલી સાંભળવા મળશે. એ જ્યારે તેણીની હથેળીઓનો સ્પર્શ કરશે તો એ હાડકાઓના કેલ્શિયમ કરતાં નરમ હશે અને તેને તેની હથેળીમાંથી જન્નતની ખુશ્બૂની સુવાસ પ્રાપ્ત થશે. તેણી એ નૂરની સિત્તેર પોશાકો પહેરી હશે. જો તેમાંની એકાદ ઓઢણીને ફેલાવી દેવામાં આવે તો એ પૂર્વ અને પશ્ચિમની દરમિયાનના હિસ્સાને ઝળાંહળાં કરી દે. તેમને નૂરથી પેદા કરવામાં આવી છે. તેમના પોશાકો ઉપર કેટલાક સોનાના અને કેટલાક ચાંદીના કંગન હશે. આ પોશાક કરોળિયાની જાળથી અધિક બારીક હશે અને તેમને ઉઠાવવામાં તસ્વીરથી વધુ હલકી ફુલકી હશે. તેમના પોશાકોની નફાસત એટલી અધિક હશે કે એ બીવીના ઘૂંટણનો ગુદો પણ નજર આવતો હશે અને તેની રિક્કત હાડકા, ગોશ્ત અને ચામડી પાછળ ચમકતી હશે.

''અલ્હમ્દુ લિલ્લાહિલ્લઝી સદક્ના વઅ્દહૂ''.

(તમામ તા'રીફ અલ્લાહની છે, જેણે પોતાનું વચન સિદ્ધ કરી દેખાડયું) અને ડાબી બાંય પર નૂરથી લખ્યું હશે : **''અલ્હમ્દુ**

લિલ્લાહિલ્લઝી અઝહબ્ અન્નલ્ હુઝ્ન.'' (સમસ્ત પ્રશંસા અલ્લાહની છે, જેણે અમારાથી ગમ દૂર કરી દીધો). તેના જિગર ઉપર નૂરથી લખવામાં આવ્યું હશે : **''હસ્બિ અના લક લા ઊરીદુ બિક બદલા.''** અય મારા દોસ્ત ! હું આપની છું. આપને બદલે બીજા કોઈને ચાહતી નથી. એ ઔરતનો સીનો મર્દનો આઈનો હશે. એ ઔરત યાકૂતની જેમ સાફ અને ચોખ્ખી હશે. તેણી સુંદરતામાં મરજાન સમાન હશે. સફેદીમાં સાચવી રાખેલા ઈંડા સમાન હશે. તેણી પોતાના ખાવિન્દની આશિક હશે. એ પચ્ચીસ વર્ષની હશે. તેની દંતાવલી સુંદર હશે. એ જ્યારે સ્મિત કરશે તો તેના દાંતોનો નૂર ચમકી ઉઠશે. જો મખલૂક તેની વાતચીત સાંભળી લે તો એનાથી સારા–નરસા બધા દીવાના થઈ જાય. એ જ્યારે જન્નતીની સામે ઊભી હશે તો તેની પિંડલીનું નૂર અને (સુંદરતા) એક લાખ ઘણું અધિક હશે અને તેની સુરીનની સુંદરતા તેની જાંઘોથી લાખો ઘણું અધિક હશે અને તેના પેટની સુંદરતા અને નૂર તેની સુરીનોથી એક લાખ ઘણું હશે. તેની છાતીની સુંદરતા પણ ઘણી ઘણી હશે. તેનો ચહેરો તેની છાતીથી ખૂબ ખૂબ નૂરાની અને સુંદર હશે. જો તેણી દુનિયાના સમુદ્રમાં પોતાની લાળ થૂંકી દે તો એ મીઠો થઈ જાય. જો તેણી પોતાના મકાનની છતથી દુનિયા તરફ ઝાંકીને જુએ તો તેનું હુસ્ન સૂરજ અને ચંદ્રને ઝાંખો પાડી દે. તેના માથા પર અહમરનો તાજ હશે અને તેના પર દુર્રો મરજાન જડવામાં આવ્યા હશે. તેની ડાબી બાજુ તેના વાળની એક લાખ લટ હશે. આમાંની કેટલીક લટો ઝબર્જદની કેટલીક મરજાનની અને અમુક જવેરાતની હશે. તેમને અખ્ઝર અને અહમરના તાજ પહેરાવવામાં આવ્યા હશે. વળી ત્યાં રંગબેરંગી મોતી હશે, જેમાંથી ભાત ભાતની ખુશ્બૂઓ ફેલાતી હશે. જન્નતની દરેક ખુશ્બૂ તેના વાળ હેઠળ હશે અને દરેક લટમાં જડેલા જવાહર ચાલીસ વર્ષની મુસાફરી જેટલા દૂરથી નજરે પડશે. જમણી

તરફ પણ આ પ્રકારે જ હશે. તેની પાછળની બાજુએ એક લાખ મેઢિયો તેણીના વાળમાં હશે. આ ઝુલ્ફો–લટો અને મેઢિયો તેની છાતી ઉપર પડતી હશે કે એ તેમને કસ્તૂરી ઉપર ઘસીટતી હશે. તેની ડાબી બાજુ એક લાખ નોકરાનીઓ હશે, જેમના દરેકના હાથમાં એક ઝુલ્ફ–લટ હશે અને તેની જમણી બાજુ પણ આવું જ હશે. વળી તેની પીઠ પાછળ પણ એક લાખ સેવિકાઓ હશે, જેમણે પોતાના હાથમાં એક એક લટ ઉંચકી હશે. એ બીવીની આગળ એક લાખ સેવિકાઓ ચાલતી હશે. તેમની પાસે મોતીઓની સગડીઓ હશે, જેમ આગ વગર બખૂર સળગતું હશે, જેની ખુશ્બૂ ખૂબ દૂર દૂર સુધી પહોંચતી હશે. તેની આસપાસ હંમેશા રહેનાર છોકરાઓ હશે. તેમને કયારેય મૌત નહી આવે. જાણે કે એ મોતી હશે, જે પોતાની અધિકતાના કારણે વિખેરાઈ ગયા હશે. એ બીવી અલ્લાહના દોસ્ત સામે ઉભી રહી તેની નવાઈ અને આશ્ચર્યની મજા લૂટી રહી હશે અને આનંદિત થઈ તેના ઉપર ફિદા થઈ રહી હશે. ત્યાર બાદ એ તેને કહેશે : "અય દોસ્ત ! આપ નૃત્ય અને સંગીતની મઝા લો." આમ કહી તેણી તેની સમક્ષ એક હઝાર જાતના નૃત્યો કરી દેખાડશે. તેના દરેક ઠુમકા લહેકા સાથે સિત્તેર પ્રકારના વસ્ત્રો દેખાતા રહેશે. તેના વાળને શણગારનાર સેવિકા તેની પાસે જ હશે. તેણી જ્યારે ચાલશે તો મસ્તીસભર, નાઝ–નખરા સભર ચાલશે. એ જ્યારે નાચશે તો અત્યંત ખુશ અને મસ્ત લાગશે. એ જ્યારે કોઈ તરફ આકર્ષિત થશે તો સેવિકાઓ પણ વાળની લટો સહિત એ તરફ ફંટાઈ જશે અલ્લાહ તઆલા જલ્લ શાનુહૂ તેણીને એવી શકલમાં (જન્નતમાં જવા માટે બીજી વાર) એ રીતે પેદા કરી હશે કે જો તેણી પોતાના સુંદર વદનને સામે કરે તો પણ એ સામે રહે અને જો પીઠ ફેરવે તો પણ ચહેરો સામે જ. જન્નતી તેની તમામ અદાઓ જોશે. એ જ્યારે તખ્ત ઉપર બેસશે તો તેના સુરીન તખ્તની બહાર નીકળશે અને તેની

ઝુલ્ફો અને વાળની લટો હવામાં લહેરાતી હશે. આ કૈફપૂર્ણ દશ્ય જોઈ વલિયુલ્લાહ એવા બેચેન અને બેકરાર થઈ જશે કે જો અલ્લાહ તઆલાએ મૌત ન આવવાનો ફેસલો ન કર્યો હોત તો એ ખુશીના માર્યે મરી જાત અને જો અલ્લાહે તેને સહનશક્તિ ન આપી હોત તો એ ખૌફથી એ તરફ જોઈ પણ શકત નહીં. કેમ કે તેને તેની આંખોની દષ્ટિ ગુમાવવાનો ભય રહેત. એ પોતાના ખાવિન્દથી કહેશે : અય વલિય્યુલ્લાહ ! ખૂબ ઐશ કરો. જન્નતમાં મૌતનું કયારેય નામ કે નિશાન નથી.

سُبْحَانَ اللّٰهِ الْمَلِكِ الْقُدُّوْسِ ط

હૂરો અને ઔરતો સાથે સંભોગ

અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે :

وَزَوَّجْنٰهُمْ بِحُوْرٍ عِيْنٍ ﴿٢٠﴾ (الطور ٥٢:٢٠)

અને અમે એ જન્નતીઓની શાદી હૂરો સાથે કરી દઈશું.

اِنَّ اَصْحٰبَ الْجَنَّةِ الْيَوْمَ فِيْ شُغُلٍ فٰكِهُوْنَ ﴿٥٥﴾ (يٰسين ٣٦:٥٥)

તરજુમો : જન્નતવાસીઓનો (એ હાલ છે કે તેઓ) બેશક, એ દિવસે (જન્નતમાં) પોતાની પ્રવૃત્તિઓમાં ખુશદિલ હશે. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) આ આયતની તફસીરમાં ફરમાવે છે કે તેમની પ્રવૃત્તિ કુમારિકાઓ સમક્ષ જવાની હશે.

હઝરત ઈબ્ને મસઊદ (રદિ.) પણ આવી જ રિવાયત કરે છે.

હઝરત અકરમા અને હઝરત ઈમામ ઔઝાઈ પણ આવો જ ઉલ્લેખ કરે છે.

જન્નતીઓ સંભોગ પણ કરશે

હદીસ : હઝરત અબૂ ઉમામા (રદિ.)થી રિવાયત છે કે એક શખ્સે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને પૂછયું કે શું જન્નતીઓ સોહબત પણ કરશે ? તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

''દહામન્ દહામન્ લા મની વ લા મન્યત.''

અર્થાત : ખૂબ જોશપૂર્વક સોહબત કરશે. ન મર્દનું પાણી નીકળશે અને ન મૌત આવશે.

જન્નતી પાસે ૧૦૦ મર્દો જેટલી તાકાત હશે

હદીસ : હઝરત અનસ (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઈરશાદ ફરમાવે છે :

''યુઅ્તિલ્ મુઅ્મિન ફિલ્ જન્નતિ કુવ્વતિ માઅહ્-યા'ની ફિલ્ જમાઅ્.''

તરજુમો : મુઅમિનને જન્નતમાં સોહબત કરવા માટે ૧૦૦ મર્દો જેટલી તાકાત આપવામાં આવશે.

એક દિવસમાં ૧૦૦ ઔરતો પાસે જઈ શકશે

હદીસ : હઝરત અબૂ હુરયરહ (રદિ.) ફરમાવે છે કે અર્ઝ કરવામાં આવી કે યા રસૂલલ્લાહ ! શું અમે જન્નતમાં અમારી બીવીઓ પાસે જઈ શકીશું ? તો આપે ઈરશાદ ફરમાવ્યો કે

એક મર્દ એક દિવસમાં ૧૦૦ કુંવારી છોકરીઓ પાસે જઈ શકશે. એક બીજી રિવાયત છે કે સવારમાં ૧૦૦ ઔરતો પાસે જઈ શકશે.

વિર્ય કસ્તૂરી બની સ્ખલિત થઈ જશે

હદીસ : હઝરત ઝૈદ બિન અરકમ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

''અનલ્ બવ્વલુ વલ્ જનાબતિ અર્ક યસીલ અન્ તહ્તિ જવાનબહમ, અલા અક્દામહુમ્ મસ્ક.''

તરજુમો : પેશાબ અને વિર્ય જન્નતીઓના પેહલૂઓની નીચે પરસેવારૂપે વહી પગો સુધી જતાં જતાં કસ્તૂરી બની જશે.

ઔરતની સોહબત કર્યા પછી આપમેળે જ પાક થઈ જશે

હદીસ : હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

''અન્તાફિલ્ જન્નત ? કા-લ : નઅમ્ વલ્લઝી નફ્સી બય્દહ્ દહ્મન્ દહ્મન્, ફાઝા કામ અન્હા રજઅત મુતહર્રત બક્રા.''

તરજુમો : (કોઈએ સવાલ કર્યો કે) શું અમે જન્નતમાં સોહબત પણ કરીશું ? આપે ઈરશાદ ફરમાવ્યો : હા. મને એ ઝાતના સોગંદ જેના કબજામાં મારી જાન છે. ખૂબ જોમ અને ઉત્સાહથી, જ્યારે જન્નતી પોતાની બીવીથી ફારિગ થશે તો તેણી ફરીથી પાક અને કુંવારી થઈ જશે.

એ ફરીથી કુંવારીઓ થઈ જશે

હદીસ : હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

''અહ્લિલ્ જન્નતિ અઝા જામિઊ અન્સાઅહુમ્ આદત અબ્કારા.''

તરજુમો : જન્નતીઓ પોતાની બીવીઓથી સોહબત કરી લેશે તો એ ફરી કુંવારી (જેવી) થઈ જશે.

એકબીજાથી સંતુષ્ટ નહીં થાય

હદીસ : હઝરત અબૂ હુરયરહ (રદિ.) હદીસે સૂરમાં જનાબ રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ નકલ કરે છે કે આપે ઈરશાદ ફરમાવ્યો :

મને એ ઝાતની કસમ જેણે મને હક સહિત મબ્ઉસ ફરમાવ્યો. તમે લોકો દુનિયામાં પોતાની બીવીઓ અને પોતાના મકાનોને જન્નતીઓથી તેમની બીવીઓ અને તેમના મહેલોના જાણવાથી અધિક નથી જાણતા. જન્નતીઓમાંથી પ્રત્યેક શખ્સ પોતાની એ ૭૨ બીવીઓ પાસે જશે, જેમને અલ્લાહ તઆલાએ (પોતાની કુદરતથી સર્જી છે) નવી રીતે પેદા કરી હશે. તેમાંથી બે બીવીઓ આદમની ઔલાદની હશે. આ બે બીવીઓની બીજી બધી ઔરતો ઉપર ફઝીલત હશે. તે એ કારણે કે એ ઔરતોએ દુનિયામાં અલ્લાહ તઆલાની ઈબાદત કરી હતી. જન્નતી મર્દ આ બન્ને ઔરતો પાસે યાકૂતના બાલાખાનામાં સોનાના પલંગ પર દાખલ થશે. આ પલંગને લુઅલુઉનો તાજ પહેરાવવામાં આવ્યો હશે. એ બેગમ પર જાડા અને પાતળા રેશમના ૭૦

જોડી પોશાકો હશે. જન્નતી તેણીના ખભા વચ્ચે (અર્થાત પીઠ પર) પોતાનો હાથ મુકશે તો તેને તેણીની છાતી તરફથી કપડાઓ, ચામડી અને ગોશ્ત નજર આવશે અને એ પોતાની બીવીની પિંડલીના ગુદાને જોઈ શકશે, જે પ્રકારે તમારામાંનો કોઈ શખ્સ યાકૂતના મોતીના કાણામાં દોરાને જુએ છે. મર્દની છાતી માંહેનો હિસ્સો ઔરત માટે આઈનો હશે અને ઔરતના સીનાની અંદરનો ભાગ મર્દ માટે આઈનો હશે. એ જ દરમિયાન એ મર્દ એ બીવી પાસે હશે. એ ન તો તેનાથી ધરાશે ન તેણી તેનાથી સંતુષ્ટ થશે. એ જ્યારે પણ તેની સાથે સંભોગ કરશે તેણી તેને કુંવારી સમાન જ મળશે. ન તો મર્દનો નફસ ઢીલો થશે ન તો સ્ત્રીની યોનીને થાક લાગશે. આ બન્ને આ હાલતમાં હશે તેવામાં જ અવાજ દેવામાં આવશે કે અમે જાણીએ છીએ કે ન તું ધરાઈશ ન એ ધરાશે, કેમ કે ત્યાં પુરૂષનું પાણી નહીં હોય તેમજ સ્ત્રીની યોનીનો સ્ત્રાવ. જન્નતી પોતાની બીજી બીવીઓ પાસે પણ એક એક કરીને જશે. એ જ્યારે પણ કોઈ ઔરત પાસે જશે તેણી એમ કહેશે કે અલ્લાહના સોગંદ ! જન્નતમાં આપથી સુંદર કોઈ નથી. મને જન્નતમાં તમારાથી અધિક કોઈ પણ પ્રિય નથી.

એક તંબુમાં કેટલીએ હૂરો

હદીસ : હઝરત અબ્દુલ્લાહ બિન કૈસ (અબૂ મૂસા અશઅરી રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું :

મુઅ્મિન માટે જન્નતમાં ખૌલદાર લુઅલુઉનો એક તંબુ હશે, જેની લંબાઈ ૬૦ માઈલની હશે. તેમાં મુઅમિનની ઘરવાળીઓ રહેશે. એ ત્યાં તેમની પાસે જતો હશે, પરંતુ આ ઘરવાળાઓ (એ હાલતમાં) એકબીજાને જોતી નહીં હોય.

આનંદ ઉલ્લાસ આપનાર બીવીઓ

હદીસ : હઝરત લકીત બિન આમિરે અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અમે જન્નતમાં કઈ કઈ ચીજોથી આનંદ ઉલ્લાસ મેળવી શકીશું તો આપે ઈરશાદ ફરમાવ્યો :

સાફ–સ્વચ્છ મધની નહેરોથી અને (શરાબની) એવી નહેરોના પ્યાલાઓથી જેમાં ન તો નશો હશે ન નદામત હશે અને એવા પાણીથી જે ક્યારેય ખરાબ નહીં થાય અને એવા મેવાઓથી તમારા ખુદાના સોગંદ જેને તમો જાણો છો કે જ્યારે એ મેવાઓ બીજા મેવાઓથી ઘણા જ બેહતર હશે અને પાક સાફ બીવીઓથી. મેં અર્ઝ કરી યા રસૂલલ્લાહ ! શું અમારા માટે જન્નતમાં એવી કાબિલ બીવીઓ હશે ? તો આપે ઈરશાદ ફરમાવ્યો : નેક મર્દો માટે નેક બીવીઓ હશે. તેઓ પોતાની બીવીઓથી એ પ્રકારે આનંદ પ્રાપ્ત કરશે જે પ્રકારે તમો દુનિયામાં તમારી બીવીઓથી આનંદ મેળવો છો, પરંતુ હાં ત્યાં જન્મ–મરણ નહીં થાય.

નિકટતા (સંભોગ)ની લિજ્જત સિત્તેર વરસો સુધી રહેશે

હઝરત સઈદ બિન જુબૈર (રહ.) ફરમાવે છે કે જન્નતીની કામશક્તિ તેના શરીરમાં સિત્તેર વરસ સુધી ચાલુ રહેશે, જેની લિજ્જત એ માણતો રહેશે. આનાથી જન્નતીઓ ઉપર સંભોગ લાહક નહીં થાય, જેના કારણે તેમને સ્નાન કે પાકી–સાફીની જરૂરત પડે. ન તો તેઓમાં વૃદ્ધત્ત્વ આવશે ન તો તેમની શક્તિઓ ઓછી થશે. આ કારણે તેમને કોઈ પણ પ્રકારની આફત કે દુઃખ નહીં આવે.

ઈમામ ઈબ્ને અબીદુન્યા (રહ.) હઝરત સઈદ બિન ઝુબૈરના ઉપરોકત ઈરશાદને આ પ્રમાણે રજૂ કરે છે કે જન્નતમાં મર્દનો કદ સિત્તેર માઈલ જેટલો હશે અને ઔરતનો ત્રીસ માઈલ જેટલો. એ ઔરતના સુરીન સૂકી જમીનની જેમ તરસ્યા હશે. મર્દની શેહવત ઔરતના શરીરમાં સિત્તેર વરસો સુધી બાકી રહેશે, જેનાથી તેણીને લિજ્જતનો અનુભવ થતો રહેશે.

અને ઈબ્ને અબી શૈબા (રહ.) આ રિવાયતને આ પ્રમાણે બયાન કરે છે કે એમ કહેવામાં આવતું હતું કે જન્નતીઓમાં મર્દનો કદ ૯૦ માઈલનો હશે અને ઔરતનો ૮૦ માઈલનો અને ઔરતના સુરીન સુકી ધરતીની જેમ પ્યાસા હશે. તેના શરીરમાં મર્દની શેહવત સિત્તેર વરસો સુધી બાકી રહેશે, જેનો એને આનંદ થતો રહેશે.

દરેકવાર જોવાથી નવી ઈચ્છા પેદા થશે

હઝરત ઈબ્રાહીમ નખઈ (રહ.) ફરમાવે છે કે જન્નતમાં જેવું ચાહશો તેવું થશે. ત્યાં ઔલાદ નહી થાય. વધુમાં ફરમાવ્યું કે જન્નતી આદમી જ્યારે એક વાર પોતાની અહલિયાને જોશે તો તેને ઈચ્છા થશે. એ પછી બીજી વાર જોશે તો પણ તેને તેણીની ઈચ્છા થશે.

બાર હજાર પાંચસો બીવીઓ સાથે કુર્બત

હઝરત અબ્દુર્રહમાન બિન સાબિત (રહ.) ફરમાવે છે કે જન્નતી મર્દની ૫૦૦ હૂરોથી, ૪૦૦૦ કુવારીઓથી અને ૮૦૦૦ દુનિયાની શાદીશુદા ઔરતોથી શાદી કરવામાં આવશે. દરેક ઔરત સાથે જન્નતી દુનિયા ઉંમર અનુસાર બગલગીર થશે. એ બન્ને (આલિંગન કરનારાઓ)ને કોઈ રોકટોક નહીં કરે.

ત્યાર પછી એ તેનાથી સંભોગ કરશે અને એ દુનિયાની પૂરી ઉંમર જેટલા સમયમાં પણ પૂરો થશે નહિ (બલકે તેનાથી પણ અધિક સમય લાગશે). આ પ્રમાણે જ જ્યારે તેની સમક્ષ કોઈ ખાવા–પીવાનું વાસણ રજૂ કરવામાં આવશે અને તેના હાથમાં આપવામાં આવશે તેનાથી પણ એ દુનિયાની તમામ ઉંમર જેટલી લિજ્જત માણતો રહેશે.

જન્નતી એકથી એક હૂર તરફ ફરતો હશે

હદીસ : હઝરત અનસ (રદિ.) ફરમાવે છે કે મને જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ બયાન ફરમાવ્યું : મને હઝરત જિબ્રઈલે બયાન ફરમાવ્યું કે જન્નતી હૂરની પાસે દાખલ થશે તો તેણી તેનો હસ્તધૂનન અને આલિંગનથી સ્વાગત કરશે. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે (આપ જાણો છો કે) તેણી હાથની કેવી (સુંદર) આંગળીઓથી સ્વાગત કરશે. જો તેણીના હાથની કોઈ આંગળી જાહેર થઈ જાય તો એ ચંદ્ર–સૂરજની રોશની ઉપર છવાઈ જાય અને જો તેણી વાળની એક લટ પ્રગટ થઈ જાય તો પૂર્વ અને પશ્ચિમ વચ્ચેના હિસ્સાને પોતાની ખુશ્બૂથી સુવાસિત કરી દે. જન્નતી એવી જ હાલતમાં એ ઔરત સાથે ગાદી–તકિયા પર બેઠેલો હશે તેના ઉપર નૂર છવાએલું હશે. જન્નતી એવો ગુમાન કરશે કે અલ્લાહ તઆલાએ પોતાની સૃષ્ટિ તરફ ઝાંકયું છે, પરંતુ એ એક હૂર હશે, જે તેને પોકારીને કહેશે કે "અય વલિય્યુલ્લાહ ! ! શું અમારો વારો નહીં આવે ?" એ પૂછશે : "અરે ! તું કોણ છે ?" તેણી કહેશે કે હું એ ઔરતોમાંથી છું, જેના વિષે અલ્લાહ તઆલાએ ઈરશાદ ફરમાવ્યો છે કે "અમારી પાસે અધિક પણ છે." એ પછી તે જન્નતી તેની તરફ વળી જશે અને એ જ્યારે જોશે કે આની પાસે તો તેની સુંદરતા અને

હુશ્ન એવા હશે જે પહેલી પાસે ન હોતા. ત્યાર બાદ એ તેણીની સાથે મસ્હરી ઉપર ગાદી– તકિયાને અઢેલીને બેસશે. ત્યાર બાદ એક વધુ નૂર પ્રકાશશે જે સાદ આપશે : અય વલિય્યુલ્લાહ ! અમારો વારો કયારે આવશે ? એ પૂછશે, અરે તું કોણ છે ? તેણી જવાબ આપશે, હું એ ઔરતોમાંથી છું જેના વિષે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે :

فَلَا تَعْلَمُ نَفْسٌ مَّآ أُخْفِيَ لَهُم مِّن قُرَّةِ أَعْيُنٍ ج (السجدة ٣٢:١٧)

(કોઈ જીવ નથી જાણતું એ મુઅમિનો માટે આંખોની ઠંડક માટે શું શું છુપાવી રાખવામાં આવ્યું છે). આમ તે જન્નતી આ રીતે જ એક બીવી પછી તરફ ઘુમતો રહેશે.

નવી હૂર પોતાની પાસે બોલાવશે

હઝરત સાબિત ફરમાવે છે કે જન્નતી સિત્તેર વરસ સુધી ખૂબ મઝાથી અઢેલીને બેઠો હશે. તેની પાસે તેની બીવીઓ અને નોકર–ચાકર પણ હશે. અચાનક તે ઔરતો જેમણે પોતાના ખાવિન્દને નહી જોયો હોય એ કહેશે હે અપરિચિત ! શું આપ ઉપર અમારો કંઈક હક્ક છે ?

હૂરોના કદનો અંદાજો

હદીસ : હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે સય્યદે દો આલમ જનાબ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જન્નતી મર્દ માટે હૂરો જેમાં ૭૨ બીવીઓ હશે. તેની દુનિયાની ઔરતો ઉપરાંત અને એ (મજકૂર ઔરતો)માં પ્રત્યેકની સુરીન જમીન ઉપર એક માઈલ બરાબર (મોટી) હશે.

નોટ : આ હદીસ ઉપર મુહદ્દિષીને વાદ–વિવાદ કર્યો છે કે આ હદીસ મશહૂર હદીસોથી વિરુદ્ધ છે, જેમાં એવું આવે છે કે જન્નતની ઔરતોનો કદ ૬૦ હાથનો હશે. કેમ કે આ હદીસમાં સુરીનને એક માઈલ જેટલી દર્શાવવામાં આવી છે એ રિવાયતોને નકારે છે. હાં, આ હદીસમાં અને તે હદીસોમાં એ મુતાબેકત હોઈ શકે છે. હૂરો આ તેમની જેમ કદ ધરાવતી હોય. બાકી હૂરોનો કદ અને ઔરતોના શરીર આવા ન હોય. આપે અમુક રિવાયતોમાં પઢયું હશે કે જન્નતી મર્દોના કદ ૯૦ માઈલના હશે અને ઔરતોના શરીર ૮૦ માઈલ જેટલા હશે અને ઔરતો ૩૦ માઈલની હશે. જો રિવાયતોને માની લેવામાં આવે તો પછી આ રિવાયતને સમજવી આસાન થઈ જશે અને જો અહીં માઈલથી મુરાદ એમ લેવામાં આવે કે અરબીમાં બન્ને હાથોને પહોળા કરવાને પણ માઈલ કહેવામાં આવે છે. તો પછી હદીસ મશહૂર અને સહીહ રિવાયતોના લગભગ મુતાબિક થઈ જશે, પરંતુ **''કદ્ર મિલ્ મિનલ્ અર્દ''** આ શબ્દના આ અર્થને ટેકો નથી આપતા. વલ્લાહુ અઅ્લમ્.

● ● ●

اَلتَّحِيَّاتُ الْمُبَارَكَاتُ الصَّلَوَاتُ الطَّيِّبَاتُ لِلّٰهِ، اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِ اللّٰهِ الصَّالِحِيْنَ، اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ ط

(મુસ્લિમ શરીફ)

જન્નતીઓની પહેલી મહેમાની

જમીન રોટી તથા બળદ અને માછલી શાક હશે

હદીસ : હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો : જમીન કયામતના દિવસે એક રોટલી સમાન હશે, જેને ગરમ કરવા માટે ગરમ રેતી ઉપર મૂકી દેવામાં આવશે. અલ્લાહ તઆલા તેને પોતાના હાથે એ રીતે ઉલટ–પલટ કરશે જેવી રીતે તમો સફરમાં તમારી રોટીને ઉલટાવો–પલટાવો છો. એ જ (જન્નતમાં) જન્નતીઓની (સૌથી પહેલી) મહેમાનગીરી હશે. તેમનું શાક બાલામ અને નૂન હશે. સહાબાએ કિરામે અર્ઝ કરી, "આ કઈ ચીજો છે ?" આપે ઈરશાદ ફરમાવ્યો : બળદ અને માછલી હશે. (અને એ એટલા મોટા હશે કે બળદ અને માછલીના કલેજાનો અલગ લટકનાર ટુકડો ૭૦ હજાર જન્નતીઓ ખાશે.

માછલીનું જિગર

હદીસ : હઝરત તારિક બિન શહાબ (રદિ.) ફરમાવે છે કે એક યહૂદી જનાબ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ખિદમતમાં હાજર થયો અને કહ્યું કે આપ અમોને જણાવો કે જન્નતીઓ જ્યારે જન્નતમાં દાખલ થશે તો સૌથી પહેલાં શું ખાશે ?

હઝરત કઅબ (રહ.) ફરમાવે છે કે જ્યારે જન્નતી જન્નતમાં દાખલ થશે તો અલ્લાહ તઆલા તેમને ફરમાવશે, "દરેક મુસલમાન માટે એક તોહફો ભેટ હોય છે. હું પણ

આપને ભેટ આપીશ. એ પછી બળદ અને માછલી પેશ કરવામાં આવશે અને તેમને ઝબહ કરીને જન્નતવાસીઓને ખવડાવી દેવામાં આવશે.

ખાવું-પીવું અને કુદરતી હાજત

બારીએ તઆલાનો ઈરશાદ છે :

إِنَّ الْمُتَّقِينَ فِي ظِلَالٍ وَعُيُونٍ ﴿٤١﴾ وَفَوَاكِهَ مِمَّا يَشْتَهُونَ ﴿٤٢﴾
كُلُوا وَاشْرَبُوا هَنِيئًا بِمَا كُنْتُمْ تَعْمَلُونَ ﴿٤٣﴾ (المرسلت ٧٧:٤١-٤٣)

તરજુમો : પરહેઝગાર લોકો છાયડામાં અને ઝરણાંઓ નિકટ અને લિજ્જતદાર મેવાઓમાં હશે. (અને તેમનાથી કહેવામાં આવશે કે) તમારા નેક અમલના બદલામાં ખૂબ મજાથી ખાઓ-પીઓ. અમે નેક લોકોને આવો જ બદલો આપીએ છીએ.

અલ્લાહ તઆલા વધુમાં ઈરશાદ ફરમાવે છે :

فَأَمَّا مَنْ أُوتِيَ كِتَابَهُ بِيَمِينِهِ فَيَقُولُ هَاؤُمُ اقْرَءُوا
كِتَابِيَهْ ﴿١٩﴾ إِنِّي ظَنَنْتُ أَنِّي مُلَاقٍ حِسَابِيَهْ ﴿٢٠﴾ فَهُوَ فِي
عِيشَةٍ رَاضِيَةٍ ﴿٢١﴾ فِي جَنَّةٍ عَالِيَةٍ ﴿٢٢﴾ قُطُوفُهَا دَانِيَةٌ ﴿٢٣﴾
كُلُوا وَاشْرَبُوا هَنِيئًا بِمَا أَسْلَفْتُمْ فِي الْأَيَّامِ الْخَالِيَةِ ﴿٢٤﴾

(سورة الحاقة ٦٩:١٩-٢٤)

તરજુમો : પછી જે શખ્સનું આમાલનામું તેના જમણા હાથમાં આપવામાં આવશે તો એ (ખુશીનો માર્યો આસપાસના લોકોથી) કહેશે કે મારું આમાલનામું પઢી લો. મને (તો પહેલાંથી જ) શ્રદ્ધા હતી કે મારે મારો હિસાબ પેશ કરવાનો છે. ટૂંકમાં એ શખ્સ પોતે પસંદ કરેલ ઐશ (અર્થાત) બેહિશ્તે બરીમાં હશે, જેના મેવાના વૃક્ષો એટલા ઝુકેલા હશે (કે જે હાલતમાં ચાહશે લઈ શકશે અને હુકમ થશે) ખાઓ–પીઓ મઝાથી આ તમને એ બદલારૂપે આપવામાં આવે છે, જેના આમાલની ઉમ્મીદ દુનિયામાં રાખી હતી.

ખાણું અને કુદરતી હાજત

હદીસ : હઝરત ઝૈદ બિન અરકમ (રદિ.) ફરમાવે છે કે એક યહૂદી જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની પવિત્ર સેવામાં હાજર થયો અને પૂછયું : "અય અબુલ કાસિમ (મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ !) શું આપનો એ ખ્યાલ છે કે જન્તીઓ ખાણું ખાશે અને પીશે ? આપે ઈરશાદ ફરમાવ્યો મને એ ઝાતના સોગંદ જેના કબજામાં મારી જાન છે. પ્રત્યેક જન્નતીને ખાવા–પીવા અને સંભોગ કરવાની ઈચ્છામાં ૧૦૦ વ્યક્તિઓ જેટલી શક્તિ આપવામાં આવશે. "તેણે અર્ઝ કરી" તો પછી જે શખ્સ ખાય છે–પીએ છે. તેની હાજત પણ તો હોય છે ? આપે ઈરશાદ ફરમાવ્યું : તેમની (કઝાએ) હાજત એક પ્રકારનો પરસેવો હશે, જે તેમની ત્વચા દ્વારા વહી જશે. કસ્તૂરીની ખુશ્બૂ સમાન. જ્યારે આ (પરસેવો) નિકળી જશે તો તેનું પેટ સંકોચાઈ જશે

હદીસ : હઝરત અનસ (રદિ.)એ આં હઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી ઈરશાદ ફરમાવતાં સાંભળ્યું છે :

તમામ જન્નતીઓમાં સૌથી નીચા દરજ્જાના જન્નતી સામે ૧૦ હજાર જન્નતી ઉભા હશે. દરેકના હાથમાં બે મોટા

પ્યાલાઓ હશે, જેમાં એક ચાંદીનો હશે અને એક સોનાનો હશે. જન્નતી જેટલી લિજ્જત પ્રથમ પ્યાલાથી મેળવશે એટલી જ લિજ્જત તેને છેલ્લા પ્યાલાથી પણ મળશે. પછી એ તમામ કસ્તૂરીની ખુશ્બૂદાર હવા થઈ જશે. જન્નતીઓ ન તો પેશાબ કરશે ન પાખાના કરશે. ન તો નાક નસીકશે. તેઓ બાદશાહી તખ્તો ઉપર પરસ્પર ભાઈઓની જેમ બેઠા હશે.

રિઝ્કના હદિયા સવાર-સાંજ પહોંચશે

હદીસ : હઝરત હસન (રહ.) અને હઝરત અબૂ કુલાબા (રહ.) બન્ને હઝરાત બયાન કરે છે કે એક શખ્સે અર્ઝ કરી : યા રસૂલલ્લાહ ! ! શું જન્નતમાં પણ રાત હશે, કેમ કે અલ્લાહ તઆલા પોતાની કિતાબમાં ફરમાવે છે :

وَلَهُمْ رِزْقُهُمْ فِيهَا بُكْرَةً وَعَشِيًّا ﴿٦٢﴾ (مريم:١٩:٦٢)

તરજુમો : જન્નતીઓ માટે સવાર–સાંજ જન્નતમાં રિઝ્ક હશે. તો હુઝૂરે અનવર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

ત્યાં કોઈ રાત નહીં હોય, બલકે ત્યાં રોશની અને નૂર સવાર–સાંજ પડશે. તેમના ઉપર અલ્લાહ તઆલા તરફથી નમાઝના સમયમાં જેમાં તેઓ નમાઝ પઢતા હતા હદિયા આવ્યા કરશે અને તેમને ફરિશ્તાઓ સલામ કરતા હશે.

જન્નતમાં પહેલી મહેમાની

હદીસ : હઝરત સૌબાન (રદિ.)થી રિવાયત છે કે યહુદીઓના એક આલિમે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી સવાલ કર્યો કે જે દિવસે આ જમીન ઉપરાંત કોઈ બીજી જમીન તબદીલ કરવામાં આવશે તો લોકો

કયાં જશે ? તો હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ જવાબમાં ઇરશાદ ફરમાવ્યો : તેઓ પુલસિરાતની નીચે અંધકારમાં હશે.'' એ પછી તેણે પૂછયું : લોકોમાંથી સૌપ્રથમ પુલસિરાત ઉપરથી કોણ પસાર થશે ? ફરમાવ્યું : ફુકરાઅ્ મુહાજિરીન. તેણે વધુમાં પૂછયું : જયારે જન્નતીઓ જન્નતમાં દાખલ થશે તો તેમને કેવી મહેમાની કરવામાં આવશે ? ફરમાવ્યું : ''માછલીના જિગરનો વધારાનો હિસ્સો.'' તેણે સવાલ કર્યો : એ મહેમાની પછી તેમને સવારની પહેલી મહેમાનીમાં શું પીરસવામાં આવશે ? આપે ફરમાવ્યું : તેમના માટે જન્નતનો બળદ ઝુબહ કરવામાં આવશે અને જન્નતીઓ તેને ચારેય તરફથી આરોગશે. તેણે પૂછયું : જન્નતીઓને તેને ખાધા પછી કયું પીણું પીશે ? જવાબ ઇરશાદ ફરમાવવામાં આવ્યો કે જન્નતના એ ઝરણાનું પાણી પીશે જેનું નામ 'સલસબીલ' રાખવામાં આવ્યું છે. તેણે કહયું : આપે તદ્દન સાચું ફરમાવ્યું.

૧૦૦૦૦ ખાદિમો ખાણું ખવડાવશે

હઝરત મકાતિલ બિન હય્યાન (રહ.) ફરમાવે છે કે જયારે જન્નતીઓને ખાણું ખાવા બોલાવવામાં આવશે તો તેઓ **''સુબ્હાનકલ્લાહુમ્મ''** કહેશે તો દરેક જન્નતી માટે ૧૦ હજાર નોકરો–ખાદિમો ઉભા થશે. તેમનામાંના દરેક ખાદિમ પાસે સોનાનો મોટો વાટકો હશે, જેમાં એવી ખાવાની વાનગી હશે જેવી બીજા વાટકામાં નહીં હોય. જન્નતીઓ દરેક વાટકામાંથી ખાશે.

સામાન્ય જન્નતીનું ખાણું–પીણું

હદીસ : હઝરત અબૂ હુરયરહ (રદિ.) ફરમાવે છે કે જનાબ

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઇરશાદ ફરમાવ્યો :

જન્નતીઓમાં અદના (નીચા) દરજ્જાનો એ શખ્સ હશે, જેના સાત દરજ્જાઓમાંથી છઠ્ઠા દરજ્જે હશે તેની ઉપર સાતમો દરજ્જો હશે. તેના ત્રણ સો ખાદિમો હશે જે તેની સામે સવાર–સાંજ દરરોજ ૩૦૦ મોટા પ્યાલાઓમાં ખાણું પેશ કરશે. રિવાયત બયાન કરનાર રાવી કહે છે કે મને ખબર નથી પણ તેણે આવું જ કહયું હતું કે એ (પ્યાલા) સોનાના હશે. એ દરેક પ્યાલામાં એ જાતની વાનગી હશે, જે બીજા પ્યાલામાં નહીં હોય અને એ જન્નતી દરેક પ્યાલામાંથી ખાણું ખાઇ સંતુષ્ઠ થશે અને પીવાની ચીજોના પણ ત્રણ સો વાસણો હશે. એ દરેકમાં એવા શરબત અને પીણા હશે જે દરેક પ્યાલામાં જુદી જુદી લિજ્જત આપનાર હશે. એ ઘરાઇ જઇને (તમન્ના કરતાં) કહેતો હશે : યા રબ ! જો આપ મને પરવાનગી આપત તો હું તમામ જન્નતીઓને ખવડાવત અને પિવડાવત અને મારી પાસે જે કોઇ છે તેમાં મુદ્દલ ઘટાડો ન થાત.

પ્રથમ દાવત બળદ અને માછલીની હશે

હઝરત ઇમામ માલિક બિન અનસ (રહ.) ફરમાવે છે કે તેમણે સાંભળ્યું છે કે જન્નતીઓને સૌ પહેલાં જે મહેમાની ખવડાવવામાં આવશે એ માછલી અને બળદ હશે. (બળદ) વિના કોઇ ચરવાહા જન્નતના વૃક્ષો હેઠળ ચાલતો રહેશે અને માછલી નહેરોમાં તરતી રહેશે, જ્યારે જન્નતીઓ જન્નતમાં દાખલ થઇ ચૂકયા હશે તો બળદ અને માછલી બન્નેને બોલાવવામાં આવશે તો એ બન્ને જન્નતીઓ સમક્ષ અવનવા ખેલ કરશે અને એક બીજા સાથે ખૂબ મુકાબલો કરશે, જેનો જન્નતીઓ ભરપૂર આનંદ ઉઠાવશે. પછી માછલી પોતાની

પૂંછડી બળદને મારશે તો બળદ પોતાના શિંગડા મારશે અને આ જ તેનું ઝુબહ થવું હશે. પછી એ લોકો તેના ગોશતને ઘરાઈ ઘરાઈને ખાશે. આ બન્નેના ગોશતમાં દરેક જાતનો સ્વાદ અને લિજ્જત હશે.

જન્નતીના ખાણામાં ઈચ્છાની પરિપૂર્ણતાની ઈન્તિહા

હદીસ : ઈબ્ને અબ્દુલ હકમ (રહ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જન્નતીઓમાંથી એક શખ્સ કોળિયો લઈ પોતાના મ્હોંમાં મૂકશે પછી પોતાના દિલમાં કોઈ ખાણાનો ખ્યાલ કરશે તો તે કોળિયો એ ખાણામાં ફેરવાઈ જશે, જેની તેણે ઈચ્છા કરી હતી.

એક દસ્તરખ્વાન ઉપર સોનાના ૭૦,૦૦૦ મોટા પ્યાલાઓ હશે

હઝરત કઅબ (રહ.) ફરમાવે છે કે જન્નતીઓમાંથી દરેકના દસ્તરખ્વાન ઉપર ૭૦૦૦૦ (સિત્તેર હજાર) પ્યાલાઓ હશે.

ઓડકાર અને પરસેવો કેમ આવશે ?

હદીસ : હઝરત હસન (રહ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જન્નતીઓનો ઓડકાર મુશ્કની જેમ હશે. એ કુદરતી હાજતની જેમ હશે. એ કઝાએ હાજત કે કાયમ મકામ હોગા અને તેમનો પરસેવો મુશ્કની ખુશ્બૂના જેવો હશે અને એ પેશાબના કાયમ મુકામ હશે.

પીવાની ચીજો

પીવાની લિજ્જતો વિગતવાર

અલ્લાહ તઆલા ઇરશાદ ફરમાવે છે :

નેક લોકો ખૂબ આરામમાં હશે. ગાદી તકિયે બેસી (જન્નતની અજાયબીઓ) જોતા હશે. હે સંબોધક ! તું તેમના ચહેરાઓમાં આસાઇશની બશારતને ઓળખીશ અને તેમના પીવા માટે ચોખ્ખી શરાબ હશે, જેના પર મુશ્કની મહોર લાગેલી હશે તેવી પીવા મળશે અને હિર્સ કરનારાઓએ આવી ચીજની હિર્સ કરવી જોઇએ (કે હિર્સને લાયક આ જ છે, ચાહે શરાબ ગણવામાં આવે, ચાહે જન્નતની તમામ નેઅમતો અર્થાત શૌક અને રગબતની ચીજો આ નેઅમતો છે નહીં કે દુનિયાની નુકસાનકારક અને નષ્ટ જનારી લિજ્જતો અને સ્વાદ અને તેમને હાસિલ કરવાનો તરીકો નેક આ'માલ છે, જેથી કરીને એ માટે કોશિશ કરવી જોઇએ) અને શરાબની બનાવટ તસ્નીમના પાણીથી કરવામાં આવશે (અરબો ઘણા ખરા શરાબમાં પાણી મેળવીને પીતા હતા. તો એ શરાબની મિલાવટ તસ્નીમના પાણીથી થશે. તસ્નીમ એક એવું ઝરણું છે, જેનાથી મુકર્રબ લોકો પાણી પીશે (અર્થાત મુકર્રબ લોકોને તસ્નીમનું શુદ્ધ પાણી મળશે અને નેક લોકોને તેનું બીજુ પાણી શરાબમાં ભેળવાયેલું મળશે અને આ મહોર લાગવી ઇકરામ અને મોટાઇની નિશાની છે. નહીંતર ત્યાં તેની કંઇ જરૂરત નથી અને મુશ્કની મહોરનો મતલબ એ છે કે જેવો કાયદો છે કે લાખ વગેરે લગાવીને તેના પર સીલ મારવામાં આવે છે અને આવી ચીજોને તીને ખિતાબ કહેવામાં આવે છે. ત્યાં શરાબના પાત્રના મ્હોં પર મુશ્ક લગાવી તેના ઉપર સીલ કરવામાં આવશે.

હઝરત અબૂ દરદા (રદિ.) **''ખિતામહ મુશ્ક''**ની તફસીરમાં ફરમાવે છે કે તે ચાંદીની શકલમાં સફેદ શરાબ હશે, જેના ઉપર કસ્તૂરીની મહોર મારેલી હશે. જો દુનિયાનો કોઈ શખ્સ તેમાં હાથ નાખી બહાર કાઢે તો (પૂરી દુનિયામાં) દરેક જાનદાર તેની ખુશ્બૂ સૂંઘી શકે.

હઝરત અતા (રહ.) ફરમાવે છે કે તસ્નીમ એક ઝરણાંનું નામ છે, જેમાં શરાબ ભેળવવામાં આવશે.

અલ્લાહ તઆલા વધુમાં ઈરશાદ ફરમાવે છે :

وَيُطَافُ عَلَيْهِم بِآنِيَةٍ مِّن فِضَّةٍ وَأَكْوَابٍ كَانَتْ قَوَارِيرَا ﴿١٥﴾
قَوَارِيرَا مِن فِضَّةٍ قَدَّرُوهَا تَقْدِيرًا ﴿١٦﴾ وَيُسْقَوْنَ فِيهَا
كَأْسًا كَانَ مِزَاجُهَا زَنجَبِيلًا ﴿١٧﴾ عَيْنًا فِيهَا تُسَمَّىٰ سَلْسَبِيلًا ﴿١٨﴾

(الدهر ٧٦:١٥-١٨)

તરજુમો અને તફસીર : અને તેમની પાસે (ખાનપાનની ચીજો ઓળખવા માટે) ચાંદીના વાસણો લાવવામાં આવશે અને પાણી પીવાના પાત્ર જે કાચના હશે (અને) અને એ કાચ ચાંદીના હશે, જેને ભરનારાઓ યોગ્ય માત્રામાં ભર્યા હશે. (અર્થાત તેમાં પીણા એવી રીતે ભરવામાં આવ્યા હશે કે ન તો તે સમયની ઈચ્છામાં કમી આવશે અને ન તો તેમાંથી કંઈ વધશે, કેમ કે આ બન્ને બાબતોથી મજા મારી જાય છે અને ચાંદનીમાં આરપાર નજરે નહી પડે અને કાચમાં અહીં એવી સફેદી નથી હોતી. આમ એ એક અજીબ ચીજ હશે અને તેઓને ત્યાં (શરાબના પ્યાલા ઉપરાંત જેમાં કપૂરની મેળવણી પણ હતી અને એવા પણ શરાબના જામ પીવડાવવામાં આવશે સૂંઠનો અર્ક હશે અને મ્હોંનો સ્વાદ બદલવા માટે તેને પણ મેળવવામાં આવતી હતી) તેઓને આ પીણાઓ સલસબીલ નામે ઝરણામાંથી પીવડાવવામાં આવશે. (વળી, તેમની પાસે આ ચીજો લઈ એવા છોકરાઓ આવતા–જતા રહેશે, જે હંમેશા

છોકરાઓ રહેશે અને તેઓ એટલા સુંદર છે કે જો અય સંબોધક ! તું તેમને ચાલતા ફરતા જૂએ તો એમ સમજે કે ચમકદાર મોતી વિખેરાઈ ગયા છે. મોતીની ઉપમા સફાઈ અને ચમક દમક અને વિખેરાઈ જવાનો અર્થ તેમનું હરવું ફરવું છે. જાણે કે કોઈ મોતી વિખેરાઈને આમ જઈ રહયો છે અને કોઈ તેમ જઈ રહયો છે અને આ એક ઉચ્ચ પ્રકારની ઉપમા છે. આ ઉપરાંત ત્યાં દરેક સામાન ખૂબ જ મોટા પ્રમાણમાં હશે, જે જોઈ જોનારને લાગે કે જાણે મોટી નેઅમત અને મોટી સલતનત છે.

અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે :

إِنَّ الْأَبْرَارَ يَشْرَبُونَ مِن كَأْسٍ كَانَ مِزَاجُهَا كَافُورًا ﴿٥﴾
عَيْنًا يَشْرَبُ بِهَا عِبَادُ اللَّهِ يُفَجِّرُونَهَا تَفْجِيرًا ﴿٦﴾

(الدهر ٧٦:٥-٦)

તરજુમો : નેક લોકો શરાબના જામ પીશે, જેમાં કાફૂર મેળ વવામાં આવ્યું હશે. અર્થાત એવા ઝરણામાંથી પીશે (જેમાંથી ખુદાના ખાસ બંદાઓ પીતા હશે) અને જેને એ ખાસ બંદાઓ જયાં ચાહશે વહાવીને લઈ જશે અને એ જન્નતીઓની એક કરામત હશે કે જન્નતની નહેરો તેમના તાબે હશે. જેવું કે દૂર્રે મન્સૂરમાં ઈબ્ને શોઝબથી રિવાયત છે કે જન્નતીઓના હાથોમાં સોનાની છડીઓ હશે. એ તે છડીઓથી જે તરફ ઈશારો કરશે નહેરો તે તરફ ચાલવા લાગશે અને કાફૂર દુનિયાનો કાફૂર નથી બલકે જન્નતનો કાફૂર છે, જે સફેદી ખુન્કી અને સ્વાદ તેમજ શાકતે દીમાગ સુધી પહોંચાડે છે. શરાબમાં એક ખાસ કૈફિયત લાવવા માટે અમુક બીજી ચીજો મિશ્રણ કરવાની પરંપરા છે. આમ પ્યાલામાં કાફૂર મેળવવામાં આવશે. એ શરાબનો પ્યાલો પેલા ઝરણામાંથી ભરવામાં આવશે. આ પ્રકારનું શરાબ પાન કરનારા જન્નતીઓ નિઃશંક ઉચ્ચ કોટિના હશે.

તસ્નીમ ઝરણું

હઝરત ઈબ્ને મસ્ઊદ (રદિ.) અને હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે તસ્નીમ જન્નતની સૌથી ઉંચી જાતની શરાબ છે, જે મુકર્રિબીનને ખાલિસ પીવડાવવામાં આવશે અને નેક લોકોને મિલાવટ કરીને.

શરાબની છોળો

હઝરત અબૂ ઉમામા (રદિ.) ફરમાવે છે કે જન્નતીઓમાં દરેક શખ્સ જન્નતની શરાબમાં જ્યારે પણ કંઈ પીવાની ચીજની ઈચ્છા કરશે તેની પાસે છાગુલ પેશ થઈ જશે અને તેના હાથમાં આવી જશે. પછી એ પોતાના સ્થાને ચાલી જશે.

સુંદરતામાં વધારો

હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ (રદિ.) ફરમાવે છે કે જન્નતી પાસે જ્યારે કોઈ ગ્લાસ (કોઈ પીવાની ચીજનું) પેશ કરવામાં આવશે તો તેને પીશે પછી પોતાની બીવી તરફ જોશે તો તેણી કહેશે "હવે તમે મારી નજરમાં સિત્તેર ગણા સુંદર થઈ ગયા છો."

હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ (રદિ.) ફરમાવે છે કે હૂરોમાંથી જ્યારે કોઈ એક ઔરત પીણું પીશે તો તેનો ખાવિન્દ તેને જોશે તો તેણી તેની દષ્ટિએ સિત્તેર ગણી સુંદર થઈ ગયેલ દેખાશે.

વાસણોમાંની ચીજ બહારથી દેખાશે

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે જો તમો

દુનિયાની ચાંદીમાંથી થોડીક ચાંદી લઈ તેને બારીક કરો, જાણે માખીના પર જેટલી ઝીણી કરી દો તો પણ તેની પાછળથી પાણી નજર નહીં આવે, પરંતુ જન્નતના કાચ ચાંદીની જેમ સફેદ હશે અને સાફ હશે.

જામને છીનવી લેવાની ચેષ્ટા

અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે :

يَتَنَازَعُونَ فِيهَا كَأْسًا لَّا لَغْوٌ فِيهَا وَلَا تَأْثِيمٌ ﴿٢٣﴾

(الطّور ٥٢:٢٣)

તરજુમો : ત્યાં (જન્નતમાં) પરસ્પર (આનંદ ખાતર) શરાબના જામને છીનવી લેવાની ચેષ્ટા કરવામાં આવશે. આ શરાબમાં ન બકબક લાગશે (કેમ કે નશો નહીં થાય) અને ન તો કોઈ બેહુદા વાત થશે (બુદ્ધિ અને ગંભીરતા વિરુદ્ધ) વાત થશે.

શરાબના સ્વાદની ચરમસિમા

હદીસ : જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઈરશાદ ફરમાવે છે :

''વ લવ્લા અન્નલ્લાહ તઆલા કઝા અલા અહ્લિલ્ જન્નતિ અન્હુમ્ યતનાજઊન અલ્ કાસ બયનહુમ્ મા રફ્ઊહ અન્ન અફ્વાહિહીમુલ્ જાઝહ્.''

તરજુમો : જો અલ્લાહ તઆલા જન્નતીઓ માટે એ ફેસલો ન ફરમાવત કે તેઓ અંદરો અંદર છીનાઝપટી કરશે તો તેઓ લિજ્જતના કારણે પોતાના એ જામને કયારેય હોઠોથી અળગો ન કરત.

શરાબે તહૂર

હદીસ : ઈરશાદે ખુદાવંદી

وَسَقٰهُمْ رَبُّهُمْ شَرَابًا طَهُوْرًا ﴿٢١﴾ (الدهر ٧٦:٢١، پا٢٩)

(અને તેમનો રબ તેમને પવિત્ર શરાબ પીવા માટે આપશે).

ઈબ્ને અબ્દુલ હકમ (રહ.) રિવાયત કરે છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી આ મુબારક આયતના વિશે સવાલ કર્યો તો આપે ઈરશાદ ફરમાવ્યો :

જન્નતીઓ પોતાની ખાણી–પીણી બાદ જે છેલ્લી શરાબ પીશે તે એવું પાણી હશે, જેને તહૂર કહેવામાં આવે છે. જન્નતીઓ જયારે એ પાણીને પીશે તો તેમનું ખાવું–પીવું બધું હજમ થઈ જશે અને તેમનામાં ફરીથી ખાવાની ઈચ્છા જાગશે અને તેમનો હંમેશા આ જ તરીકો રહેશે.

દુનિયામાં તરસ્યાને પાણી પીવડાવવા પર કયામતમાં રહીકે મખ્તૂમ મળશે

હદીસ: હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

''અય્મા મુઅ્મિન્ સક્કી મુઅ્મિનન્ સરબતુ અલા ઝમા સકાહલ્લાહુ તઆલા યવ્મુલ્ કિયામતિ મિનર્રહીકિલ્ મખ્તૂમ.''

તરજુમો : જો કોઈ મુઅમિન બીજા મુઅમિનને તરસની હાલતમાં એક ઘૂંટડો પાણી પીવડાવશે તેને કયામતના દિવસે રહીકે મખ્તૂમથી પીવડાવવામાં આવશે.

જન્નતની શરાબથી કોણ વંચિત રહેશે ?

હદીસ : હઝરત ઈબ્ને ઉમર (રદિ.)થી રિવાયત છે કે

જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

''મન્ સરબલ્ ખમ્ર ફિદ્ દુન્યા સુમ્મ લમ્ યતૂબુ મિન્હા હર્રમહા ફિલ્ આખિરતિ.''

તરજુમો : જે શખ્સે દુનિયામાં શરાબ પીધી અને તેણે તેનાથી તૌબા ન કરી તો તેને આખિરતમાં શરાબે તહૂરથી વંચિત રાખવામાં આવશે.

હઝીરતુલ કુદ્દુસની શરાબનો હકદાર

હદીસ : હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જે શખ્સ શરાબ પીવાની શક્તિ ધરાવે છે. તેમ છતાં જો એ શરાબ નહી પીએ તો હું તેને હઝીરતુલ કુદ્દુસ (પોતાના ઉચ્ચ અને નિયત સ્થાન)થી (પાકિઝા શરાબ પીવડાવીશ અને રેશમ પહેરવાની કુદરત ધરાવનારને જો એ રેશમી કપડાં નહીં પહેરે તો તેને હઝીરતુલ કુદ્દુસની (ખાસ) શરાબ પીવડાવીશ.

ખાવા-પીવાના વાસણો

સોના-ચાંદીના વાસણો

અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે :

અને તેમની પાસે સોના-ચાંદીના વાસણો લાવવામાં આવશે અને પાણી પીવાના પાત્ર જે કાચના હશે. એ કાચ ચાંદીના હશે અને જેમને ભરનારાઓએ યોગ્ય માત્રા અને અંદાજમાં ભર્યા હશે અને તેઓને ત્યાં એવા શરાબનો જામ

પીવડાવશે, જેમાં સૂંઠનું મિશ્રણ કરવામાં આવ્યું હશે.

يُطَافُ عَلَيْهِم بِصِحَافٍ مِّن ذَهَبٍ وَأَكْوَابٍ (الزخرف ٤٣:٧١)

તરજુમો : તેમની પાસે સોનાની રકાબીઓ અને ગ્લાસ લાવવામાં આવશે.

ચાંદીના વાસણોની ચમક અને સફાઈ

હઝરત અકરમા, હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત કરે છે કે આપે ફરમાવ્યું કે તમો દુનિયાની ચાંદીમાંથી થોડીક ચાંદી લો અને ત્યાર પછી તેને એટલી બારીક કરો કે જાણે માખીનું પર આમ કરવા છતાંએ તમોને તેની પાછળથી પાણી નહી દેખાય પણ જન્નતની ચાંદીના વાસણો સફાઈમાં આઈના જેવા હશે અને સફેદીમાં ચાંદી જેવા.

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે જન્નતમાં જે કાંઈ પણ છે તેની જોડ દુનિયામાં અતા ફરમાવવામાં આવી, પરંતુ ચાંદી આઈના જેવી આપવામાં નથી આવી.

સોનાના ૭૦ પ્યાલાઓ

ઈરશાદે ખુદાવંદી **"યતાફ અલયહુમ બિ સિહાફી મિન્ ઝહબ"**ની તફસીરમાં હઝરત ઈબ્ને અમ્ર (રદિ.) ફરમાવે છે કે જન્નતીઓના સામે ૭૦ પ્રકારના મોટા વાડકાઓ પેશ કરવામાં આવશે. એ દરેક વાટકામાંની ચીજોનું ખાણું અને તેનો રંગ વગેરે જુદો જુદો હશે.

સોના-ચાંદીના વાસણો કોને નહી મળે ?

હદીસ : હઝરત હુઝયફા બિન યમાન (રદિ.)થી રિવાયત

છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઇરશાદ ફરમાવ્યો :

''લા તસ્રબુ ફી આનિયતિઝ્ ઝહબ વલ્ ફિદ્દત વલા તાકૂલુ ફી શહાફીહીમા ફાનહ લહુમ્ ફીદ્ દુન્યા વલકુમ્ ફીલ્ આખિરતિ.''

તરજુમો : તમો (મુસલમાનો) સોના અને ચાંદીના વાસણોમાં ન ખાઓ ન પીઓ, કેમ કે એ દુનિયામાં ખુદાના દુશ્મનો માટે છે. (તમારા ઉપર તેમનો ઉપયોગ કરવો હરામ છે). એ તમોને આખિરતમાં (જન્નતમાં) મળશે.

શહીદોની જન્નતમાં આગતા-સ્વાગતાના વાસણો

હદીસ : હઝરત અનસ (રદિ.) સોના અને સફેદ ચાંદીના હશે. તેની દિવાલો અને થાંભલાઓ યાકૂતના હશે. તેનો ઘુમ્મટ લુઅલુઉનો હશે. તેના બુરૂજ મરજાનના બાલાખાના હશે. તેઓ જ્યારે અલ્લાહ તઆલાની ઇતાઅતની વસૂલી કરીને પાછા ફરશે તો તુર્કી ઘોડાઓ (જેવા ટટ્ટુઓ) જે યાકૂતે અબ્ઝના બનેલા હશે એ પેશ કરવામાં આવશે, જેમાં રૂહ ફૂંકી દેવામાં આવી હશે. આ ઘોડાઓની એક તરફ હંમેશા સેવારત રહેનાર કિશોરો હશે, જેમાંના એકના હાથમાં ઘોડાની લગામ હશે. તેમની લગામો સફેદ ચાંદીની હશે, જેના ઉપર દૂર્ર અને યાકૂત જેવા હીરા જડેલા હશે. તેમના જીન બારીક અને મોટા રેશમના બનેલા હશે. આ ઘોડાઓ (ટટ્ટુઓ) તેમને લઇને ચાલશે અને તેમની ચાલ અને રવાલ દેખાડશે. આ રીતે તેઓ જન્નતના બાગ-બગીચાઓની સૈર કરશે. તેઓ જ્યારે પોતાના ઘરોમાં પહોંચશે તો ત્યાં તેઓને એ બધું મૌજૂદ મળશે, જે તેમને તેમના રબ દ્વારા અતા કરવામાં આવ્યું છે અને જે તેમણે પોતાના રબ

પાસેથી માગ્યું હતું. પછી અચાનક એ મહેલોમાંથી પ્રત્યેક મહેલના દરવાજા ઉપર ચાર જાતની જન્નતો હશે. બે બાગ જેમાં ઘટાદાર વૃક્ષો હશે અને બે બાગ ગાઢ સબ્ઝ. પછી જ્યારે તેઓ પોતાના પડાવ પર પહોંચશે અને આરામથી બેસશે તો તેમનાથી તેમનો રબ પૂછશે, જે ચીજનું તમોને તમારા રબે વચન આપ્યું હતું શું તમે તેને સાચું જોયું ? તેઓ અર્ઝ કરશે, જી હાં અમે રાજી થઈ ગયા. આપ પણ અમારાથી રાજી થઈ જાવ. અલ્લાહ તઆલા ફરમાવશે, તમો મારી રઝામંદીથી જ મારા ઘરમાં પહોંચ્યા છો અને તમોને મારો ચહેરો જોવા મળ્યો છે અને તમોને મારા ફરિશ્તાઓ સાથે હાથ મેળવવાનું સદ્ભાગ્ય સાંપડયું છે. મુબારક થાવ તમોને આ કયારેય ખતમ ન થનાર ભેટ. અમારા આપવામાં કાંઈ કમી નહી રહે અને અમારી બખ્શિશ પણ ખૂટશે નહી. ત્યાર પછી જન્નતીઓ કહેશે :

''અલ્હમ્દુ લિલ્લાહિલ્લઝી અઝ્હબ અન્નલ્ હુઝ્ન ઈન્ન રબ્બના લગફૂરુન્ શકૂર. અલ્લઝી અહલ્લના દારુલ્ મકામતિ મિન્ ફદ્લહૂ લા યમસ્સના ફીહા નસબુન્ વલા યમસ્સના ફીહા લગૂબ.''

(તમામ વખાણ અલ્લાહ માટે છે, જેણે અમોને ગમ–ચિંતાઓથી દૂર કર્યા. બેશક, અમારો રબ બખ્શિશ કરનાર અને કદરદાન છે, જેણે અમોને પોતાના ફઝલથી હંમેશ રહેનારી જન્નતમાં ઠેકાણું આપ્યું. આ જન્નતમાં ન તો અમને કોઈ તકલીફ પહોંચશે ન તો કોઈ પ્રકારનો થાક લાગશે.)

અલ્લાહ તઆલાને સૌથી પહેલાં આંધળાઓ જોશે

હઝરત હસન બસરી (રહ.) ફરમાવે છે કે સૌથી પહેલાં જે શખ્સ અલ્લાહ તબારક વ તઆલાના પવિત્ર ચહેરાને જોશે એ અંધ હશે.

ઝિયારતના સમયે જન્નતની તમામ નેઅમતો ભુલાઈ જશે

હઝરત હસન બસરી (રહ.) ફરમાવે છે કે જ્યારે અલ્લાહ તબારક વ તઆલા જન્નતીઓ સામે તજલ્લી ફરમાવશે અર્થાત પોતાના દીદાર આપશે અને જન્નતીઓ અલ્લાહની ઝિયારતનું સદ્ભાગ્ય મેળવશે ત્યારે તેઓ જન્નતની તમામ નેઅમતો ભૂલી જશે.

અજબ તેરી હૈ અય મેહબૂબ સૂરત
નઝરસે ગિર ગએ સબ ખૂબસુરત
તેરી નિગાહને મખમૂર કર દિયા
કયા મયકદે કો જાઉં તુજે દેખનેકે બાદ

સુંદરતા અને રૂપમાં ૭૦ ઘણો વધારો

હઝરત કઅબ અહબાર (રહ.) ફરમાવે છે કે અલ્લાહ તઆલા જ્યારે પણ જન્નત તરફ જૂએ છે ત્યારે ફરમાવે છે કે તું પોતાના લોકો માટે અધિક બેહતર થઈ જા. તો એ પહેલાંથી કેટલાએ ઘણી સુંદર અને રૂપવાન થઈ જાય છે. જો કે તેમાં રહેનારાઓ તેમાં દાખલ થાય અને દુનિયામાં જે દિવસ લોકોની ઈદનો હોય છે. તેમાં એ જન્નતીઓ પણ જન્નતના બાગ બગીચાઓમાં એટલી જ સંખ્યામાં નીકળશે અને તેમના ઉપર જન્નતની પવિત્ર ખુશ્બૂ સળગતી રહેશે. તેઓ પોતાના પરવરદિગારથી જે સવાલ કરશે અલ્લાહ તઆલાએ જે કાંઈ તેમની સુંદરતા અને રૂપમાં સિત્તેર ટકાનો વધારો કરશે. પછી જ્યારે એ પોતાની બીવીઓ પાસે પાછા ફરશે ત્યારે તેઓ જોશે કે તેમના રૂપમાં અને સુંદરતામાં પણ વધારો થઈ ચૂકયો હશે.

દરરોજ બે વાર જોનાર કોણ હશે ?

ઈમામ અમશ (રહ.) ફરમાવે છે કે જન્નતમાં સૌથી ઉચ્ચ સ્થાન ઉપર એ લોકો બિરાજશે જેઓ અલ્લાહ તઆલાને સવાર–સાંજ બન્ને વેળાએ જોતા હશે.

કયો મુસલમાન ઝિયારતથી વંચિત રહેશે ?

હઝરત યઝીદ બિન માલિક દમિશ્કી (રહ.) ફરમાવે છે કે કોઈ બંદો એવો નથી જ અલ્લાહ તઆલા ઉપર અને કયામત ઉપર ઈમાન રાખતો હોય, પરંતુ એ કયામતના દિવસે પોતાની આંખોથી અલ્લાહ તઆલાની ઝિયારત કરશે ત્યાં એ આલિમ ઝિયારત નહીં કરી શકે, જે ઝુલ્મનો હુકમ કરતો હોય, કેમ કે તેના માટે એ હલાલ નહીં હશે કે તે અલ્લાહ તઆલાની ઝિયારત કરી શકે, બલકે એ આંધળો હશે.

રિયાકાર પણ ઝિયારતથી વંચિત

અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે :

فَمَنْ كَانَ يَرْجُوا لِقَآءَ رَبِّهٖ فَلْيَعْمَلْ عَمَلًا صَالِحًا وَّلَا يُشْرِكْ بِعِبَادَةِ رَبِّهٖٓ اَحَدًا ﴿١١٠﴾ (الكهف ١٨:١١٠)

જે શખ્સ અલ્લાહ તઆલાથી મુલાકાત અને (ઝિયારત)ની ઉમ્મીદ ધરાવે છે એને જોઈએ કે એ નેક અમલ કરે અને પોતાના રબની ઈબાદતમાં બીજાને ભાગીદાર ન બનાવે.

અલ્લાહ તઆલા કુર્આન સંભળાવશે

હઝરત અબ્દુલ્લાહ બિન બુરૈદા ફરમાવે છે કે (ઉચ્ચ પ્રકારના) જન્નતીઓ જન્નતમાં અલ્લાહ જબ્બારની હુઝૂરમાં ઝિયારત કરશે અને અલ્લાહ તઆલા તેમની સમક્ષ કુર્આન પઢીને સંભળાવશે અને કુર્આન સાંભળનારાઓમાંથી દરેક જન્નતી પોતાની મજલિસ ઉપર બિરાજમાન હશે, જ્યાં એ હંમેશા બેસતા હશે. ગૌહર, યાકૂત, ઝબર્જદ, સોના અને ઝમુર્રદના મિમ્બરો ઉપર પોતપોતાના આમાલના દરજ્જા અનુસાર બિરાજમાન હશે અને કિરઅતથી તેમની આંખો ઠંડી થશે અને તેનાથી વધીને અઝમતવાળી અને હસીન ચીજ નહીં સાંભળે. ત્યાર બાદ તેઓ પોતાની સવારીઓ ઉપર બેસીને પોતાની ખુશીથી ભરેલી આંખો સહિત બીજા દિવસ માટે પાછા ફરશે.

અલ્લાહ તઆલા અને જન્નતીઓ વચ્ચે ગુફ્તગુ

અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે :

إِنَّ الَّذِينَ يَشْتَرُونَ بِعَهْدِ اللَّهِ وَأَيْمَانِهِمْ ثَمَنًا قَلِيلًا
أُولَٰئِكَ لَا خَلَاقَ لَهُمْ فِي الْآخِرَةِ وَلَا يُكَلِّمُهُمُ اللَّهُ وَلَا يَنْظُرُ
إِلَيْهِمْ يَوْمَ الْقِيَامَةِ وَلَا يُزَكِّيهِمْ (آل عمران ٣:٧٧)

તરજુમો : નિઃશંક, જે લોકો વળતર (અર્થાત દુન્યવી નફો) લઈ છે બિલ મુકાબિલ એ વચનના જે (તેમણે) અલ્લાહ તઆલાને આપ્યું હતું. (દા. ત. અમ્બિયા અલૈહિમુસ્સલામ ઉપર ઈમાન લાવવું) અને એ લોકોને કંઈક હિસ્સો આખિરતમાં

(ત્યાંની નેઅમતનો) નહીં મળે. અને ખુદા તઆલા તેમનાથી (લુત્ફનો) કલામ ફરમાવશે અને તેમની તરફ (મુહબ્બતની દષ્ટિથી) જોશે. કયામતના દિવસે ન તેમને (ગુનાહોથી) પાક કરશે અને તેમના માટે દર્દનાક અઝાબ (તજવીજ) ફરમાવવામાં આવશે.

ફાયદો : આ ઉપરોક્ત પ્રકારના લોકોથી અલ્લાહ તઆલા નારાજ થશે. એટલા માટે તેમનાથી કલામે મુહબ્બત નહીં કરે અને અહલે જન્નતથી રાજી થશે એટલે તેમનાથી કલામ ફરમાવશે. આ વાત મજકૂર આયતથી બતૌર ઈક્તિઝાઉન્નસ સાબિત થાય છે.

અલ્લાહ તઆલા જન્નતીઓને સલામ કરશે

અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે :

سَلٰمٌ قَوْلًا مِّنْ رَّبٍّ رَّحِيْمٍ ﴿٥٨﴾ (يٰسين ٣٦:٥٨)

તરજુમો : તેમને પરવરદિગાર મહેરબાન તરફથી સલામ ફરમાવવામાં આવશે.

હદીસે જાબિરમાં છે કે જન્નતી હઝરાતની સમક્ષ અલ્લાહ તઆલા ઝાંકીને ફરમાવશે **"અસ્સલામુ અલયકુમ્ યા અહલલ્ જન્નતિ."** (હે જન્નતવાસીઓ તમારા ઉપર સલામ હોવ).

શહીદોની સવારીઓ

હદીસ : હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ હઝરત જિબ્રઈલ (અલૈ.)થી આ આયતના વિશે પૂછયું :

وَنُفِخَ فِي الصُّوْرِ فَصَعِقَ مَنْ فِي السَّمٰوٰتِ وَمَنْ فِي الْاَرْضِ
اِلَّا مَنْ شَآءَ اللّٰهُ (الزمر ٣٩:٦٨)

તરજુમો : અને સૂર–ફૂક મારવામાં આવશે તો સમસ્ત ધરતી અને આકાશવાળાઓના હોશ ઉડી જશે, પરંતુ જેને ખુદા ચાહે.

એ કોણ હશે, જેમના હોશ અલ્લાહ તઆલા કાયમ રાખવા ચાહશે ? તો તેમણે બતાવ્યું કે એ શહીદો હશે કે અલ્લાહ તઆલા તેમને એવી હાલતમાં ઉઠાવશે કે તેમણે પોતાની તલવારો અર્શે ખુદાવંદીની આસપાસ લટકાવી હશે, જ્યારે ફરિશ્તાઓ તેમને મેહશરના મેદાનમાં મળશે તો તેઓ યાકૂતની ઉમદા સવારીઓ ઉપર હશે. તેમાંની લગામો સફેદ મોતીની હશે અને કુજાવાઓ સોનાના હશે. લગામોના દોરડાઓ બારીક અને જાડા રેશમના હશે અને લગામો રેશમથી પણ અધિક મુલાયમ હશે. તેમના કદમ મર્દોની દષ્ટિ–સિમા સુધી પડશે. તેઓ પોતાના ઘોડાઓ ઉપર જન્નતની સ્હેલ કરતા હશે. તેમના સ્હેલ સપાટા જ્યારે લાંબા થઈ જશે તો કહેશે : ચાલો અમારી સાથે પરવરદિગારની તરફ કે આપણે તેમને જોઈએ કે એ પોતાની મખલૂક દરમિયાન કઈ પ્રકારના ફેસલા કરે છે. અલ્લાહ તઆલા (તેમને જોઈને) તેમને (ખુશ કરવા) હંસી પડશે અને જ્યારે અલ્લાહ અઝ્ઝ વ જલ્લ કોઈ બંદાની તરફ કોઈ મોકા ઉપર હંસી પડે તો તેનાથી (કયામતના દિવસે આમાલ) હિસાબ–કિતાબ નહીં થશે.

આલા દરજાના જન્નતીનો ઘોડો

હદીસ : હઝરત અલી (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ઈરશાદ ફરમાવતાં સાંભળ્યા :

જન્નતમાં એક ઝાડ છે, જેના ઉપરના ભાગેથી પોશાકો નીકળશે અને નીચેના ભાગેથી યાકૂત અને જૌહરની જીન અને લગામ સહિત ઘોડો નીકળશે. એ ન તો લીદ કાઢશે ન તો

પેશાબ. તેના કેટલાએ પડ હશે. તેના કદમ જ્યાં સુધી નજર પહોંચે ત્યાં સુધી પડશે. જન્નતીઓ તેના ઉપર સવાર થશે અને જ્યાં ચાહે ત્યાં સુધી લઈને ઉડશે. એ જન્નતી જે તેમનાથી નીચેના દરજ્જાનો હશે. એ કહેશે : અય રબ કયા અમલે તારા એ બંદાઓને આ પ્રકારની શાન અને શૌકત સુધી પહોંચાડયા છે ? તો તેમને કહેવામાં આવશે : (૧) આ લોકો રાત્રે નમાઝ પઢતા હતા, જ્યારે તમો ઊંઘ લેતા હતા. (૨) એ લોકો રોઝો રાખતા હતા, જ્યારે કે તમો રોઝાઓને છોડી દેતા હતા. (૩) એ લોકો સદકો–ખૈરાત કરતા હતા, જ્યારે તમો કંજુસાઈ દાખવતા હતા. (૪) એ લોકો જિહાદ કરતા હતા, જ્યારે કે તમો બુઝદિલી દેખાડતા હતા.

જન્નતના ઘોડાઓ અને ઊંટ

હદીસ : હઝરત બુરૈદા (રદિ.)થી રિવાયત છે કે એક શખ્સે અર્ઝ કરી : યા રસૂલલ્લાહ ! ! શું જન્નતમાં ઘોડાઓ પણ હશે ? તો આપે ઈરશાદ ફરમાવ્યો : જો અલ્લાહ તઆલા તને જન્નતમાં દાખલ ફરમાવશે ત્યારે તું જ્યારે ચાહશે કે યાકૂતે અહમરના ઘોડા ઉપર સવાર થાઉં અને એ તને જન્નતમાં ઉડાવતો ફરે તો તું સવાર (થઈ જન્નતની એ રીતે સ્હેલ કરી શકે) તો તું એ પ્રમાણે કરી શકીશ. એક બીજા સહાબીએ અર્ઝ કરી : યા રસૂલલ્લાહ ! ! શું જન્નતમાં ઊંટ હશે ? તો આપે તેને એવો જવાબ ન આપ્યો જેવો પહેલા સહાબીને આપ્યો હતો, બલકે ફરમાવ્યું : જો આપને અલ્લાહ તઆલા જન્નતમાં દાખલ ફરમાવશે. તો આપના માટે જન્નતમાં એવું સર્વ કાંઈ હશે, જેને તમારું દિલ ચાહશે અને તમારી આંખોને લિજ્જત મળશે.

અલ્લાહના દીદાર માટે લઈ જનાર ઘોડો

હદીસ : હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જ્યારે જન્નતીઓ જન્નતમાં દાખલ થઈ જશે તો તેમની પાસે યાકૂતે અહમરના ઘોડાઓ પેશ થશે, જેમના પડ પણ હશે, જેઓ ન તો લીદ કાઢશે ન પેશાબ કરશે. આ હઝરાત તેમના ઉપર સવાર થશે અને એ ઘોડાઓ તેમને લઈને ઉડશે. અલ્લાહ જબ્બાર તેમની સામે તજલ્લી ફરમાવશે તો એ હઝરાત અલ્લાહ તઆલાની ઝિયારતનું સદ્‌ભાગ્ય સાંપડતાં સિજદામાં પડી જશે ત્યારે અલ્લાહ તઆલા ફરમાવશે : તમારા શિર ઉઠાવી લો કેમ કે આ અમલ કરવાનો દિવસ નથી. આ તો ઈજ્જત તેમજ મરતબો મેળવવાનો દિવસ છે. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે કે એ જન્નતીઓ પોતાનું માથું ઉઠાવશે અને અલ્લાહ તઆલા તેમના ઉપર ખુશ્બૂની વર્ષા કરશે. પછી તેઓ મુશ્કની ટેકરીઓ પાસેથી પસાર થશે તો અલ્લાહ તઆલા એ ટેકરીઓ ઉપર એવી હવાઓ ચલાવશે કે જે એ જન્નતીઓને સુગંધિત કરી દેશે. એ જ્યારે પોતાના ઘરે પહોંચશે તો તેમના ખુલ્લા વાળ મુશ્કની સુગંધ મિશ્રિત હશે.

جَزَى اللّٰهُ عَنَّا مُحَمَّدًا صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ بِمَا هُوَ اَهْلُهٗ ط

દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

* અનુક્રમણિકા *

ક્રમ	વિષય	પેજ નં.
૧	જન્નતની આશા રાખવાવાળો જન્નતમાં જશે...	૪૮૩
૨	જન્નત ઉપર ઈમાન લાવવું ફર્ઝ છે.....	૪૮૩
૩	મુલ્કે કબીર (મહાન રાજસત્તા) દસ લાખ	૪૮૪
૪	ફરિશ્તાઓ પણ એની પાસે પરવાનગી.....	૪૮૫
૫	હુસ્નો-પાકીઝગીની કોઈ સિફત બયાન.....	૪૮૬
૬	બાદશાહો જેવું સ્થાન.....	૪૮૬
૭	(જન્નતના દરવાજાની પહોળાઈ) સાત લાખ....	૪૮૭
૮	દરેક દરવાજાના બે પટ વચ્ચે ૪૦ વર્ષ	૪૮૮
૯	બે દરવાજા વચ્ચેનું અંતર.....	૪૮૮
૧૦	જન્નતના દરવાજા ઉપર–નીચે છે.....	૪૮૯
૧૧	દરેક મો'મિનની જન્નતના ચાર દરવાજા છે.....	૪૮૯
૧૨	મિસ્કીનો અને ફકીરોથી મુહબ્બત.....	૪૯૦
૧૩	ઈમાનનું ઈનામ.....	૪૯૦
૧૪	જન્નતના આઠેય દરવાજા ખૂલી જશે.....	૪૯૧
૧૫	સહીહ અકીદા ધરાવનાર મુસલમાન જન્નતના....	૪૯૧
૧૬	જન્નતની રજિસ્ટ્રી અને ઈલાહી ઈજાઝતનામું ...	૪૯૨
૧૭	જન્નતનો પાસપૉર્ટ(જન્નતપ્રવેશ માટેનો પરવાનો)	૪૯૩
૧૮	જન્નતીઓનાં મકાનો અને રહેઠાણોની ઓળખ...	૪૯૩
૧૯	પોતાની બીવીઓ અને ઘરોને જન્નતી.....	૪૯૫
૨૦	જન્નતમાં દાખલ થતી વેળાનાં ખૂબસૂરત દૃશ્યો ...	૪૯૫

ક્રમ	વિષય	પેજ નં.
૨૧	અઝીમુશ્શાન ઊંટોંની સવારી.....	૪૯૮
૨૨	જન્નતમાં મૌત હોત, તો ખુશીથી મરી જાત.....	૫૦૧
૨૩	સૌથી શ્રેષ્ઠ દરજ્જો.....	૫૦૧
૨૪	ફિરદૌસ અર્શની કેટલી નજીક છે ?.....	૫૦૨
૨૫	જન્નતના દરજ્જા કઈ ચીજથી બનેલા છે ?.....	૫૦૨
૨૬	દરજ્જા બુલંદ કરાવનાર અમલો.....	૫૦૩
૨૭	હાફિઝે કુર્આનનો જન્નતનો દરજ્જો.....	૫૦૩
૨૮	તિલાવત કરનાર ગૈર-હાફિઝના દરજ્જા.....	૫૦૪
૨૯	દરેક આયત જન્નતનો એક દરજ્જો છે.....	૫૦૪
૩૦	આયતોની સંખ્યાથી વધીને કોઈ દરજ્જો નથી.....	૫૦૫
૩૧	બધી જ જન્નતો પર છાંયડો કરનાર ઝાડ.....	૫૦૫
૩૨	દરેક ઝાડના થડ સોનાના હશે.....	૫૦૬
૩૩	જન્નતની ખજૂર.....	૫૦૭
૩૪	કુર્આનના ખત્મ પર જન્નતના ઝાડનો તોહફો.....	૫૦૭
૩૫	બુખ્તી ઊંટના જેટલાં મોટાં મોટાં પક્ષીઓ.....	૫૦૮
૩૬	૭૦ લઝ્ઝતોવાળું મુલાયમ અને મીઠું ગોશ્ત.....	૫૦૮
૩૭	આ પક્ષી ક્યાંનાં હશે ?.....	૫૦૯
૩૮	પક્ષીઓના ચરવાનાં સ્થળ અને ઝરણાં.....	૫૦૯
૩૯	ઝંજબીલ અને સલ્સબીલનાં પક્ષીઓ.....	૫૧૦
૪૦	શેકાઈને પેશ થનાર પક્ષી.....	૫૧૧

ક્રમ	વિષય	પેજ નં.
૪૧	જન્નતી ગુચ્છો.....	૫૧૧
૪૨	જન્નતી ફળની લંબાઈ.....	૫૧૧
૪૩	દાડમ.....	૫૧૨
	* જન્નતનું બજાર *	
૪૪	મર્દ અને ઔરતના હુસ્નો–જમાલમાં વધારો....	૫૧૩
૪૫	જન્નતી પોતાની શકલ બદલશે.....	૫૧૩
૪૬	શૌહરો અને બીવીઓનાં શરીરની ખુશ્બૂમાં....	૫૧૪
૪૭	બજારની નેઅ્મતો.....	૫૧૫
૪૮	દર વખતે નેઅ્મત અને શાનો-શૌકતમાં વધારો...	૫૧૬
૪૯	ખાવિંદ–બીવીની પસંદિત શકલો.....	૫૧૭
૫૦	બજારનો સામાન.....	૫૧૮
૫૧	બજારનો વેપાર.....	૫૧૯
૫૨	અલ્લાહનો દીદાર જન્નતની બધી જ નેઅ્મતોથી..	૫૧૯
૫૩	ઝિયારતે ખુદાવંદી મૃત્યુ પછી થશે.....	૫૨૦
૫૪	નજીકથી ઝિયારત કરનાર કોણ ?	૫૨૦
૫૫	ઊંચા દરજ્જાનો જન્નતી અલ્લાહ તઆલાની.....	૫૨૧
૫૬	જન્નતીઓની ભાષા અરબી	૫૨૨
૫૭	મુઅ્મિનની ઔલાદ પોતાના	૫૨૩
૫૮	મુબારક સુન્નતો	૫૨૪
૫૯	ઉલમાએ કિરામના અભિપ્રાયો	૫૩૧

જન્નતની આશા રાખનાર જન્નતમાં જશે

હદીસ : હઝરત ઈબ્ને ઉમર રદિયલ્લાહુ તઆલા અન્હૂ ફરમાવે છે કે, હુઝૂર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

"જન્નતમાં તે જ માણસ દાખલ થશે, જે તેની ઉમ્મીદ કરશે (જેથી દરેક મુસલમાને એના ઉમ્મીદવાર રહેવું જોઈએ)."

(અબૂ નુઐમ કૃત સિફતુલ જન્નહ : ૧/૫૯, હિલ્યહ : ૩/૨૨૫, મુસન્નફે ઈબ્ને અબી શયબહ : ૧૬૧૯૬, કન્ઝુલ ઉમ્માલ : ૫૮૬૬, દુર્રે મન્ચૂર : ૬/૩૧૪)

ફાયદોઃ એક હદીસમાં હઝરત અનસ રદિયલ્લાહુ તઆલા અન્હૂએ હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી આ બયાન કર્યું છે કે જન્નતમાં એની આશા રાખનાર સિવાય કોઈ જશે નહી .

જેથી દરેક માણસે જન્નતમાં જવાની આશા અને લાલચ રાખવી જોઈએ. (સિફતુલ જન્નહ : ૧/૬૦)

જન્નત ઉપર ઈમાન લાવવું ફર્ઝ છે

હદીસ : હઝરત ઉમર બિન ખત્તાબ રદિયલ્લાહુ તઆલા અન્હૂ ફરમાવે છે કે, અમે હુઝૂર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની મજલિસમાં બેઠા હતા. તે સમયે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની પાસે એક માણસ હાજર થયો અને અરજ કરી : યા રસૂલલ્લાહ (સલ.)! ઈમાન શું છે ?

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો : (ઈમાન આ છે) કે, તું અલ્લાહ તઆલા પર ઈમાન લાવે, એ જ રીતે તેના ફરિશ્તાઓ પર, એની કિતાબોં પર, એના રસૂલો પર, મૌત

પર, મૌત પછી સજીવન થવા પર, હિસાબ–કિતાબ પર, જન્નત પર, દોઝખ પર અને દરેક પ્રકારની (સારી અને ખરાબ) તકદીર પર ઈમાન લાવે.

(સહીહ મુસ્લિમ : ૧/૩૮, અલ્ બઅ્ષુ વન્નુશૂર : ૧૧૧, મુસ્નદે અહમદ : ૧/૨૭)

ફાયદો : આ હદીસે પાકમાં બીજા અકીદઓ સાથે જન્નતને પણ ઈમાનનો જુઝ (એક અંશ) ઠેરવવામાં આવ્યો છે, તેથી જે માણસ જન્નતનો ઈન્કાર કરે તે મુસલમાન કહેવાશે નહિ.

(શર્હે અકીદતુત્તહાવિય્યહ : ૨/૧૬૧ થી ૧૭૪)

તદુપરાંત, કુર્આને પાકમાં અથવા મુતવાતિર હદીસોમાં જન્નત અને એના અહેવાલ વિશે જે કાંઈ મૌજૂદ છે તે પણ ઈમાનનો જુઝ (એક અંશ) છે, એનો ઈન્કાર પણ કુફ્ર છે. કેટલાક પશ્ચિમી માનસ ધરાવનાર કથિત તહકીકકાર લોકો જન્નત અને એની ઘણી બધી નેઅમતોનો ઈન્કાર કરે છે, એમણે પોતાના ઈમાનની ફિકર–ચિંતા કરવી જોઈએ.

જન્નતના હાલાતમાં જે જે ઈરશાદાત કુર્આને કરીમ અથવા હદીસોમાં વર્ણવાયા છે એને એક જગ્યાએ જમા કરવાની અણથક કોશિશ કરી છે. આ સંગ્રહમાં જન્નતની જરૂરત તથા ઈમાનને સારી પેઠે જોઈ શકાય છે.

મુલ્કે કબીર (મહાન રાજસત્તા) દસ લાખ ખાદિમો સાથે સફર

હદીસ : હઝરત હસન બસરી રહમતુલ્લાહિ અલયહથી રિવાયત છે કે, હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જન્નતીઓમાં સૌથી નીચલા દરજ્જાનો જન્નતી તે છે, જે લાલ

યાકૂતના ઘોડા પર સવાર થશે, જેની પાંખ સોનાની હશે (અને) હંમેશા રહેનાર દસ લાખ ખિદમતગાર છોકરાઓ સાથે હશે.

હે મુખાતબ ! અગર તું તે જગ્યાને નિહાળીશ તો તને એમાં મોટી નેઅમત અને મોટી બાદશાહત દેખાશે.

(બુદૂરુસ્ સાફિરહ : ૨૧૪૯)

ફરિશ્તાઓ પણ એની પાસે પરવાનગી લઈને દાખલ થશે

અલ્લાહ તઆલાનો ઈરશાદ છે :

وَإِذَا رَأَيْتَ ثَمَّ رَأَيْتَ نَعِيمًا وَمُلْكًا كَبِيرًا ﴿٢٠﴾ (الدهر ٧٦:٢٠)

હઝરત અબૂ સુલયમાન દારાની રહમતુલ્લાહિ અલયહ ફરમાવે છે કે, મુલ્કે કબીર આ છે કે જન્નતી પાસે રબ્બુલ ઈઝ્ઝતનો કાસિદ (એલચી) તોહફા અને હદિયા લઈને આવશે, પરંતુ તેની પાસે ત્યાં સુધી નહિ પહોંચી શકે, જ્યાં સુધી પરવાનગી ન લઈ લે. તે દરબાનને કહેશે : તમે અલ્લાહના દોસ્તથી પરવાનગી લઈ લો, કેમ કે હું (પરવાનગી વગર) તેના સુધી નથી પહોંચી શકતો, તો તે દરબાન બીજા દરબાનને કહેશે અને એવી જ રીતે તે દરબાન પછી બીજા દરબાન હશે, તો એ તેને આવવાની પરવાનગી આપશે.

તે જન્નતીના મહેલથી દારુસ્સલામ સુધી એક દરવાજો એવો હશે, જેમાંથી તે પોતાના પરવરદિગાર પાસે જ્યારે ચાહે ત્યારે પરવાનગી વિના જઈ શકશે. બસ, મુલ્કે કબીર (મોટી રાજસત્તા) આ જ છે કે રબ્બુલ ઈઝ્ઝતનો કાસિદ (એલચી) પણ તે જન્નતી પાસે એની પરવાનગી વગર જઈ શકશે નહિ, જ્યારે કે તે જન્નતી પોતાના રબ પાસે જ્યારે ચાહે ત્યારે હાજર થશે.

(બુદૂરુસ્ સાફિરહ : ૨૧૪૮, સિફતુલ જન્નહ : ૧/૧૪૦)

હુસ્નો–પાકીઝગીની કોઇ સિફત બયાન થઇ શકતી નથી

ઇરશાદે ખુદાવંદી છે :

وَإِذَا رَأَيْتَ ثَمَّ رَأَيْتَ نَعِيمًا وَمُلْكًا كَبِيرًا ﴿٢٠﴾ (الدهر٧٦:٢٠)

આ આયતના સંદર્ભમાં હઝરત ઇબ્ને અબ્બાસ રદિયલ્લાહુ તઆલા અન્હૂ ફરમાવે છે કે આનાથી અલ્લાહ તઆલાનો મકસૂદ એ છે કે એની તારીફ કરનાર કોઇ પણ માનવી એના હુસ્નો–પાકીઝગીની તારીફ નથી કરી શકતો.

(સિફતુલ જન્નહ : ૧/૧૩૮)

બાદશાહો જેવાં ઉચ્ચ સ્થાન

હદીસ : હઝરત અબૂ સઈદ રદિયલ્લાહુ તઆલા અન્હૂ ફરમાવે છે કે, હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઇરશાદ ફરમાવ્યો :

અલ્લાહ તઆલાએ જન્નતની દીવાલ એક ઈંટ સોનાથી અને એક ઈંટ ચાંદીથી બનાવી, પછી એમાં નહેરો વહેતી કરી અને ઝાડ લગાવ્યાં. જ્યારે ફરિશ્તાઓએ જન્નતના હુસ્ન(સૌંદર્ય)ને જોયું તો કહ્યું : (હે જન્નત !) તને બાદશાહોના મકાન મુબારક થાય.

નોટ : વધુ વિગત અને વિસ્લેષણ જન્નતના ગુલામો, ખિદમતગારો, હૂરો વગેરેનાં પ્રકરણમાં બલકે પૂરી કિતાબમાં વાંચી શકાય છે. આ કિતાબમાં મજકૂર જન્નતની નેઅમતોનો એક અદના ભાગ પણ આજે મોટામાં મોટા હાકિમને પ્રાપ્ત નથી, છતાં એની

શાનો– શોકતની ચર્ચા કરવામાં આવે છે, જ્યારે કોઈ જન્નતની બધી જ ઉચ્ચ અને અફઝલ નેઅમતો પૂરેપૂરી હાસિલ કરી લેશે તો તેની બાદશાહીનો શું મકામ હશે ? (તબરાની)

જન્નતના દરવાજાની પહોળાઈ સાત લાખ માણસો એકસાથે દાખલ થશે

હદીસ : હઝરત સહલ બિન સઅદ રદિયલ્લાહુ તઆલા અન્હૂથી રિવાયત છે કે, હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

મારી ઉમ્મતના સિત્તેર હજાર (૭૦,૦૦૦) માણસો અથવા સાત લાખ (૭,૦૦,૦૦૦) માણસો (બંને સંખ્યામાંથી એક વિશે રિવાયતકર્તાને શંકા) એક–બીજાના હાથ પકડીને જન્નતમાં દાખલ થશે, તેમણે પરસ્પર એક–બીજાને હાથથી પકડી રાખ્યા હશે, તેમનો પહેલો માણસ ત્યાં સુધી જન્નતમાં દાખલ થશે નહિ, જ્યાં સુધી તેમનો છેલ્લો માણસ દાખલ ન થાય. એમના ચેહરા ચૌદમી રાતના ચાંદ જેવા હશે.

(બુખારી શરીફ : ૧૧/૪૧૬, મુસ્લિમ શરીફ : ૩૭૩, અત્તરગીબ : ૪/૪૯૯, મુસ્નદે અહમદ : ૫/૫૮૧, તબરાની કબીર : ૬/૧૭૫, મજ્મઉઝ્ ઝવાઈદ : ૧૦/૪૦૭, ફત્હુલ બારી : ૧૧/૪૦૬-૪૧૬, કન્ઝુલ ઉમ્માલ : ૩૪૫૧૬, તફસીરે ઈબ્ને કથીર : ૨/૭૯)

ફાયદો : આ હદીસથી જાણવા મળે છે કે સિત્તેર હજાર (૭૦,૦૦૦) અથવા સાત લાખ (૭,૦૦,૦૦૦) જન્નતી એક સાથે જન્નતના દરવાજેથી દાખલ થશે. આ હદીસના આધારે જન્નતના દરવાજાની પહોળાઈનો અંદાજ આવી શકે છે કે, એક દરવાજેથી એક સાથે અંદાજે સાત લાખ (૭,૦૦,૦૦૦) માણસોના દાખલ થવા જેટલી પહોળાઈ છે.

દરેક દરવાજાના બે પટ વચ્ચે ૪૦ વર્ષ ચાલવા જેટલું અંતર

હદીસ : હઝરત હસન બસરી રહમતુલ્લાહિ અલયહથી રિવાયત છે કે, હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઈરશાદ ફરમાવે છે કે :

જન્નતના આઠ દરવાજા છે, એના દરેક દરવાજાના બે પટ વચ્ચે ચાલીસ (૪૦) વર્ષ (સુધી સફર કરવા) જેટલું અંતર છે.

(અલ્ બુદૂરુસ સાફિરહ : ૧૭૬૫, વસ્ફુલ ફિરદૌસ : ૧૭, મજ્મઉઝ્ ઝવાઈદ : ૧૦/૧૯૮, કન્ઝુલ્ ઉમ્માલ : ૧૦૧૯૬, ઈત્તિહાફુસ્સાદહ : ૮/૫૨૬)

હદીસ : હઝરત મુઆવિયહ બિન હૈદહ રદિયલ્લાહુ તઆલા અન્હૂથી રિવાયત છે કે, હુઝૂર સય્યિદે દો–આલમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જન્નતના (દરવાજાના) પટોમાંથી બે પટો વચ્ચે ચાલીસ (૪૦) વર્ષ (ચાલવા)નો ફાસ્લો છે, એના (પટો) પર એક દિવસ એવો પણ આવનાર છે કે તેના પર ખૂબ જ ભીડ હશે.

(મુસ્નદે અહમદ : ૫/૩, અલ્ બુદૂરુસ્ સાફિરહ : ૧૭૬૨, અજઉમઉઝ્ ઝવાઈદ : ૧૦/૩૯૭, ઈબ્ને કષીર કૃત સિફતુલ્ જન્નહ : ૩૨, અબૂ નુઐમ કૃત સિફતુલ્ જન્નહ : ૧૭૯, ઈત્તિહફિસ્સાદહ : ૧૦/૫૨૭)

બે દરવાજા વચ્ચેનું અંતર

હદીસ : હઝરત લકીત બિન આમિર રદિયલ્લાહુ તઆલા અન્હૂ વફદની શકલમાં હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ખિદમતે અકદસમાં હાજર થયા અને અરજ કરી : યા રસૂલલ્લાહ (સલ.)! જન્નત અને જહન્નમ શું છે ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

તારા મા'બૂદની કસમ, દોઝખના સાત દરવાજા છે, તેમાંથી પ્રત્યેક બે દરવાજા વચ્ચે મુસાફરી કરનાર માણસ ૭૦ વર્ષ ચાલી શકે છે અને જન્નતના આઠ દરવાજા છે. એમાંથી પ્રત્યેક બે દરવાજા વચ્ચે મુસાફરી કરનાર માણસ ૭૦ વર્ષ ચાલી શકે છે.

ફાયદો : યાદ રહે કે આ એક દરવાજાના બે પટ વચ્ચે નહિ, બલકે ઉપર–નીચેના બે દરવાજા વચ્ચેનું અંતર બતાવવું મકસૂદ છે, ઉપરોક્ત મઝમૂનથી પણ આ જ વાત સમજવી જાઈએ.

(જન્નતકે હસીન મનાઝિર : ૧૩૪)

જન્નતના દરવાજા ઉપર–નીચે છે

જેવી રીતે જન્નતના દરજ્જા એક–બીજાની ઉપર છે, એના દરવાજા પણ એ જ પ્રમાણે છે, જેમ કે ઉપરની જન્નતનો દરવાજો પણ નીચલી જન્નતથી ઉપર છે, અને જ્યારે પણ કોઈ જન્નત ઊંચી થશે તો તે તેટલીજ વિશાળ હશે, અને સૌથી ઉપરવાળી (જન્નત) સૌથી વધુ વિશાળ હશે, અને શાયદ જન્નતના દરવાજાઓની વિશાળતા જન્નતની વિશાળતા મુજબ હશે, એટલે જ જન્નતના બે પટની વચ્ચેનું અંતર બયાન કરવામાં મતભેદ જોવા મળે છે કેમ કે અમુક દરવાજા અમુકની ઉપર છે.

(જન્નતકે હસીન મનાઝિર : ૧૩૫)

દરેક મો'મિનની જન્નતના ચાર દરવાજા હશે.

હઝરત ફઝારી રહમતુલ્લાહિ અલયહ ફરમાવે છે કે, દરેક મો'મિન માટે (એની) જન્નતના ચાર દરવાજા હશે. એક દરવાજાથી એની ઝિયારત માટે ફરિશ્તાઓ હાજર થતા રહેશે. એક દરવાજાથી એની હૂરે ઈન બીવીઓ દાખલ થશે. એક દરવાજો એના અને

દોઝખીઓની વચ્ચે બંધ રહેશે. જ્યારે ચાહશે ત્યારે ખોલી એમની તરફ જોઈ લેશે, જેથી એના માટે (જન્નતની) નેઅમતની કદરમાં વધારો થાય. એક દરવાજો એની અને દારુસ્સલામની વચ્ચે આડ રૂપે હશે. એ જન્નતી જ્યારે ચાહશે ત્યારે એ દરવાજેથી પોતાના રબની પાસે હાજર થઈ શકશે.

(જન્નતકે હસીન મનાઝિર : ૧૩૬/૧૩૭)

મિસ્કીનો અને ફકીરોથી મુહબ્બત

હદીસ : હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

મિસ્કીનો અને ફકીરોથી મુહબ્બત કરવી જન્નતની ચાવી છે.

ફાયદો : મિસ્કીન તે છે, જેની પાસે કાંઈ પણ ન હોય અને ફકીર તે છે, જેની પાસે ઝકાતના નિસાબથી ઓછો માલ હોય.

(જન્નતકે હસીન મનાઝિર : ૧૪૨/૧૪૩)

ઈમાનનું ઈનામ

હદીસ : હઝરત ઉમર બિન ખત્તાબ રદિયલ્લાહુ તઆલા અન્હૂ ફરમાવે છે કે, હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જે માણસ એ હાલતમાં વફાત પામ્યો કે તે અલ્લાહ તઆલા અને કિયામતના દિવસ પર ઈમાન ધરાવતો હતો, તો એને કહેવામાં આવશે કે જન્નતના આઠેય દરવાજાઓ પૈકી જે દરવાજેથી ચાહે (તે દરવાજેથી) જન્નતમાં દાખલ થઈ જા.

(જન્નતકે હસીન મનાઝિર : ૧૪૪)

જન્નતના આઠેય દરવાજા ખૂલી જશે

હદીસ : હઝરત જરીર (બિન અબ્દુલ્લાહ બજલી) રદિયલ્લાહુ તઆલા અન્હૂથી રિવાયત છે કે, હુઝૂર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જે માણસ આ હાલતમાં મરણ પામ્યો કે, તેણે અલ્લાહ તઆલા સાથે કોઈને શરીક ઠેરવ્યો ન હતો (અને) નાહક કોઈને કતલ કર્યો ન હતો, તો જન્નતના દરવાજાઓ પૈકી જે દરવાજેથી ચાહશે, (તે દરવાજેથી) જન્નતમાં દાખલ થઈ જશે.

(જન્નતકે હસીન મનાઝિર : ૧૪૪)

સહીહ અકીદા ધરાવનાર મુસલમાન જન્નતના જે દરવાજેથી ચાહે (તે દરવાજેથી) દાખલ થઈ શકશે

હદીસ : હઝરત ઉબાદહ બિન સામિત રદિયલ્લાહુ તઆલા અન્હૂ ફરમાવે છે કે, હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જે માણસે આ કહ્યું :

اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَاشَرِيْكَ لَهٗ وَاَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ وَاَنَّ عِيْسٰى عَبْدُاللّٰهِ وَرَسُوْلُهٗ وَابْنُ اَمَتِهٖ وَكَلِمَتُهٗ اَلْقَاهَا اِلٰى مَرْيَمَ وَ رُوْحٌ مِّنْهُ وَالْجَنَّةُ حَقٌّ وَّالنَّارُ حَقٌّ ط

(હિસ્ને હસીન)

અર્થ : હું ગવાહી આપુ છું કે અલ્લાહના સિવાય કોઈ મા'બૂદ નથી, તે એકલો જ છે, તેનો કોઈ શરીક નથી અને હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અલ્લાહના બંદા અને તેના રસૂલ છે અને હઝરત ઈસા અલયહિસ્સલામ અલ્લાહના બંદા અને તેના રસૂલ અને એની બંદીના બેટા છે અને એના કલિમહ (પેદાઈશ) છે હઝરત મરયમ અલયહસ્સલામની તરફ જેને (હઝરત જિબ્રઈલ અલયહિસ્સલામના વાસ્તાથી) પહોંચાડયો અને અલ્લાહના તરફથી એક જીવ(વાળી વસ્તુ) છે, જન્નત (પણ) હક છે અને જહન્નમ (પણ) હક છે. તો જન્નતના આઠ દરવાજાઓ પૈકી જે દરવાજેથી જવા ઈચ્છશે (તે દરવાજેથી) અલ્લાહ તઆલા દાખલ ફરમાવશે.

(જન્નતકે હસીન મનાઝિર : ૧૪૪/૧૪૫)

જન્નતની રજિસ્ટ્રી અને દાખલા માટે ઈલાહી ઈજાઝતનામું (વિઝા)

અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે કે :

كَلَّآ إِنَّ كِتَٰبَ ٱلْأَبْرَارِ لَفِى عِلِّيِّينَ ﴿١٨﴾ وَمَآ أَدْرَىٰكَ مَا
عِلِّيُّونَ ﴿١٩﴾ كِتَٰبٌ مَّرْقُومٌ ﴿٢٠﴾ يَشْهَدُهُ ٱلْمُقَرَّبُونَ ﴿٢١﴾

(المُطفّفين ٨٣:١٨-٢١)

અર્થ : બિલકુલ નહિ (પરંતુ) નેક લોકો(ના જન્નતી હોવા)નું શાહી ફરમાન ઈલ્લિય્યીનમાં (લખી રાખ્યું) છે અને આપને શું ખબર કે, ઈલ્લિય્યીનમાં રાખેલું શાહી ફરમાન શું છે ? તે એક લખેલો કાગળ છે (જેને શરૂ કરતી વખતે) મુકર્રબ (ફરિશ્તાઓ અને નબીઓ) હાજર હતા (કે તે માણસને અમે જન્નતમાં દાખલ કરીશું). (સૂરએ મુતફ્ફિફીન : ૧૮-૨૧, જન્નતકે હસીન મનાઝિર : ૧૬૫)

જન્નતનો પાસપૉર્ટ (જન્નતપ્રવેશ માટેનો પરવાનો)

હદીસ : હઝરત સલમાન ફારસી રદિયલ્લાહુ તઆલા અન્હૂ ફરમાવે છે કે, હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

કોઈ પણ માણસ જન્નતમાં (આ) પરવાના વગર દાખલ થઈ શકશે નહિ.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط هٰذَا كِتَابٌ مِّنَ اللّٰهِ
لِفُلَانِ بْنِ فُلَانٍ اَدْخِلُوْهُ جَنَّةً عَالِيَةً قُطُوْفُهَا دَانِيَةٌ ط

આ પરવાનાનો અર્થ આ છે : શરૂ અલ્લાહના નામથી જે બેહદ મહેરબાન, મોટો રહમકર્તા છે, આ પરવાનો અલ્લાહ તઆલા તરફથી ફુલાં બિન ફુલાં માટે છે, (હે ફરિશ્તાઓ !) આ માણસને તે જન્નતમાં દાખલ કરી દો, જે ઘણી જ શાનવાળી છે. જેનાં ફળફળાદિ લચી–ઝુકી પડેલાં છે (એટલે કે એની નેઅ્મતોને પ્રાપ્ત કરવી બિલકુલ આસાન છે).

ફાયદો : અલ્લામહ કુર્તુબી (રહ.)ને આ હદીસ નકલ કર્યા પછી ફરમાવે છે કે, કદાચ આ પરવાનો તે મુસલમાનો માટે છે, જેઓ હિસાબ પછી જન્નતમાં દાખલ થશે.

(જન્નતકે હસીન મનાઝિર : ૧૬૫)

જન્નતીઓનાં મકાનો અને રહેઠાણોની ઓળખ

અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે :

وَالَّذِيْنَ قُتِلُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ فَلَنْ يُّضِلَّ اَعْمَالَهُمْ ۝٤

سَيَهْدِيهِمْ وَيُصْلِحُ بَالَهُمْ ۝٥ وَيُدْخِلُهُمُ الْجَنَّةَ عَرَّفَهَا لَهُمْ ۝٦

(سورہ محمد ۴۷:۴-۶)

અર્થ : જેઓ અલ્લાહની રાહમાં (એટલે કે) જિહાદમાં માર્યા જાય છે, અલ્લાહ તઆલા તેમના અમલોને બિલકુલ વ્યર્થ કરશે નહિ. અલ્લાહ તઆલા તેમને (મંઝિલે) મકસૂદ સુધી પહોંચાડશે અને તેમની હાલત (કબ્ર, હશ્ર, પુલ સિરાત અને આખિરતના બધા જ મોકાઓમાં) સહી–સલામત રાખશે અને તેઓને જન્નતમાં દાખલ કરશે અને તેમને એની ઓળખ કરાવી દેશે (કે દરેક જન્નતી પોતપોતાનાં નક્કી કરેલાં રહેઠાણ પર શોધખોળ કર્યા વગર બેતકલ્લુફ પહોંચી જશે).

હઝરત મુજાહિદ રહમતુલ્લાહિ અલયહ મજકૂર આયતની તફસીરમાં ફરમાવે છે કે, જન્નતી પોતાનાં ઘરો અને મહેલોને એવી રીતે ઓળખશે કે ભૂલશે નહિ, જાણે કે જ્યારથી પેદા કરવામાં આવ્યા ત્યારથી તેઓ એ જ મહેલોમાં વસવાટ કરી રહ્યા હતા. એ મહેલો વિશે કોઈને પૂછશે નહિ.

હઝરત મુકાતિલ બિન હય્યાન રહમતુલ્લાહિ અલયહ ફરમાવે છે : અમને આ વાત પહોંચી છે કે તે ફરિશ્તો જેઓ માણસોના અમલોની હિફાઝતના ઝિમ્મેદાર છે, તે જન્નતમાં આગળ આગળ ચાલશે અને જન્નતી એના પાછળ પાછળ ચાલશે, અહીં સુધી કે જન્નતી પોતાની છેલ્લી મંઝિલ પર પહોંચી જશે અને ફરિશ્તો તે જન્નતીને તે દરેક વસ્તુની ઓળખ કરાવશે, જે અલ્લાહ તઆલાએ એને અર્પણ કરી હશે. પછી જ્યારે તે પોતાના મકામ પર પોતાની બીવીઓ પાસે દાખલ થશે તો તે ફરિશ્તો પાછો ફરશે.

(જન્નતકે હસીન મનાઝિર : ૧૬૭)

(આ તફસીર ઝઈફ દરજ્જાની–ઝઈફ કક્ષાની છે.)

પોતાની બીવીઓ અને ઘરોને જન્નતી પોતે ઓળખતો હશે

હદીસ : હઝરત અબૂ હુરયૂરહ રદિયલ્લાહુ તઆલા અન્હૂ ફરમાવે છે કે, હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

મને તે ઝાતની કસમ, જેણે મને હક સાથે મોકલ્યો છે, તમે દુનિયામાં પોતાની બીવીઓ અને ઘરોને જન્નતીઓથી વધુ નથી ઓળતા, જેટલાં કે તેઓ પોતાની બીવીઓ અને મહેલોને ઓળખતા હશે, જ્યારે તેઓ જન્નતમાં દાખલ થશે.

નોટ : મજકૂર રિવાયતમાં ઝાહિરી–દેખીતી રીતે મતભેદ જણાય છે કે જન્નતીઓ પોતાનાં નિવાસસ્થાનને પોતે ઓળખશે કે એમને બતલાવવામાં આવશે. એ વિશે આ તફસીલ છે કે જન્નતીઓ પોતે જ પોતાના નિવાસસ્થાન અને બીવીઓને અલ્લાહના હુકમથી જાણતા હશે. તેમ છતાં અમુક જન્નતી એવા હશે, જેમના એ'ઝાઝ–સન્માન અને ઈકરામમાં અને એમની ખુશીમાં વધારો કરવા માટે આગળ આગળ ફરિશ્તા ચાલતા હશે.

(જન્નતકે હસીન મનાઝિર : ૧૬૭/ ૧૬૮)

જન્નતમાં દાખલ થતી વેળાનાં ખૂબસૂરત દૃશ્યો અને ઈસ્તિકબાલ (સ્વાગત)

يَوْمَ نَحْشُرُ الْمُتَّقِيْنَ اِلَى الرَّحْمٰنِ وَفْدًا ﴿٨٥﴾ (مريم:١٩:٨٥)

અર્થ : જે દિવસે અમે નેક લોકોને વફ્દની શકલમાં રહમાનના મહેમાન બનાવીશું.

આ આયત વિશે હઝરત અલી રદિયલ્લાહુ તઆલા અન્હૂએ હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને સવાલ કર્યો કે, વફ્દ તો (જે ઘોડા વગેરે પર) સવાર હોય તેઓને કહેવામાં આવે છે ? તો હુઝૂર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

મને એ ઝાતની કસમ, જેના અંકુશમાં–કબજામાં મારો જાન છે, જ્યારે આ જન્નતીઓ પોતાની કબ્રોમાંથી ઊઠશે ત્યારે એમના સ્વાગત માટે સફેદ ઊંટ (સવારી માટે) પેશ કરવામાં આવશે, જેની પાંખ હશે અને એના પર સોનાની અંબાડીઓ (સજી) હશે, એમના બૂટના તળિયાં નૂરથી ચમકતાં હશે. એ ઊંટોંના કદમ નજર પહોંચે ત્યાં પડતા હશે, આ રીતે તેઓ જન્નત સુધી પહોંચશે તો અચાનક લાલ યાકૂતનાં કૂંડા સોનાના કિવાળો (કમાડો) ઉપર દેખાશે અને તેઓ તરત જ જન્નતના દરવાજે એક ઝાડ પાસે પહોંચશે. જેના મૂળમાંથી બે ઝરણાં ફૂટી રહ્યાં હશે. જ્યારે તેઓ એમાંથી એક ઝરણાંનું પાણી પીશે તો એમના ચેહરા પર નેઅ્મતોની ચમક-દમક પસાર થઈ જશે અને જ્યારે બીજા ઝરણાથી (ગુસ્લ અને) વુઝૂ કરશે તો એમના વાળ ક્યારેય વિખેરાશે નહિ. પછી તેઓ જન્નતનાં કૂંડાંને કિવાળ પર હલાવશે.

તો કાશ કે હે અલી ! તમે તે કિવાળનાં કૂંડાનાં ટકરાવાના અવાજને સાંભળી શકત (કે તે કેટલો રાહત અને ખુશીથી ભરેલો હશે), તો એ કૂંડાંના ટકરાવાનો અવાજ દરેક હૂર સુધી એ રીતે પહોંચશે કે એનાથી તેને ખબર પડી જશે કે તેનો ખાવિંદ હવે આવવા ચાહે છે, તો તે જલદીથી સ્ફૂર્તિથી ઊઠશે અને પોતાના મુતવલ્લી (ફરિશ્તા)ને રવાના કરશે, તો તે એ જન્નતી માટે(એની ખાસ જન્નતનો) દરવાજો ખોલશે. જો અલ્લાહ તઆલાએ તે જન્નતીને (મેદાને મેહશરમાં પોતાની ઝિયારત કરાવી) ઓળખ કરાવી ન હોત તો તે મુતવલ્લીના નૂર અને ખૂબસૂરતી જોઈ (તેને જ ખુદા સમજી)

સિજદામાં પડી જાત. મતલબ કે, તે ફરિશ્તો ખબર આપશે કે, મને આપના કામોનો મુતવલ્લી અને ખાદિમ બનાવવામાં આવ્યો છે.

પછી તે જન્નતીને પોતાની પાછળ પાછળ લઈને ચાલશે, તો તે જન્નતી એ ફરિશ્તાની પાછળ પાછળ ચાલતા પોતાની બીવી પાસે પાહોંચી જશે, તો તે (બીવી) જલદીથી પોતાની બેઠકેથી ઊઠી જશે અને તંબૂના બહાર નીકળી એને ભેટી પડશે અને કહેશે કે : તમે મારી મુહબ્બત છો અને હું આપની મોહબ્બત છું. હું આપથી રાજી રહેનાર છું, ક્યારેય નારાજ થઈશ નહિ, હું નેઅ્મતો અને લઝ્ઝતોમાં કાયમ-દાયમ રહીશ, કદાપિ ચીંથરેહાલ થઈશ નહિ, હું હંમેશા નવયુવાન રહીશ કદાપિ ઘરડી થઈશ નહિ.

પછી તે જન્નતી એવા મહેલમાં દાખલ થશે, જેના પાયાથી લઈ છત સુધી એક લાખ હાથની ઉંચાઈ હશે, જે લુઅ્લુઅ્ અને યાકૂતના પહાડ પર બનાવવામાં આવ્યો હશે. એ મહેલના અમુક થાંભલા લાલ હશે, અમુક લીલા અને અમુક પીળા હશે. તમામ થાંભલા એક બીજાથી અલગ હશે. (પછી તે પોતાના જન્નતી શણગારેલા તખ્ત (સ્ટેજ) પાસે આવશે તો તેની ઉપર એક બીજો ખાસ તખ્ત (સ્ટેજ) હશે, તેના ઉપર સિત્તેર (૭૦) અલગ અલગ પલંગ સજેલા હશે, જેની ઉપર સિત્તેર (૭૦) દુલ્હનો હશે. દરેક (દુલ્હન) પર સિત્તેર પોશાક હશે, તે છતાં તેમની પિંડીનો ગૂદો ચામડી (અને પોશાકો)ના અંદરથી આરપાર દેખાતા હશે, જન્નતી એમની સાથે એક રાતની મિકદારમાં સોહબત પૂરી કરી શકશે.

એ જન્નીઓના મહેલની નીચે નહેરો વહેતી હશે અને એવા પાણીની નહેર હશે, જે બિલકુલ પાક અને સાફ હશે, તેમાં ડહોળાપણું બિલકુલ હશે નહિ, અને અમુક નહેરો સાફસુથરા મધની હશે, જે મધમાખીના પેટમાંથી નિકળેલું નહિ હોય, અને અમુક નહેરો શરાબની હશે, જે પીવા માટે હશે, પીનાર માટે હળાહળ લઝ્ઝત હશે, એને લોકોએ પગ તળે રગદોળીને નિચોવી નહિ હોય.

અમુક નહેરો એવા દૂધની હશે, જેનો સ્વાદ ક્યારેય બદલાશે નહિ, આ દૂધ જાનવરોના પેટથી નિકળ્યું નહિ હોય. જ્યારે જન્નતીઓને ખાવાની ઈચ્છા થશે ત્યારે એમની પાસે સફેદ રંગના પક્ષીઓ આવશે અને પોતાની પાંખો ફફડાવશે તો જન્નતીઓ એમની ઈચ્છાથી ખાશે, જે પ્રકારનું ખાણું ઈચ્છશે. ત્યાર પછી (જ્યારે જન્નતી એને ખાઈ લેશે તો) ઊડીને ચાલ્યાં જશે. જન્નતમાં ફળ પણ હશે, જે વજનનાં લઈ નમેલાં હશે. જ્યારે જન્નતી એને ખાવાની ઈચ્છા કરશે તો ડાળી આપાઆપ એની તરફ ફરી જશે, તો જન્નતી જે પ્રકારનાં ફળ ખાવા ઈચ્છે, ઊભા રહી અથવા બેસીને અથવા તો સૂતાંસૂતાં ખાઈ લેશે. આ વિશે જ અલ્લાહ તઆલાનો ઈરશાદ છે :

وَجَنَا الْجَنَّتَيْنِ دَانٍ ﴿٥٤﴾ (الرحمٰن ٥٥:٥٤)

અર્થ : (અને તે જન્નતનાં ફળ નમેલાં છે) અને તે જન્નતીઓના ખાદિમ મોતીઓની માફક (ખૂબસૂરત અને હસીન) હશે.

(જન્નતકે હસીન મનાઝિર : ૧૬૯/૧૭૦)

અઝીમુશ્શાન ઊંટોની સવારી

આયતે મુબારકહ :

يَوْمَ نَحْشُرُ الْمُتَّقِيْنَ اِلَى الرَّحْمٰنِ وَفْدًا ﴿٨٥﴾ (مريم ١٩:٨٥)

અર્થ : જે દિવસે અમે નેક લોકોને વફ્દની શકલમાં રહમાનના મહેમાન બનાવીશું—ની તફસીરમાં હઝરત નુઅ્માન બિન સઅદ રહમતુલ્લાહિ અલયહ બયાન કરે છે :

તમને જાણ હોવી જોઈએ, અલ્લાહની કસમ, તે (જન્નતી) હઝરાતને વફ્દની શકલમાં પગપાળા ચલાવવામાં નહી આવે, બલકે એમની પાસે એવા ઊંટ લાવવામાં આવશે, જે પ્રકારના—જે જાતીના

ઊંટ મખ્લૂકમાંથી કોઈએ કદી જોયા નહિ હોય, એમની ઉપર સોનાની અંબાડીઓ (કાઠડાઓ)હશે અને લગામ ઝબર્જદની હશે. (તેઓ આ રીતે શાનો–શોકતની સાથે) એમની ઉપર સવાર થઈને આવશે અને (પોત પોતાની) જન્નતના દરવાજા ખખડાવશે.

હદીસ : હઝરત અલી રદિયલ્લાહુ તઆલા અન્હૂ ફરમાવે છે કે, જેમણે અલ્લાહ તઆલાથી તકવા ઈખ્તિયાર કર્યો, તો તેઓને જન્નત તરફ સમૂહ બનાવીને લાવવામાં આવશે. જ્યારે તેઓ જન્નતના દરવાજા પૈકી એક દરવાજા પાસે પહોંચશે, તો ત્યાં એક એવું ઝાડ જોશે, જેની જડમાંથી બે ઝરણાં ફૂટતાં હશે, તેમાંથી એક ઝરણાં તરફ તેઓ જલદીથી એ પ્રમાણે જશે જેમકે તેઓને એ તરફ જવાનો હુકમ આપવામાં આવ્યો હોય. તેઓ એમાંથી પીશે તો એમનાં પેટમાં જે કંઈ તકલીફ, ગંદકી અથવા બીમારી હશે તે ખતમ થઈ જશે. પછી તેઓ બીજા ઝરણા તરફ જશે અને તેમાં ગુસ્લ કરશે તો એમની ઉપર નેઅ્મતોની બહાર આવી જશે અને ત્યાર પછી એમનાં શરીરમાં કોઈ પણ જાતનો વધારો–ઘટાડો નહિ થશે અને એમના વાળ વિખેરાશે નહિ (પરંતુ એવું લાગશે) જાણે તેઓએ તેલ લગાવી (વાળ ઓળી) રાખ્યા હોય. પછી તેઓ જન્નતના દરબાન પાસે પહોંચશે તો તે (દરબાન ઈઝ્ઝત કરતા અને તારીફ કરતાં) કહેશે :

سَلٰمٌ عَلَيْكُمْ طِبْتُمْ فَادْخُلُوْهَا خٰلِدِيْنَ ﴿٧٣﴾ (الزمر٣٩:٧٣)

અર્થ : તમારી ઉપર સલામતી નાઝિલ થાય, તમે મજામાં રહો, હવે આ (જન્નત)માં હંમેશા રહેવા માટે દાખલ થઈ જાઓ.

પછી તેઓનું સ્વાગત છોકરાઓ કરશે. તેઓ જન્નતીઓ ફરતે એ રીતે ફરશે, જે રીતે આ દુનિયામાં છોકરાઓ (ખુશી ખુશી) તે દોસ્તની આજુ બાજુ ફરે છે, જે ઘણાં લાંબા સમય પછી આવ્યો હોય, અને તેઓ કહેશે : તમે ખુશ થઈ જાઓ તે ઈનામ અને ઈઝ્ઝતથી, જે અલ્લાહ તઆલાએ આપ લોકો માટે તૈયાર કર્યાં છે.

પછી તે છોકરાઓ પૈકી એક છોકરો તે જન્નતીની હૂરે ઈન બીવીઓમાંથી કોઈ એક પાસે જઈ કહેશે કે ફલાણા આવી ગયા છે. પછી તે જન્નતીનું તે નામ લેશે, જે નામથી દુનિયામાં તેને બોલાવવા અને પુકારવામાં આવતો હતો. તો તે હૂર એ છોકરાને પૂછશે કે શું તેં એમને જોયા છે ? તો તે કહેશે હા ! હા ! મેં એમને જોયા છે, તે મારી પાછળ આવી રહ્યા છે. તો તે હૂરોમાંથી એક હૂર ખુશીથી ઊછળીને ઊભી થશે, અહિંયા સુધી કે તે પોતાના દરવાજાની ચોખટ (ચોકઠા) સુધી આવી જશે.

જ્યારે આ જન્નતી પોતાના (એક) મહેલ સુધી પહોંચશે તો એના બાંધકામના પાયા પર નજર નાખશે તો તે કિંમતી મોતીની ચટાન હશે, જેની ઉપર લીલા–પીળા અને લાલ–લીલા રંગનો એક મહેલ હશે. પછી તે પોતાની નજર મહેલની છત પર નાખશે તો તે વીજળીની જેમ (રોશન) હશે. જો અલ્લાહ તઆલાએ એને જોઈ બરદાશ્ત કરવાની જન્નતીને તાકાત ન આપી હોત તો તે (વીજળીની ચમકથી) પોતાની આંખે આંધળા થઈ જવાની તકલીફમાં પડી જાત. પછી તે પોતાનો ચેહરો ફેરવશે તો પોતાની બીવીઓને જોશે અને ચુનંદા પાણીના કૂજાઓ જોશે અને બરાબર બિછાવેલા ગાલીચા જોશે અને ઠેરઠેર– ઠેકઠેકાણે ફેલાયેલી બેઠકો જોશે. પછી એ નેઅ્મતોં નિહાળીને ટેકો લગાવી કહેશે :

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ هَدٰىنَا لِهٰذَا ۫ وَمَا كُنَّا لِنَهْتَدِیَ لَوْلَاۤ اَنْ هَدٰىنَا اللّٰهُ ۚ (الاعراف ۷:۴۳)

અર્થ : અલ્લાહ તઆલાનો શુક્ર છે, જેણે અમને અહીં સુધી પહોંચાડયા. જો અલ્લાહ તઆલાએ અમને હિદાયત ન આપી હોત તો અમે અહીં સુધી ક્યારેય ન પહોંચી શક્યા હોત.

પછી (જ્યારે બધા જન્નતીઓ પોતપોતાની જન્નતમાં પહોંચી